

રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER



Year : 16 | Issue : 267 | Dt. 7-11-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

દિલ્હીની હવા દૂષિત

દિવાળી પહેલા હવાની ગુણવત્તા બગડી, GRAP-3 પ્રતિબંધો લાગુ



નવીદિલ્હી , તા. ૬

શુક્રવારે દિલ્હી-એનસીઆરમાં વાયુ પ્રદૂષણનું સ્તર ''ગંભીર'' શ્રેણીની નજીક પહોંચી ગયું છે. ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન હેઠળ લાગુ કરાયેલ સ્ટેજ-૩ પ્રદૂષણ પ્રતિબંધો પણ અમલમાં આવ્યા છે. દિલ્હીનો સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક ૩૮૨ પર પહોંચી ગયો છે. આને ધ્યાનમાં રાખીને, કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટે સાવચેતીના પગલા તરીકે તાત્કાલિક અસરથી GRAP-3 પ્રતિબંધો લાગુ કર્યા છે. અગાઉ, સોમવાર (૨ નવેમ્બર) થી તાત્કાલિક અસરથી GRAP-2 લાગુ કરવામાં આવ્યો હતો. GRAP-3 માં બિન-આવશ્યક બાંધકામ અને તોડી પાડવાના કામ, જેમ કે માટીકામ, પાઇલિંગ, ટ્રેન્ચિંગ અને રેડી-મિક્સ કોંક્રિટ પ્લાન્ટના ખુલ્લા સંચાલન પર સંપૂર્ણ પ્રતિબંધ શામેલ છે. દિલ્હી-એનસીઆર જિલ્લાઓમાં રસ્તાઓ પર ઈજ-૩ પેટ્રોલ અને BS-4 ડીઝલ ફોર-વ્હીલ-ડ્રાઇવ વાહનો ચલાવવા પર પ્રતિબંધ રહેશે. વધુમાં, આંતરરાજ્ય ડીઝલ બસોને રાજધાનીમાં પ્રવેશવા અથવા ચલાવવા પર પ્રતિબંધ રહેશે. રેતી અને સિમેન્ટ જેવી સામગ્રીના પરિવહન પર પણ પ્રતિબંધો લાગુ રહેશે. કટોકટી અને આવશ્યક સેવાઓ સિવાય જનરેટર સેટનો ઉપયોગ પણ પ્રતિબંધિત છે. વાહનો દ્વારા થતા પ્રદૂષણને ઘટાડવા માટે, ખાનગી કંપનીઓને ઘરેથી કામ કરવાની અથવા હાઇબ્રિડ મોડેલ પર કામ કરવાની સલાહ આપવામાં આવી છે. નાના બાળકોને ઝેરી હવાથી બચાવવા માટે, પાંચમા ધોરણ સુધીની શાળાઓ બંધ કરવામાં આવી છે અને વર્ગો ઓનલાઈન યોજવામાં આવ્યા છે.

શુક્રવારે રાષ્ટ્રીય રાજધાનીમાં ધુમ્મસની જાડી ચાદર છવાઈ ગઈ હતી, જેના કારણે હવાની ગુણવત્તામાં તીવ્ર ઘટાડો થયો હતો. સવારે ૯ વાગ્યે, દિલ્હીના ૫૯ મોનિટરિંગ સ્ટેશનોમાંથી ૩૦ પર હવાની ગુણવત્તા ગંભીર શ્રેણીમાં નોંધાઈ હતી, જ્યારે બાકીનામાં હવાની ગુણવત્તા ખૂબ જ નબળી શ્રેણીમાં નોંધાઈ હતી. રોહિણીમાં સૌથી વધુ AQI ૪૭૫ નોંધાયું હતું, જ્યારે ભારતીય ટેકનોલોજી સંસ્થા દિલ્હીમાં ૪૭૨ નોંધાયું હતું. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અનુસાર, શૂન્ય અને ૫૦ વચ્ચેનો AQI 'સારો', ૫૧ અને ૧૦૦ 'સંતોષકારક', ૧૦૧ અને ૨૦૦ 'મધ્યમ', ૨૦૧ અને ૩૦૦ 'ખરાબ', ૩૦૧ અને ૪૦૦ 'ખૂબ જ ખરાબ' અને ૪૦૧ અને ૫૦૦ 'ગંભીર' માનવામાં આવે છે. 'ગંભીર' હવા ગુણવત્તા પછી ગ્રાફ ૩ લાગુ કરવામાં આવ્યો છે. AQI ૪૦૧ અને ૪૫૦ ની વચ્ચે છે, જે ખૂબ જ ખતરનાક સ્થિતિ છે. રાષ્ટ્રીય સુરક્ષા અને આવશ્યક પ્રોજેક્ટ્સ સિવાય તમામ બાંધકામ અને તોડી પાડવાના કામ પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે. દિલ્હી-NCRમાં BS-III પેટ્રોલ અને BS-IV ડીઝલ ચાર પૈડાવાળા વાહનોનો ઉપયોગ પણ પ્રતિબંધિત છે. આમાં પ્રાથમિક શાળાઓ બંધ કરવાનો પણ સમાવેશ થાય છે.

કર્ણાટક સરકારના લેબ રિપોર્ટથી દેશભરમાં ભારે ચર્ચા

પેટ્રોલમાં ૩૧.૨ ટકા ઇથેનોલ



નવીદિલ્હી , તા. ૬

કર્ણાટક સરકાર દ્વારા ઇથેનોલ મિશ્રણ અંગે કરવામાં આવેલી તપાસમાં મહત્વપૂર્ણ ખુલાસાઓનો દાવો કરવામાં આવી રહ્યો છે. રાજ્યના સાત જિલ્લાઓમાંથી એકત્રિત કરાયેલા ૬૩ પેટ્રોલ નમૂનાઓમાં ૨૦% થી વધુ ઇથેનોલનું સ્તર જોવા મળ્યું. IOCL નમૂનાઓમાં ૩૧.૨% સુધી ઇથેનોલનું પ્રમાણ પણ જોવા મળ્યું. કર્ણાટક સરકારે હવે ઓવર-બ્લેન્ડિંગ સામે કાર્યવાહી, નુકસાન માટે વળતર અને દરેક પંપ પર ફરજિયાત મિશ્રણ પ્રદર્શનની માંગ કરી છે. ઇથેનોલ સામગ્રી અંગે ઓઇલ માર્કેટિંગ કંપનીઓની અચોક્કસતા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આ પછી, IOCL, HPCL, BPCL, શેલ અને નાયરા જેવી મોટી તેલ કંપનીઓના કુલ ૬૩ પેટ્રોલ નમૂનાઓનું ખાનગી પ્રયોગશાળાઓમાં પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આ તારણો પછી, કર્ણાટક સરકારે કેન્દ્ર સરકાર પાસેથી કાર્યવાહીની વિનંતી કરી છે. રાજ્ય સરકારે મંત્રી સમક્ષ ઘણી માંગણીઓ કરી છે, જેમાં ઓવર-બ્લેન્ડિંગ માટે દંડ લાદવાનો સમાવેશ થાય છે. ૨૦% થી વધુ ઇથેનોલ સાથે પેટ્રોલ સપ્લાય કરતી તમામ ઓઇલ માર્કેટિંગ કંપનીઓ સામે કાર્યવાહી કરવી જોઈએ. ''E20 સ્પોઇલેજ ફંડ'' ની સ્થાપના કરવી જોઈએ અને આ ઈંધણથી જેમના વાહનોને નુકસાન થયું છે તેવા તમામ ગ્રાહકોને વળતર આપવું જોઈએ. દેશભરમાં ઇથેનોલ મિશ્રણ ટકાવારી દર્શાવવી ફરજિયાત બનાવવી જોઈએ, જેથી ગ્રાહકોને તેમનું બળતણ પસંદ કરવાનો વિકલ્પ મળે. દેશના દરેક બળતણ પંપ પર ઇથેનોલ મિશ્રણ ટકાવારી દર્શાવવી ફરજિયાત બનાવવી જોઈએ, જેથી ગ્રાહકો ઉપલબ્ધ વિવિધ મિશ્રણોમાંથી તેમની પસંદગીનું બળતણ પસંદ કરી શકે. ભારત સરકારે ગ્રાહકોને પૂરા પાડવામાં આવી રહેલા ઇથેનોલ મિશ્રણ ટકાવારીની વાસ્તવિકતા જાહેરમાં સ્પષ્ટ કરવી જોઈએ.

પરીક્ષણ પરિણામોના આધારે ઇથેનોલ મિશ્રણ સ્તર

- IOCL: 31.2%+
- HPCL: 30.5%
- HPCL: 27%
- BPCL: 26.5%
- Nayra: 26.1%
- Shell: 25.5%

પંજાબના રાજપુરા પાસે ચાલુ ટ્રેનમાં આગ

ચાર કોચ લપેટમાં આવતા મુસાફરોમાં નાસભાગ : ડરના કારણે મુસાફરોમાં જીવ બચાવવા દોડધામ



નવીદિલ્હી, તા. ૬

શુક્રવારે કર્મભૂમિ એક્સપ્રેસના ચાર ડબ્બાઓમાં આગ લાગતાં અફરાતફરી મચી ગઈ હતી. જોકે, આગ લાગવાનું કારણ અને નુકસાનનું પ્રમાણ હજુ સુધી જાણી શકાયું નથી. ઘટનાની પ્રત્યક્ષદર્શી વિગતો અનુસાર, જ્યારે ટ્રેન પૂરઝડપે દોડી રહી હતી ત્યારે જ અચાનક કોચમાંથી ધુમાડો નીકળવાની શરૂઆત થઈ હતી. જોતજોતામાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને ચાર જેટલા ડબ્બાઓને પોતાની લપેટમાં લઈ લીધા હતા. ટ્રેનની અંદર અચાનક આગ ફેલાઈ જતાં મુસાફરો જીવ બચાવવા માટે આમતેમ દોડવા લાગ્યા હતા. કેટલાક ડરના મારે મુસાફરોએ ચાલુ ટ્રેનમાંથી જ નીચે કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો. ટ્રેનની અંદર ફેલાયેલા ગાઢ ધુમાડાના કારણે અનેક મુસાફરોને શ્વાસ લેવામાં ભારે તકલીફનો સામનો કરવો પડ્યો હતો.

પંજાબના રાજપુરા નજીકથી રેલવે મુસાફરો માટે એક અત્યંત ચોંકાવનારા અને ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ, રાજપુરા નજીક સરાઈ બંજારા વિસ્તાર પાસેથી પસાર થઈ રહેલી એક્સપ્રેસ ટ્રેનના ચાર જેટલા કોચમાં અચાનક ભયાનક આગ લાગી હતી. ચાલુ ટ્રેને આગ ભભૂકી ઉઠતા મુસાફરોમાં ભારે અફરાતફરી અને ગભરાટનો માહોલ ફેલાઈ ગયો હતો. આગ એટલી વિકરાળ હતી કે તેના ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી આકાશમાં ફેલાયેલા નજરે પડ્યા હતા, જેને જોઈને આસપાસના લોકો પણ ચિંતામાં મુકાઈ ગયા હતા.

આ ભયાનક દુર્ઘટના અંગે રેલવે તંત્ર અને સ્થાનિક પ્રશાસનને જાણ થતા જ રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. ફાયર ફાઇટર અને તંત્રની ટીમોએ ઘટનાસ્થળે પહોંચીને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. પ્રાથમિક અહેવાલો મુજબ, આ ભીષણ આગની ઝપેટમાં આવવાથી કેટલાક મુસાફરો સહેજ દાઝી ગયા હોવાનું કે ઈજાગ્રસ્ત થયાનું સામે આવ્યું છે. જોકે રાહતની વાત એ છે કે આ અકસ્માતમાં સદભાગ્યે કોઈ પણ પ્રકારની જાનહાનિ નોંધાઈ નથી, જેના કારણે તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો છે. રેલવેના આ ભયંકર અકસ્માત પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી સત્તાવાર રીતે બહાર આવ્યું નથી. શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ ટેકનિકલ ખામીના કારણે આ આગ લાગી હોઈ શકે છે તેવી પ્રાથમિક આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, પરંતુ આ બાબત સંપૂર્ણપણે તપાસનો વિષય છે. રેલવે વિભાગ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા આ મામલે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરવામાં આવી છે જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓથી બચી શકાય અને સાચા કારણો જાણી શકાય.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને કારણે રોકાણકારોમાં ભારે ફફડાટ
શેરબજારમાં અચાનક મોટો કડાકો બોલાતા લાગી ઇમરજન્સી બ્રેક

AIના ભયથી વૈશ્વિક શેરબજારો ધરાશાયી



રાજકોટ, તા. ૬

યુએસ શેરબજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો, જેમાં રોકાણકારોના લગભગ ૩ ટ્રિલિયન અથવા ₹૨૭૦ લાખ કરોડથી વધુનું ધોવાણ થયું. આ ઘટાડામાં SP ૫૦૦ ૩% થી વધુ ઘટ્યો. ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ પણ ૪% થી વધુ ઘટ્યો. નાસ્ડેક ૫.૫૨% ઘટીને ૨૪,૩૧૫.૦૦ પોઈન્ટ પર બંધ થયો. આ ઘટાડા પાછળ AI વિશે ભય હોવાનું માનવામાં આવે છે. યુએસ મધ્યવર્તી ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીની જીત બાદ, રોકાણકારો AI ડેટા સેન્ટરો અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ પર નવા નિયંત્રણોનો ભય રાખે છે. આનાથી AI કંપનીઓની ભાવિ કમાણી અને નોંધપાત્ર રોકાણો પર પ્રશ્નો ઉભા થયા છે.

ચિપ કંપનીઓમાં તીવ્ર વેચવાલીથી ઘટાડા વધુ વકરી. AIના આ ભયથી દક્ષિણ કોરિયન બજારમાં ગભરાટ ફેલાયો. શુક્રવારે, દક્ષિણ કોરિયન બજાર KOSPI ખુલતા જ ૮% થી વધુ ઘટ્યું, નીચલા સર્કિટ પર પહોંચ્યું. શરૂઆતના ટ્રેડિંગમાં, તે ૮.૫ ટકા ઘટીને ૫,૦૦૦ ના સ્તરથી નીચે સરકી ગયું. નીચલા સર્કિટ પર પહોંચ્યા પછી ૨૦ મિનિટ માટે ટ્રેડિંગ બંધ રાખવામાં આવ્યું.

કોસ્પી પછી, સૌથી વધુ અસરગ્રસ્ત એશિયન બજાર જાપાન છે, જ્યાં નિક્કી ૬ ટકા અથવા ૩,૬૦૦ પોઈન્ટથી વધુ ઘટીને ૫૭,૪૩૪.૭૭ પર પહોંચી ગયું છે. આ જાપાની બજાર એક મહિનામાં ૧૮ ટકાથી વધુ ઘટી ગયું છે. જ્યારે એશિયન બજારો ઘટી રહ્યા છે, ત્યારે ભારતીય બજારમાં મજબૂત તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સ ૯૦૦ પોઈન્ટ વધીને ૮૦,૦૦૦ ના સ્તરને પાર કરી ગયો છે. નિફ્ટી ૨૦૦ પોઈન્ટ વધીને ૨૪,૭૪૦ ને પાર કરી ગયો છે. ભારતીય બજારમાં મજબૂત તેજી જોવા મળી છે, પરંતુ રોકાણકારોના પોર્ટફોલિયો લાલ નિશાનમાં છે. નિષ્ણાતો કહે છે કે મિડ- અને સ્મોલ-કેપ શેરોમાં લગભગ ૨%નો ઘટાડો થયો છે, અને મોટાભાગના રોકાણકારો ફક્ત મિડ- અને સ્મોલ-કેપ શેરો જ ધરાવે છે. તેથી, તેમના પોર્ટફોલિયો લાલ નિશાનમાં છે. બીજી તરફ, લાર્જ-કેપ શેરો ધરાવતા રોકાણકારો સારું પ્રદર્શન કરી રહ્યા છે.

ધનતેરસે ગુજરાતમાં ૧૫૦ કિલો સોનાનું વેચાણ

ઘટેલા ભાવે બજારમાં ખરીદદારોનો ઘસારો! : જીએસટી અને મેકિંગ ચાર્જિસ (ઘડામણ) ઉમેર્યા વિના પણ આ સોના ખરીદીનું મૂલ્ય આશરે ₹૨૧૦ કરોડ જેટલું



અમદાવાદ, તા. ૬

દિવાળીના પાવન પર્વોની શરૂઆત સાથે જ સમગ્ર ગુજરાતના બજારોમાં ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી રહી છે. આ તહેવારી માહોલ વચ્ચે ધનતેરસના શુભ દિવસે સોના-ચાંદીના બજારમાં ભારે રોનક જોવા મળી છે. તાજેતરમાં સોનાના ભાવમાં આવેલા તીવ્ર ઘટાડાને કારણે ગ્રાહકો ફરી એકવાર મોટી સંખ્યામાં જ્વેલરી શોરૂમ્સ અને બજારો તરફ વળ્યા છે, જેના પરિણામે સમગ્ર રાજ્યમાં કરોડો રૂપિયાનો સોનાનો વેપાર નોંધાયો છે.

સોના-ચાંદીના જથ્થાબંધ વેપારના પ્રાથમિક અંદાજો અનુસાર, ધનતેરસના દિવસે સમગ્ર ગુજરાતમાં આશરે ૧૫૦ કિલો સોનાનું વેચાણ થયું છે. 'ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન'ના બેન્ચમાર્ક દરો મુજબ, જીએસટી અને મેકિંગ ચાર્જિસ (ઘડામણ) ઉમેર્યા વિના પણ આ સોના ખરીદીનું મૂલ્ય આશરે ₹૨૧૦ કરોડ જેટલું થાય છે. રાજ્યના આ કુલ વેચાણમાં રાજ્યના આર્થિક પાટનગર સમાન અમદાવાદ શહેરનો હિસ્સો સૌથી વધુ રહ્યો છે. એકલા અમદાવાદમાં જ ૬૦ થી ૮૦ કિલો સોનાનો વેપાર થયો હતો, જેનું મૂલ્ય ₹૮૫ કરોડથી ₹૧૧૩ કરોડની વચ્ચે આંકવામાં આવ્યું છે. આ આંકડો ધનતેરસે સમગ્ર રાજ્યમાં વેચાયેલા કુલ સોનાના આશરે ૪૦ થી ૫૩ ટકા જેટલો વિશાળ હિસ્સો દર્શાવે છે.

આ વખતે સોનાના વેચાણમાં થયેલા આંગીરા ઉછાળા પાછળ તાજેતરમાં ભાવમાં આવેલો મોટો ઘટાડો મુખ્ય કારણ માનવામાં આવે છે. ચાલુ વર્ષના શરૂઆતી ગાળામાં, એટલે કે ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ વૈશ્વિક પરિબળો, સેન્ટ્રલ બેન્કોની સળંગ ખરીદી, વ્યાજદરમાં ઘટાડાની અપેક્ષાઓ અને સલામત રોકાણની માંગને કારણે ખઈડ સોનાના વાયદાએ પ્રતિ ૧૦ ગ્રામ ₹૧,૮૦,૭૭૯ નો સર્વોચ્ચ (ઓલ-ટાઇમ હાઇ) ભાવ સ્પર્શ્યો હતો. જોકે, ત્યારબાદ ઓક્ટોબરના અંત સુધીમાં ભાવ ₹૧,૪૩,૦૦૦ થી ₹૧,૪૪,૦૦૦ ની આસપાસ સ્થિર થયા હતા. ચાલુ સમાહે વોલ સ્ટ્રીટ પર અઈ સેક્ટરથી શરૂ થયેલી વેચવાલીની અસર વૈશ્વિક બજારો પર પડતાં સોનાના ભાવમાં વધુ ઘટાડો નોંધાયો હતો.

ધનતેરસના દિવસે સવારે ઈઈઉંઅ દ્વારા ૨૪-કેરેટ (૯૯૯) સોના માટે પ્રતિ ૧૦ ગ્રામ ₹૧,૪૧,૦૨૩ નો બેન્ચમાર્ક દર નક્કી કરવામાં આવ્યો હતો, જે આગલા દિવસ એટલે કે ગુરુવારના દર કરતાં ₹૨,૯૨૭ જેટલો ઓછો હતો. જ્યારે ઘરેણાં બનાવવા માટે વપરાતા ૨૨-કેરેટ (૯૧૬) સોનાનો દર ₹૧,૨૯,૧૭૭ રહ્યો હતો. રિટેલ બજારની વાત કરીએ તો, અમદાવાદમાં ૨૪-કેરેટ સોનું આશરે ₹૧,૪૫,૬૩૮ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૨-કેરેટ સોનું આશરે ₹૧,૩૩,૪૦૪ માં વેચાયું હતું. આમ, ઓલ-ટાઇમ હાઇ દરની સરખામણીએ સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામ આશરે ₹૩૯,૭૫૦ નો એટલે કે લગભગ ૨૨ ટકાનો સીધો ઘટાડો જોવા મળ્યો હતો, જેણે ખરીદદારો માટે સુવર્ણ તક ઊભી કરી હતી.

હાઈકોર્ટ, CMO–મોદી સ્ટેડિયમને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

ખાલિસ્તાની આતંકી સંગઠનોનું કનેક્શન સામે આવતા હડકંપ : આગામી ૮ નવેમ્બરથી ૨૭ નવેમ્બર દરમિયાન શ્રેણીબદ્ધ વિસ્ફોટ કરવાની ચીમકી



રાજકોટ, તા. ૬

ગુજરાતમાંથી અત્યંત ચોંકાવનારા અને રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને હચમચાવી નાખનારા સમાચાર સામે આવ્યા છે, જ્યાં ગુજરાત હાઈકોર્ટને બોમ્બ બ્લાસ્ટથી ઉડાવી દેવાની ધમકી આપતો એક અત્યંત સંવેદનશીલ ઈ-મેઈલ મળતા પોલીસ બેડામાં ભારે દોડધામ મચી ગઈ છે. સવારે ૮:૪૩ વાગ્યે મોકલવામાં આવેલા આ ધમકીભર્યા ઈ-મેઈલને કારણે ગુજરાત સહિત દેશભરની સુરક્ષા એજન્સીઓ સફાળી જાગી ગઈ છે. આ ઈ-મેઈલ માત્ર હાઈકોર્ટ પૂરતો સીમિત નથી, પરંતુ તેમાં ગુજરાતના મુખ્યમંત્રી કાર્યાલય (CMO) તેમજ અમદાવાદના વિશ્વપ્રસિદ્ધ નરેન્દ્ર મોદી સ્ટેડિયમને પણ નિશાન બનાવવાની ગંભીર ધમકી ઉચ્ચારવામાં આવી છે. આટલું જ નહીં, ઈ-મેઈલમાં આગામી ૮ નવેમ્બરથી ૨૭ નવેમ્બર દરમિયાન રાજ્યના અલગ-અલગ મહત્ત્વપૂર્ણ સ્થળોએ શ્રેણીબદ્ધ બોમ્બ ધમાકા કરવાની વાત પણ કહેવામાં આવી છે, જેના કારણે પ્રશાસન ચિંતામાં મુકાઈ ગયું છે.

આ સમગ્ર પ્રકરણમાં સૌથી મોટો અને ખળભળાટ મચાવનારો ખુલાસો એ છે કે આ ધમકી પાછળ 'ખાલિસ્તાન નેશનલ આર્મી' (KNA) અને 'બબ્બર ખાલસા' જેવા કુખ્યાત આતંકી સંગઠનોના નામ જોડવામાં આવ્યા છે. આ આતંકી સંગઠનોના ઉલ્લેખે મામલાને વધુ ગંભીર બનાવી દીધો છે. માત્ર ગુજરાત જ નહીં, પરંતુ ઉત્તર પ્રદેશના અયોધ્યા, કાશી અને મથુરાનાં પૌરાણિક અને ધાર્મિક મંદિરોને પણ નિશાન બનાવવાની ધમકી આ જ ઈ-મેઈલ દ્વારા આપવામાં આવી છે. ઈ-મેઈલમાં ખાસ કરીને નવેમ્બર ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોનો બદલો લેવાની વાત લખવામાં આવી છે, જેને ધ્યાનમાં રાખીને ગુપ્તચર એજન્સીઓ અને સુરક્ષા દળો વધુ સતર્ક અને સક્રિય બની ગયા છે. ધમકીના પગલે બપોરે ૧:૧૧ કલાકે બ્લાસ્ટ કરવાની વાત સામે આવતા જ પોલીસ તંત્રમાં તાત્કાલિક ઈમરજન્સી એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું હતું.

ઈમેઈલની આ અત્યંત ગંભીરતાને ધ્યાનમાં રાખીને ત્વરિત અને આક્રમક કાર્યવાહી કરવામાં આવી છે. સોલા પોલીસ સ્ટેશનની વિશેષ ટીમ તાત્કાલિક ગુજરાત હાઈકોર્ટ પરિસરમાં દોડી ગઈ હતી અને બોમ્બ સ્કવોડ તથા ડોગ સ્કવોડની મદદથી હાઈકોર્ટના ખૂણે-ખૂણે સઘન ચેકિંગ અને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. હાલમાં આ ધમકીભર્યો ઈ-મેઈલ ક્યાંથી, કોણે અને કયા નેટવર્કનો ઉપયોગ કરીને મોકલ્યો છે તેની ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે સાયબર ક્રાઈમ બ્રાન્ચ અને ટેકનિકલ ટીમો કામે લાગી ગઈ છે. રાજ્યભરમાં સુરક્ષાનું સ્તર અત્યંત કડક કરી દેવામાં આવ્યું છે અને દરેક શંકાસ્પદ ગતિવિધિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

દિવાળી પૂર્વે પુરવઠા વિભાગની સુપરસોનિક કામગીરી

ગોડાઉનો રાત-દિવસ ધમધમતા રાખીને નવેમ્બર માસનો એડવાન્સ જથ્થો ડોર સ્ટેપ ડિલિવરીથી પહોંચાડાયો

અનાજ અને ખાંડનો ૧૦૦% જથ્થો ઉપલબ્ધ

રાજકોટ, તા. ૬

રાજ્યમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની કામગીરીમાં છેલ્લા કેટલાક સમયથી આવેલા આમૂલ પરિવર્તને સૌનું ધ્યાન ખેંચ્યું છે. અગાઉ તહેવારોની મોસમ કે મહિનાની શરૂઆતમાં જથ્થો સમયસર ન મળવાને કારણે વેપારીઓ અને રાશનકાર્ડ ધારકો દ્વારા જે ફરિયાદોના સુર ઉઠતા હતા, તે હવે સાવ શાંત થઈ ગયા છે. સ્થિતિ એવી છે કે ચાલુ નવેમ્બર માસની હજુ તો સાવ શરૂઆત જ થઈ છે, ત્યાં જ રાજ્યભરની અંદાજે ૧૭ હજાર જેટલી વાજબી ભાવની દુકાનો પર અનાજ, કઠોળ અને ખાંડનો પૂરતો જથ્થો અગાઉથી જ પહોંચી ચૂક્યો છે.

સૂત્રોના અહેવાલ મુજબ, દિવાળીના તહેવારો દરમિયાન રાજ્યના કોઈપણ નાગરિકને રાશન મેળવવામાં કોઈ મુશ્કેલી ન નડે તે માટે પુરવઠા નિગમે ઓક્ટોબર મહિનાથી જ આગોતરી રણનીતિ અપનાવી હતી. તહેવારોના માહોલ અને રજાઓની વચ્ચે પણ સરકારી ગોડાઉનો વહેલી સવારથી મોડી રાત સુધી ધમધમતા રાખવામાં આવ્યા હતા. અધિકારીઓ અને કર્મચારીઓની સક્રિયતાના કારણે ડોર સ્ટેપ ડિલિવરી (DSD) ની પ્રક્રિયાને વેગ મળ્યો અને રજાના દિવસોમાં પણ વાહનવ્યવહાર ચાલુ રાખીને દુકાનો સુધી માલ પહોંચાડવાનું અભિયાન સફળ બનાવવામાં આવ્યું.

વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ પર નજર કરીએ તો, વિતરણ વ્યવસ્થા કેટલી સચોટ રહી છે તેનો ખ્યાલ આવે છે. ઘઉંની ફાળવેલી ૬૮,૬૦૦ મેટ્રિક ટન પરમિટ સામે ૬૮,૫૦૩ મેટ્રિક ટન (૯૯.૯૧%), અને ચોખાની ૮૬,૨૫૨ મેટ્રિક ટન સામે ૮૬,૧૭૦ મેટ્રિક ટન (૯૯.૯૦%) જથ્થો દુકાનો સુધી મોકલી દેવાયો છે. આ ઉપરાંત ચણા (૫,૮૮૫ મે.ટન), તુવેર દાળ (૫,૯૭૮ મે.ટન)



અને ખાંડ (૪,૧૯૪ મે.ટન) નો પૂરેપૂરો ૧૦૦ ટકા જથ્થો સમયસર એફ.પી.એસ. સુધી ઠાલવી દેવામાં આવ્યો છે.

આ અગાઉના આયોજનને કારણે હાલમાં દુકાનદારોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને તેઓ કોઈપણ વિલંબ વગર લાભાર્થીઓમાં જથ્થાનું વિતરણ કરી રહ્યા છે. તહેવારો ટાણે જ ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને મળવાપાત્ર અનાજ વિનાવિઘ્ને મળી રહેતા પુરવઠા તંત્રની આ કામગીરી પ્રશંસનીય બની રહી છે.

દારૂબંધી પર સનસનાટીભર્યા નિવેદનો

ગુજરાતમાં દારૂબંધી કરો સદંતર નાબૂદ

મહેફિલકાંડ બાદ બિલ્ડર નેતાની ખુલ્લી હિમાયત : કાગળ પરનો કાયદો અને ૩૦,૦૦૦ કરોડની આર્થિક લોભામણી ગણતરી



રાજકોટ, તા. ૬

રાજકોટની સરઝા હોટેલમાં ઝડપાયેલા હાઈ-પ્રોફાઈલ દારૂ મહેફિલકાંડના ઘા હજુ રૂઝાયા નથી ત્યાં જ ગુજરાતના ડ્રાય સ્ટેટ એટલે કે દારૂબંધીના કાયદા સામે એક નવો અને આક્રમક વૈચારિક વિસ્ફોટ થયો છે, જ્યાં બિલ્ડર એસોસિએશનના ઉપપ્રમુખ ધ્રુવિક પટેલના વાયરલ થયેલા એક નવા વીડિયોએ રાજ્યના રાજકીય, સામાજિક અને આર્થિક ગલિયારાઓમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે. કાયદાની કાગળ પરની મર્યાદાઓ અને જમીની વાસ્તવિકતા વચ્ચેની ખાઈને ઉજાગર કરતા આ નિવેદને ફરી એકવાર ગુજરાતમાં દારૂબંધીના વ્યાજબીપણા અને તેના કડક અમલ સામે ગંભીર સવાલો ખડા કર્યા છે.

વીડિયોમાં બેધડક અંદાજમાં પોતાની વાત રજૂ કરતા ધ્રુવિક પટેલે સરકાર સમક્ષ એક વ્યવહારુ અને ધરમૂળથી બદલાવ લાવનારું સૂચન મૂકતા જણાવ્યું છે કે રાજ્યમાં દારૂબંધી માત્ર નામ પૂરતી જ કાગળ પર બચી છે, ત્યારે સરકારે હવે દંભ છોડીને વ્યાવહારિક દ્રષ્ટિકોણ અપનાવવો અનિવાર્ય બની ગયું છે. તેમના આ દાવા મુજબ જો સત્તાવાર રીતે આ પ્રતિબંધ હટાવી દેવામાં આવે, તો એક્સાઇઝ ડ્યુટી અને જીએસટીના માધ્યમથી સરકારની ખાલી ખખડતી તિજોરીમાં વાર્ષિક અંદાજે રૂ. ૩૦,૦૦૦ કરોડની માતબર આવક ઠાલવી શકાય છે, જેનો સીધો ઉપયોગ રાજ્યના ખૂણેખૂણે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ સરકારી શાળાઓ અને ગરીબો માટે તદ્દન નિઃશુલ્ક સારવાર આપતી અદ્યતન હોસ્પિટલો તથા દવાખાનાઓ ઊભા કરવા માટે થઈ શકે છે.

આર્થિક લાભોના પક્ષમાં તર્ક આપતા બિલ્ડર નેતાએ ઉમેર્યું હતું કે માત્ર સરકારી તિજોરી જ નહીં પરંતુ તેનાથી રાજ્યના બિઝનેસ ઇકોસિસ્ટમને પણ મોટો વેગ મળશે કારણ કે કાયદેસરની છૂટછાટ મળવાથી બહારના રાજ્યોમાંથી આવતા ઉદ્યોગપતિઓ, ગ્લોબલ ઇન્વેસ્ટરો અને પ્રવાસીઓ માટે અનુકૂળ માહોલ બનશે અને પડોશી રાજ્યો કે કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગુજરાતના નાગરિકો દ્વારા જે કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે તે સમગ્ર મૂડી હવે રાજ્યની સ્થાનિક બજારોમાં જ પરિભ્રમણ કરતી થશે, જેનાથી હોસ્પિટાલિટી, ટુરિઝમ અને રિયલ એસ્ટેટ સહિતના તમામ નાના-મોટા વ્યાપારી એકમોને મોટો આર્થિક ઉછાળો મળશે. સમાજના પ્રબુદ્ધ વર્ગ, યુવા પેઢી અને વેપારી આલમને ખુલીને બોલવા માટે આહ્વાન કરતા તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે હવે સમય આવી ગયો છે કે લોકો ડર્યા વગર દારૂબંધીની જમીની હકીકતો સરકાર અને સમાજ સમક્ષ રજૂ કરે અને મારો સ્પષ્ટ તથા અંગત મત છે કે ગુજરાતમાંથી હવે દારૂબંધી સદંતર નાબૂદ થવી જોઈએ. રાજકોટની તાજેતરની ઘટના બાદ સોશિયલ મીડિયા પર આ મુદ્દે દારૂબંધીના સમર્થકો અને વિરોધીઓ વચ્ચે જોરદાર વાદ-વિવાદ અને ચર્ચાઓનો દોર શરૂ થઈ ગયો છે, ત્યારે આ સળંગ અને બેબાક નિવેદને નીતિ-નિયમોની છીંડીઓ વચ્ચે ગુજરાતમાં દારૂબંધીના ભવિષ્યને લઈને એક નવો જ સામાજિક-રાજકીય મોરચો ખોલી દીધો છે.

'રંગ, રોશની–દિપાવલી ઉત્સવ'નો ભવ્ય પ્રારંભ

માધવરાવ સિંધિયા ક્રિકેટ મેદાન ખાતે યોજાયો આતશબાજી-આધુનિક લેસર શો

રાજકોટ, તા. ૬

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોના જીવનમાં આનંદ, ઉમંગ અને ઉત્સાહના રંગો પૂરવા માટે તા. ૬ થી ૮ નવેમ્બર દરમિયાન 'રંગ, રોશની અને રાજકોટ દિપાવલી ઉત્સવ'નો શાનદાર શુભારંભ કરવામાં આવ્યો છે. ધનતેરસના પવિત્ર અવસરે કિસાનપરા ચોક અને રેસકોર્સ વિસ્તાર રોશની, સ્વાદ અને આતશબાજીના ત્રિવેણી સંગમથી ઝળહળી ઉઠ્યો હતો.

આ ઉત્સવ અંતર્ગત તા. ૬ નવેમ્બરના રોજ સાંજે ૦૬:૦૦ કલાકે બાલભવન પાસેથી સ્વિચ દબાવીને રેસકોર્સ રિંગ રોડ ફરતે મનમોહક રોશનીનો શુભારંભ કરાયો હતો, જેણે સમગ્ર વિસ્તારને દિવાળીના માહોલમાં રંગી દીધો છે. ત્યારબાદ સાંજે ૦૬:૧૫ કલાકે રેસકોર્સ ગ્રાઉન્ડમાં રમેશભાઈ પારેખ રંગદર્શન ખાતેથી પાંચ દિવસીય ફૂડ ફેસ્ટિવલનો પ્રારંભ કરાયો હતો, જ્યાં ખાણીપીણીના શોખીનો વિવિધ સ્ટ્રીટ ફૂડનો આનંદ માણી શકશે. આ સાથે જ સાંજે ૦૭:૦૦ કલાકે માધવરાવ સિંધિયા ક્રિકેટ મેદાન ખાતે યોજાયેલ ભવ્ય



આતશબાજી અને આધુનિક લેસર શોએ આકાશમાં રંગબેરંગી રંગોળીઓ રચીને નાગરિકોના મન પ્રફુલ્લિત કરી દીધા હતા.

મેયર ડો. નેહલ શુક્લે વિશાળ જનમેદનીને દિવાળીની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે આ વર્ષે ઉત્સવમાં ફૂડ ફેસ્ટિવલ અને ટેબ્લો કાર્નિવલ જેવા બે નવા આકર્ષણો ઉમેરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત'ના સંકલ્પમાં સહભાગી થવા તેમણે નાગરિકોને જાહેરમાં કચરો ન ફેંકવાનો અને રાજકોટને સ્વચ્છ તથા સુંદર બનાવવાનો નાનકડો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશ પીપળીયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું તેમજ સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન મનીષ ભટ્ટ અને વાઈસ ચેરમેન જ્યોત્સનાબેન ટીલાળા દ્વારા મહાનુભાવોનું સ્વાગત અને આભારવિધિ કરવામાં આવી હતી.

દિવાળી પર્વની ઉજવણીને આગળ વધારતા આવતીકાલે તા. ૭ નવેમ્બર, શનિવારના રોજ કાળી ચૌદસ નિમિત્તે સાંજે ૦૭:૦૦ કલાકે રેસકોર્સ રિંગ રોડ ફરતે રંગોળી સ્પર્ધા અને છ ફ્લોટ્સ સાથેના ભવ્ય ટેબ્લો કાર્નિવલનું ઉદ્ઘાટન કરવામાં આવશે, જે તા. ૭ અને ૮ નવેમ્બર એમ બે દિવસ સુધી યોજાશે. આ ટેબ્લો પરેડમાં સામાજિક અને સાંસ્કૃતિક સંદેશાઓ સાથે મિકી માઉસ અને અન્ય આકર્ષક પાત્રો જોવા મળશે.

રાજકોટ મહાનગરપાલિકાના મેયર, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા ડો. હિરેનભાઈ ખીમાણિયા, દંડક સંજયસિંહ રાણા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન મનીષ ભટ્ટ તેમજ ડી.સી.પી. હેતલબેન પટેલ સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ તમામ કાર્યક્રમોમાં શહેરના નાગરિકોને પરિવાર અને મિત્રો સાથે મોટી સંખ્યામાં જોડાઈને દિવાળીના પર્વની ખુશીઓ માણવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

બઢતી પામેલા કર્મચારીઓ હાલની જગ્યા પર જ બજાવશે ફરજ

સચિવાલયના ૬૪ DySOને બઢતી

ગાંધીનગર, તા. ૬

દિવાળીના પવિત્ર તહેવાર ટાણે ગુજરાત સરકારે સચિવાલયના કર્મચારીઓ માટે ખુશીના સમાચાર આપતાં મોટો નિર્ણય લીધો છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જારી કરાયેલા મહત્વપૂર્ણ આદેશ અનુસાર, સચિવાલય કેડરના ૬૪ જેટલા નાયબ સેક્શન અધિકારીઓને સેક્શન અધિકારી તરીકે બઢતી આપવામાં આવી છે. દિવાળી ટાણે જ પ્રમોશનના ઓર્ડર છૂટતાં જ સચિવાલયના કર્મચારી આલમમાં હરખની હેલી જોવા મળી રહી છે.

આ બઢતીમાં સૌથી મહત્વની અને રાહતરૂપ બાબત એ છે કે તમામ ૬૪ અધિકારીઓને બદલીની ઝંઝટમાંથી મુક્તિ આપવામાં આવી છે. બઢતી પામેલા તમામ કર્મચારીઓ હાલ જે જગ્યા અને વિભાગમાં પોતાની ફરજ બજાવી રહ્યા છે, તે જ જગ્યાએ સેક્શન અધિકારી તરીકે પોતાની સેવાઓ ચાલુ રાખશે. તહેવારો ટાણે જ સરકાર તરફથી



મળેલી આ 'દિવાળી ભેટ'થી સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓમાં ભારે ઉત્સાહ છવાઈ ગયો છે.

સરકાર દ્વારા આ નિર્ણયમાં વહીવટી સરળતા જળવાઈ રહે તે માટે એક વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. બઢતી મેળવનાર તમામ ૬૪ સેક્શન અધિકારીઓ હાલ જે વિભાગ કે જગ્યા પર પોતાની ફરજ બજાવી રહ્યા છે, તેઓએ અન્યત્ર બદલી કરવાને બદલે પોતાની હાલની જગ્યા પર જ કામગીરી ચાલુ રાખવાની રહેશે. આ નિર્ણયથી વહીવટી કામગીરીમાં કોઈ અડચણ ઊભી થશે નહીં અને કામકાજ વધુ વેગવાન બનશે.

દિવાળી ટાણે આગની અનેક ઘટના

માત્ર ૧૩ કલાકમાં ૬ વિસ્તારોમાં આગ ભભૂકી, ફાયર બ્રિગેડની સતર્કતાથી ટળ્યો મોટો અનર્થ

રાજકોટ, તા. ૬

દિવાળીના પર્વની રંગત જામવાની સાથે જ શહેરમાં આગના બનાવોમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. તહેવારના માહોલ વચ્ચે ગઈકાલે રાત્રે ૮ વાગ્યાથી લઈને આજે સવારે ૯ વાગ્યા સુધીના માત્ર ૧૩ કલાકના ટૂંકા સમયગાળામાં રાજકોટના અલગ-અલગ વિસ્તારોમાંથી અંદાજે છ જેટલા સ્થળોએ આગ લાગવાની ઘટનાઓ સામે આવી છે. રામાપીર ચોક, એસઆરપી કેમ્પ સામે, રેલનગર, ગોંડલ રોડ, ગંજીવાડા મેઈન રોડ અને જ્યોતિનગર ચોક સહિતના વિસ્તારોમાં એક પછી એક આગના બનાવો બનતા લોકોમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, રાહતની અને સંતોષજનક વાત એ રહી કે ફાયર વિભાગની અલગ-અલગ ટીમોને જેવી જ આ ઘટનાઓની જાણ થઈ કે તુરંત જ તેઓ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લીધો હતો, જેના કારણે સદનસીબે આ તમામ બનાવોમાં કોઈ જાનહાનિ કે મોટી દુર્ઘટના સર્જાઈ નહોતી.

પ્રાપ્ત વિગતો મુજબ, આગ લાગવાની શરૂઆત ગઈકાલે રાત્રે એસઆરપી કેમ્પ સામે આવેલા વિસ્તારથી થઈ હતી, જ્યાં રાત્રે અંદાજે ૮ વાગ્યાના અરસામાં 'અ રાઈસ હાઈટ'ની બાજુમાં આવેલા ખુલ્લા પ્લોટમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આ બનાવની જાણ થતાં જ રામાપીર ફાયર સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને અંદાજે ૨૦થી ૨૫ મિનિટ સુધી સતત પાણીનો મારો ચલાવીને આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. આ ઘટના હજી માંડ કાબૂમાં આવી ત્યાં તો રામાપીર ચોક નજીક આવેલા ઊગતા પોરની મેલડી માં રોડ પર મારવાડી બિલ્ડિંગની સામે આવેલા અન્ય એક ખુલ્લા પ્લોટમાં પણ આગ લાગવાની ઘટના સામે આવી હતી. આ બનાવની જાણ થતાં જ રામાપીર ફાયર સ્ટેશનની ટીમ તુરંત જ ત્યાં પહોંચી ગઈ હતી અને અંદાજે ૧૫થી ૨૦ મિનિટ સુધી જહેમત ઉઠાવી આગને ડામી દીધી હતી. ખાસ કરીને આ પ્લોટની સામે આવેલા એક



વાડામાં પણ આગ પ્રસરી ગઈ હોવાથી ફાયર જવાનોએ ત્યાં પણ તાત્કાલિક પાણીનો મારો ચલાવી આગ વધુ ફેલાતી અટકાવી હતી.

શહેરમાં આગના બનાવો માત્ર રાત્રે જ નહીં પરંતુ મોડી રાત સુધી યથાવત રહ્યા હતા. કાલાવડ રોડ પર આવેલા ક્રિસ્ટલ મોલની બાજુમાં નંદી પાર્ક, શેરી નંબર-૧ નજીક આવેલા એક ખુલ્લા પ્લોટમાં ગત રાત્રે આશરે ૧૧ વાગ્યાના અરસામાં કચરાના ઢગલામાં રહસ્યમય સંજોગોમાં આગ ફાટી નીકળી હતી. આ બનાવની જાણ થતાં જ કાલાવડ રોડ ફાયર સ્ટેશનની ટીમ ત્વરિત ગતિએ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને અંદાજે ૧૫થી ૨૦ મિનિટની ભારે જહેમત બાદ આગને સંપૂર્ણપણે ઓલવી નાખી હતી. આ ઉપરાંત, ગોંડલ રોડ પર આવેલા રાજકમલ પેટ્રોલ પંપ નજીક આવેલા મારુતિ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં એક ટ્રાન્સફોર્મરમાં આગ લાગવાની વધુ એક ઘટના સામે આવી હતી, જેના કારણે આસપાસના વિસ્તારમાં થોડીવાર માટે ફફડાટ વ્યાપી ગયો હતો. આ બનાવની જાણ થતાં જ નાગરિક બેંક ફાયર સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ભારે સાવચેતીપૂર્વક પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લીધો હતો.

આગની આ હારમાળામાં ગંજીવાડા મેઈન રોડ પર પણ એક મોટો બનાવ સામે આવ્યો હતો, જ્યાં પીઝી ગ્રાઉન્ડમાં પડેલા કચરા અને સૂકા ઘાસમાં કોઈ અકારણસર આગ લાગી ગઈ હતી. વસ્તીવાળા વિસ્તારની નજીક આગ લાગી હોવાથી મોટો અનર્થ સર્જાવાની સંભાવના હતી, પરંતુ બેડીપરા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને સતત પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવવાની સાથે તેને આસપાસના વિસ્તારમાં ફેલાતી અટકાવી હતી. આ કપરી કામગીરીમાં ફાયર વિભાગના દિવ્યેશભાઈ, વિજયભાઈ, શૈલેષભાઈ સાપરા, નિર્મળસિંહ, કલ્પેશભાઈ મકવાણા અને રાજેશભાઈ વાગડિયાએ ભારે જહેમત ઉઠાવી ઉત્કૃષ્ટ કામગીરી કરી હતી. આમ, દિવાળીના તહેવારની શરૂઆતમાં જ માત્ર થોડા જ કલાકોમાં શહેરના જુદા જુદા છ જેટલા સ્થળોએ ખુલ્લા પ્લોટો, કચરાના ઢગલા અને ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશનમાં આગ લાગવાની ઘટનાઓ સામે આવતા તંત્ર પણ એલર્ટ થઈ ગયું છે. સદનસીબે ફાયર જવાનોની સમયસૂચકતા અને સતર્કતાને કારણે તમામ બનાવોમાં મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ તહેવારોના આ દિવસોમાં નાગરિકોએ પણ ફટાકડા ફોડતી વખતે કે કચરાના નિકાલ બાબતે વિશેષ કાળજી અને સાવચેતી રાખવી અનિવાર્ય બની ગયું છે.



કલેક્ટર કચેરીમાં તહેવારો બાદ બેઠકોનો ધમધમાટ

શનિવારે 'ફરિયાદ સંકલન' અને 'લેન્ડ ગ્રેબિંગ' સમિતિની મહત્વની બેઠકો : ૩૫ કેસ પર સુનાવણી

રાજકોટ, તા. ૬

દિવાળીની રજાઓ પૂર્ણ થતાં જ રાજકોટ કલેક્ટર કચેરીમાં તહેવારી માહોલ બાદ હવે સરકારી કામગીરીનો ધમધમાટ શરુ થઈ ગયો છે. આગામી શનિવાર, તા. ૨૧ના રોજ કલેક્ટર કચેરી ખાતે બે અત્યંત મહત્વપૂર્ણ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સવારના સેશનમાં પ્રજાલક્ષી પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે 'ફરિયાદ સંકલન' અને સાંજના સેશનમાં જમીન માફિયાઓ પર કાયદાનો શિકંજો કસવા માટે 'લેન્ડ ગ્રેબિંગ કમિટી'ની બેઠક મળશે.

પ્રાપ્ત વિગતો મુજબ, દિપાવલીના તહેવારો પૂરા થતાંની સાથે જ રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર ફરી એકવાર હરકતમાં આવી ગયું છે. શનિવારે સવારે ૧૧:૩૦ કલાકે કલેક્ટર કચેરી ખાતે 'ફરિયાદ સંકલન સમિતિ'ની બેઠક યોજાશે. આ બેઠકમાં જિલ્લાના તમામ સાંસદો, ધારાસભ્યો અને વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ હાજરી આપશે. પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા પોતપોતાના વિસ્તારના જનહિતને સ્પર્શતા પડતર પ્રશ્નો, રસ્તા, પાણી, અને અન્ય સળગતી સમસ્યાઓ કલેક્ટર સમક્ષ રજૂ કરવામાં આવશે. આ બેઠકમાં લોકપ્રશ્નોનું ઝડપી અને સકારાત્મક નિવારણ આવે તેવા સૂચનો સાથે સ્થળ પર જ જરૂરી આદેશો કરવામાં આવશે.

ત્યારબાદ સાંજના પેશનમાં ૫:૩૦ કલાકે કલેક્ટર કચેરીના સભાખંડમાં અત્યંત સંવેદનશીલ ગણાતી 'લેન્ડ ગ્રેબિંગ કમિટી'ની સમીક્ષા બેઠક યોજાશે. આ બેઠકમાં સરકારી જમીનો પર થયેલી ગેરકાયદે પેશકદમી તેમજ સામાન્ય નાગરિકોની પારકી મિલકતો અને જમીનો હડપ કરી જનારા ભૂમાફિયાઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવા માટેની રણનીતિ ઘડાશે. આ વખતે લેન્ડ ગ્રેબિંગ કમિટી સમક્ષ કુલ ૩૫ જેટલા પ્રશ્નો અને ફરિયાદો સુનાવણી અર્થે મૂકવામાં આવનાર છે, જેમાં ગંભીર પ્રકારની અરજીઓનો સમાવેશ થાય છે.

આ બેઠકની ખાસ બાબત એ છે કે ૩૫માંથી ૮ જેટલા અરજદારોને પોતાના પુરાવા અને રજૂઆતો સાથે કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહેવા માટે વહીવટી તંત્ર દ્વારા ખાસ ફરમાન કરવામાં આવ્યું છે. સાંજે મળનારી આ મહત્વની બેઠકમાં અધિક કલેક્ટર બારોટ, તમામ પ્રાંત અધિકારીઓ, ડેપ્યુટી કલેક્ટરો તેમજ જિલ્લાના પોલીસ અધિકારીઓ વિશેષરૂપે હાજર રહેશે. કલેક્ટર અને પોલીસ તંત્ર દ્વારા ભૂમાફિયાઓ સામે દાખલારૂપ કાર્યવાહી કરવા માટે આ બેઠકમાં મહત્વના નિર્ણયો લેવાય તેવી પૂરી શક્યતાઓ જોવા મળી રહી છે.

મનપાના ફૂડ વિભાગે ૨૬૯ કિલો અખાદ્ય જથ્થો ઝડપાયો, પનીરના ૪ નમૂના 'ફેઈલ' ૬૨ પેઢીઓમાં સઘન ચેકિંગ, અખાદ્ય અને વાસી ફરસાણ-ચોકલેટનો સ્થળ પર નાશ

સાવધાન! તહેવારોમાં આરોગ્ય સાથે ચેડાં

રાજકોટ, તા. ૬

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય શાખા અને ફૂડ વિભાગ દ્વારા તહેવારોની મોસમમાં નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા તત્વો સામે લાલ આંખ કરવામાં આવી છે. દિવાળીના તહેવારોને અનુલક્ષીને ખાસ ડ્રાઈવ હાથ ધરીને રાજકોટના વિવિધ વિસ્તારોમાં સઘન સર્વેલન્સ ચેકિંગ કરવામાં આવ્યું હતું, જેમાં મોટા પ્રમાણમાં ભેળસેળયુક્ત, વાસી અને અખાદ્ય ખાદ્યપદાર્થો ઝડપાઈ આવ્યા છે.

રાજકોટમાં દિવાળી ટાણે આરોગ્ય સાથે ગંભીર ચેડાં થતા હોવાનું સામે આવતાં મનપાના સપાટામાં કુલ ૨૬૯ કિલો અખાદ્ય જથ્થો ઝડપાઈ ગયો છે. દિવાળીના તહેવારો નજીક આવતાં જ ખાણી-પીણીની ચીજવસ્તુઓમાં થતી ભેળસેળ અને ગંદકી સામે રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા અને ફૂડ વિભાગ દ્વારા આક્રમક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. તહેવારો દરમિયાન શહેરીજનોના સ્વાસ્થ્ય સાથે કોઈ ચેડાં ન થાય તે હેતુસર ફૂડ વિભાગની ટીમોએ શહેરભરમાં સ્પેશિયલ ડ્રાઈવ અંતર્ગત સઘન સર્વેલન્સ ચેકિંગ હાથ ધર્યું હતું. આ ઝુંબેશ દરમિયાન કુલ ૬૨ વ્યાપારી પેઢીઓની ચકાસણી કરવામાં આવી હતી, જેમાંથી ગંભીર અનિયમિતતાઓ અને ભેળસેળ પકડાઈ છે.

ફૂડ વિભાગ દ્વારા અગાઉ લેવામાં આવેલા ખાદ્યચીજોના સેમ્પલના પૃથ્થકરણ રિપોર્ટ સામે આવ્યા છે, જેમાં પનીરની બનાવટો ધોરણો પર ખરી ઉતરી નથી અને ૪ પેઢીઓમાંથી લેવાયેલ ''પનીર (લુઝ)'' ના નમૂનાઓ ફેલ (સબસ્ટાન્ડર્ડ) જાહેર થયા છે. ફોર્ચ્યુન મિલ્ક ફૂડ પ્રોડક્ટસ (લાતી પ્લોટ, શેરી નં. ૪) માંથી લેવાયેલ પનીરના નમૂનાની તપાસમાં 'ટેસ્ટ ફોર ફોરેન ફેટી' ની માત્રા નિર્ધારિત ધારાધોરણો કરતાં વધુ હોવાનું બહાર આવ્યું છે. શ્રી ગાયત્રી ડેરીફાર્મ (પુનિતનગર મેઈન રોડ, બજરંગવાડી) માંથી લીધેલા પનીરના નમૂનાના રિપોર્ટમાં 'મિલ્ક ફેટ' નું પ્રમાણ ધારાધોરણો કરતાં ઓછું હોવાનું સાબિત થયું છે. પ્રકાશભાઈ પ્રવીણભાઈ હરસોડા (સેટેલાઈટ ચોક પાસે, મોરબી રોડ) સ્થળેથી લેવાયેલ પનીરના નમૂનામાં મિલ્ક ફેટનું પ્રમાણ ઓછું હોવાની સાથે-સાથે મોઈસ્ચર અને ટેસ્ટ ફોર ફોરેન





ફેટીની માત્રા પણ ધારાધોરણો કરતાં વધુ હોવાનું ખુલ્યું છે. ભગવતી ટ્રેડીંગ (વિજય પ્લોટ-૧૧ નો ખૂણો, ગોંડલ રોડ) ખાતેથી લેવાયેલા પનીરના નમૂનામાં પણ મિલ્ક ફેટ ઓછું તથા મોઈસ્ચર અને ફોરેન ફેટીની માત્રા ધારાધોરણો કરતાં વધુ હોવાનું રિપોર્ટમાં જણાયું છે. આ ચારેય કેસમાં ખાદ્ય સુરક્ષાના કાયદાનો ભંગ થતો હોવાથી સંબંધિત પેઢીઓ સામે એજ્યુડિકેશન કેસની કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

મોરબી રોડ પુલ નીચે આવેલ ચામુંડા ફરસાણમાં ફૂડ વિભાગની ટીમે દરોડામાં ચોંકાવનારી વિગતો સામે આવી છે, જ્યાં ફરસાણ બનાવવા કે પ્રોસેસિંગમાં ઉપયોગમાં લેવાતો હાનિકારક સોડા એસ (વોશિંગ સોડા) ૨૧ કિલો જથ્થો મળી આવ્યો હતો. આ ઉપરાંત લાંબા સમયથી પડેલા વાસી ફરસાણ જેમાં ૧૮૦ કિલો તીખી પાપડી, ૩૦ કિલો તીખી સેવ અને ૨૦ કિલો તીખી બુંદી મળીને કુલ અંદાજિત ૨૫૧ કિલો અખાદ્ય જથ્થાને એસ.ડબ્લ્યુ.એમ. વિભાગના વાહનમાં સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. પેઢીમાં અત્યંત અનહાઈજેનિક કન્ડિશન જોવા મળતા અને લાયસન્સ બાબતે ગેરરીતિ જણાતા નોટિસ આપવામાં આવી છે અને રૂ. ૫,૦૦૦/- નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો છે, સાથે જ સેવ, તીખી પાપડી, તીખા ગાંઠિયા અને પૌવાના ચેવડાના લુઝ નમૂના પણ લેવાયા છે. તે જ રીતે, સત્ય સાંઈ રોડ પર આવેલ ઝવય ઈંફળાયિ જિજ્ઞિયિ માં ચકાસણી દરમિયાન એક્સપાયર થયેલ ચોકલેટ મોલ્ડ અને તેમાંથી બનાવવામાં આવેલ અંદાજિત ૯ કિલો ચોકલેટ તથા કુલ ડાર્ક ચોકલેટ મળીને અંદાજિત ૧૮ કિલો અખાદ્ય જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો અને રૂ. ૨,૦૦૦/- વહીવટી ચાર્જ વસૂલ કરાયો હતો.

ફાયર સ્ટેશનના સ્થળ ફેરફારનો નિર્ણય લેતી મનપાની સ્ટેન્ડિંગ કમિટી

કર્મીઓ માટે મેડિક્લેમ પદ્ધતિની વિચારણા

રાજકોટ, તા. ૬

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરી વિકાસ અને પ્રશાસનિક સુધારાઓની સાથોસાથ કર્મચારીલક્ષી નીતિઓમાં પણ મોટો બદલાવ લાવવાના સંકેતો આપવામાં આવ્યા છે. મનપાની તાજેતરની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કર્મચારીઓને અત્યાર સુધી નિયમ મુજબ અપાતી પરંપરાગત તબીબી આર્થિક સહાયને બદલે સમાન ધોરણે 'મેડિક્લેમ પોલિસી' ઉતારવા અંગે ગંભીર વિચારણા હાથ ધરવામાં આવી છે. આ વ્યવસ્થાથી મનપાની તિજોરી પર પડતો આર્થિક બોલૂ ઘટી શકે છે કે કેમ અને તે તંત્ર તથા કર્મચારીઓ બંને માટે કેટલી સસ્તી અને વ્યાજબી સાબિત થઈ શકે તેની તુલનાત્મક સમીક્ષા કરવા માટે કર્મચારીઓની તબીબી સહાયની ૧૬ દરખાસ્તો સહિત કુલ ૧૯ જેટલી દરખાસ્તો હાલ પૂરતી મોકૂફ (પેન્ડિંગ) રાખવામાં આવી છે. ચેરમેન પરેશ પીપળીયાના જણાવ્યા અનુસાર, આ અંગેનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યા બાદ જ આગામી નિર્ણય લેવામાં આવશે.

આ ઉપરાંત, શહેરી માળખાકીય સુવિધાઓના આયોજનમાં પણ વ્યુહાત્મક ફેરફારો કરવામાં આવ્યા છે. વોર્ડ નં. ૧ અંતર્ગત આવતા સ્માર્ટ સિટી વિસ્તારમાં અંદાજે રૂ. ૧૬.૧૨ કરોડના ખર્ચે નવું ફાયર સ્ટેશન બનાવવાની દરખાસ્ત રજૂ થઈ હતી, જેને હાલ પૂરતી મુલત્વી રાખવામાં આવી છે. તંત્ર દ્વારા કરવામાં આવેલા નિરીક્ષણમાં એવું ધ્યાને આવ્યું હતું કે નજીકમાં જ શીતલ પાર્ક અને રામાપીર ચોકડી જેવા વિસ્તારોમાં પહેલેથી જ ફાયર સ્ટેશનો કાર્યરત છે અને ત્યાંથી સ્માર્ટ સિટી વિસ્તાર સરળતાથી કવર થઈ શકે તેમ છે. આથી, એક જ વિસ્તારમાં બિનજરૂરી બેવડી સુવિધાઓ ઊભી કરવાના બદલે વધુ જરૂરિયાત ધરાવતા અન્ય યોગ્ય સ્થળની પસંદગી કરીને ફરીથી નવી દરખાસ્ત રજૂ કરવાના આદેશો આપવામાં આવ્યા છે. આ જ બેઠકમાં શહેરમાં અલગ-અલગ જગ્યાએ નવા ટોયલેટ બ્લોક્સ બનાવવાના કોન્ટ્રાક્ટને લગતી દરખાસ્તો પર પણ હાલ પૂરતી બ્રેક લગાવીને તેને સ્થગિત રાખવામાં આવી છે.

દિવાળી વેકેશન ટૂંકાવવાનો વિવાદ

શાળા સંચાલકોની જોહુકમીથી રોષ

DEOને ઉગ્ર રજૂઆત સાથે આંદોલનની ચીમકી : શૈક્ષણિક કેલેન્ડરના નિયમો નેવે મૂકી ખાનગી શાળાઓ વહેલી ધમધમતી કરવાની તૈયારીમાં



રાજકોટ, તા. ૬

રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬ના કેલેન્ડર મુજબ આગામી ૦૫ થી ૨૫ નવેમ્બર સુધી કુલ ૨૧ દિવસનું દિવાળી વેકેશન સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. આ નિયમ અનુસાર ૨૬ નવેમ્બરથી શાળાઓમાં પુનઃ શૈક્ષણિક કાર્ય શરૂ થવાનું નક્કી કરાયું છે. પરંતુ, રાજકોટની અનેક ખાનગી શાળાઓએ સરકારના આ પરિપત્ર અને નિયમોને સદંતર નેવે મૂકી દીધા છે અને ૧૫ નવેમ્બરથી જ શાળાઓ ધમધમતી કરવાની મનસ્વી તૈયારીઓ આરંભી દીધી છે. શાળાઓની આ મનમાની અને બેફામ વલણ સામે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

આ ગેરકાયદેસર વલણ સામે અવાજ ઉઠાવતા વિદ્યાર્થી નેતા અને સૌરાષ્ટ્ર ઝોન પ્રવક્તા રોહિતસિંહ રાજપૂતે જિલ્લા શિક્ષણાધિકારી (ઉઊઘ) સમક્ષ ઈ-મેઈલ માધ્યમથી સખત શબ્દોમાં રજૂઆત કરી છે. તેમણે સ્પષ્ટ આદેશ કરી શૈક્ષણિક કેલેન્ડરના પરિપત્રનો ચુસ્ત અમલ કરાવવા અને કસૂરવાર શાળાઓ સામે ઊંડાણપૂર્વક તપાસ કરવાની ઉગ્ર માંગ કરી છે. રજૂઆતમાં ખાસ ટાંકવામાં આવ્યું છે કે વિદ્યાર્થીઓ આખું વર્ષ અથાક અભ્યાસ, અઘરી પરીક્ષાઓ અને સતત હોમવર્કના ભારે માનસિક તણાવ હેઠળ જીવતા હોય છે. આખો દિવસ પુસ્તકોમાં રચ્યાપચ્યા રહેતા બાળકો માટે વેકેશનનો સમય જ એકમાત્ર એવો અવસર હોય છે જ્યારે તેઓ પોતાના પરિવાર સાથે હળવાશની પળો વિતાવી શકે અને તણાવમુક્ત બની શકે. આવા સંજોગોમાં માત્ર પોતાના આર્થિક હિતો અને નફા માટે શાળાઓ દ્વારા વેકેશન ટૂંકાવીને બાળકોના માનસિક સ્વાસ્થ્ય સાથે સીધા ચેડાં કરવામાં આવી રહ્યા છે.

આ ગંભીર મામલે ઉઊઘ સમક્ષ સખત પગલાં લેવાની માંગ કરવામાં આવી છે, જેમાં રાજકોટની શાળાઓને ૨૫ નવેમ્બર સુધી શૈક્ષણિક કાર્ય બંધ રાખવા માટે સ્પષ્ટ આદેશ જારી કરવામાં આવે તેવી મુખ્ય માગ છે. સાથે જ, ૧૫ નવેમ્બરથી જ શાળાઓ શરૂ કરવાના હવાતીયાં મારતી ખાનગી સંસ્થાઓ સામે તાત્કાલિક તપાસના આદેશ આપીને સરકારી શૈક્ષણિક કેલેન્ડરનો ભંગ કરનાર સામે કડક શિસ્તભંગના પગલાં લેવા તાકીદ કરાઈ છે. વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને હિતોને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલી આ રજૂઆતમાં અંતર્ગત સ્પષ્ટ ચેતવણી પણ ઉચ્ચારવામાં આવી છે કે જો તંત્ર દ્વારા આ મામલે વહેલી તકે યોગ્ય અને સંતોષકારક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં લોકશાહીના માર્ગે ઉગ્ર વિરોધ પ્રદર્શનો યોજવામાં આવશે અને જરૂર પડ્યે ઉગ્ર આંદોલન પણ છેડવામાં આવશે.

કકળાટ કાઢો

કકળાટ વડામાં નહિ, મનમાં ધબકી રહ્યો છે



આજે કાળી ચૌદશનો દિવસ છે. લોકજીવનમાં ઘરના ખૂણે-ખૂણેથી કકળાટ કાઢવાની અને ચણાના લોટના વડા બનાવીને ચાર રસ્તે મૂકવાની પરંપરા ખૂબ પ્રચલિત છે. લોકવાયકા મુજબ આ વિધિઓથી ઘરની દરિદ્રતા અને નકારાત્મક શક્તિઓ બહાર નીકળી જાય છે. પરંતુ આ બધી વિધિઓ માત્ર બાહ્ય કર્મકાંડ બનીને રહી ગઈ છે. વાસ્તવિકતા એ છે કે કકળાટ ક્યારેય ઘરના ખૂણાઓમાં કે વડામાં હોતો નથી. તેનો અસલી વાસ માનવીય મન છે. મનમાં ચાલતું અશાંતિનું ચક્ર જ ઘરના વાતાવરણને દૂષિત કરે છે.

તર્કસંગત રીતે વિચારીએ તો જ્યાં સુધી મનનો આંતરિક કકળાટ દૂર નહીં થાય, ત્યાં સુધી ચાર રસ્તે વડા મૂકવાથી કે સૂપડા વગાડવાથી કંઈ વળતું નથી. મન જ્યારે અપેક્ષાઓ અને સ્વાર્થના ભાર નીચે દબાય છે, ત્યારે ક્રોધ, અસંતોષ અને ઈર્ષ્યા જન્મે છે. આ આંતરિક અવ્યવસ્થા જ શબ્દો અને વર્તનમાં કકળાટ બનીને પ્રગટ થાય છે. આપણે ઘરની સફાઈ તો કરી નાખીએ છીએ, પરંતુ વિચારોની ગંદકી સાફ કરતા નથી. અબોલ જીવો માટે વડા મૂકવાનો મૂળ હેતુ પરોપકારનો હતો, પણ અંધશ્રદ્ધાએ તેને ડર સાથે જોડી દીધો છે.

આંતરિક અશાંતિ સંબંધોના પાયાને હલાવી નાખે છે. જ્યારે વ્યક્તિ પોતાના અસંતોષ માટે બીજાને દોષ આપે છે, ત્યારે કકળાટ કાયમી બની જાય છે. દિવાળી જેવા પર્વો બાહ્ય રોશની સાથે આંતરિક શુદ્ધિની માગ કરે છે. મનને પવિત્ર કર્યા વગર સુખની કલ્પના કરવી નકામી છે. ચાર રસ્તે વડા મૂકવાની પરંપરા જીવમાત્ર પ્રત્યે દયાભાવ રાખવાનું શીખવે છે, માત્ર ડર કાઢવાનું સાધન નથી.આજે કાળી ચૌદશે માત્ર રીતિરિવાજ પૂરતા સીમિત ન રહેતા, આત્મમંથન કરવાની જરૂર છે. મનમાંથી પૂર્વાગ્રહો, કડવાશ અને સ્વાર્થને તિલાંજલિ આપવી પડશે. જ્યારે મન હળવું અને નિર્મળ બનશે, ત્યારે જ સાચા અર્થમાં સુખ અને શાંતિનો સૂર્યોદય થશે. મનનો કકળાટ કાઢ્યા વગર જીવનમાં ક્યારેય આનંદનો દીવો પ્રગટી શકતો નથી. આ વાત સમજવી અનિવાર્ય છે.

રાજકોટ શહેર પણ રાજકીય, સામાજિક, કાઈમ વગેરે કકળાટથી ઘેરાઈ ગયું છે. આવા તત્વોને સહન કર્યે રાખવાની જરૂર નથી. કકળાટિયા તત્વો દૂર કરવા જરૂરી છે. આ માટે ચાર રસ્તે વડા મૂકવાથી કંઈ નહિ વળે, પ્રચંડ લોકજાગૃતિ અને દ્રઢ નિર્ધાર જરૂરી છે.

આધારને બદલે મતદાર કાર્ડ દ્વારા અપાઈ છે લાભ

પંચાયતી રાજ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી લલ્લન સિંહે કહ્યું હવે લાભાર્થીઓએ આધારને બદલે મતદાર કાર્ડ આપવું પડશે

નવીદિલ્હી, તા. ૬

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્રીય મંત્રી લલ્લન સિંહના નિવેદન પર નિશાન સાધ્યું છે, જેમાં તેમણે કહ્યું હતું કે કોઈપણ યોજનાના લાભ હવે આધાર કાર્ડને બદલે મતદાર કાર્ડ દ્વારા મળશે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને લખ્યું છે કે નામો કાઢી નાખ્યા પછી, સરકારે હવે લોકોના અધિકારો પર કાપ મૂકવાનું શરૂ કરી દીધું છે. મંત્રીએ આ જાહેરાત પણ કરી છે. રાહુલ ગાંધીએ આને એક ઊંડું ષડયંત્ર ગણાવ્યું છે. તેમણે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે, ''મોદી સરકારના મંત્રીની જાહેરાતઃ યોજનાના લાભો હવે આધાર દ્વારા નહીં, પણ મતદાર ઈઉ દ્વારા નક્કી કરવામાં આવશે. ષડયંત્ર ખૂબ ઊંડું છે, તેને કાળજીપૂર્વક સમજો.''

જેઈછ ના નામે મતદાર યાદીમાંથી લાખો નામો કાઢી નાખવામાં આવી રહ્યા છે. જો આ બંધ નહીં થાય, તો વધુ કાઢી નાખવામાં આવશે. આ કોના નામ છે? જેઓ ભાજપ સામે ગુસ્સે છે. રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું, ''મતદાર યાદી નિષ્પક્ષ ચૂંટણી પંચના હાથમાં હોવી જોઈએ, પરંતુ હવે તે મોદી સરકારના કર્મચારી જ્ઞાનેશ કુમારના હાથમાં છે, જેમના પર અમે ભાજપ સાથે મળીને મતદાનમાં ગોટાળા કરવામાં સામેલ હોવાનું સાબિત કર્યું છે.'' એક એવી યાદી બનાવવાની તૈયારી ચાલી રહી છે જ્યાં ભાજપ પાસે હંમેશા બહુમતી રહેશે - અને તે યાદી હવે નક્કી કરશે કે તમને યોજનાઓમાંથી ભંડોળ મળશે કે નહીં. આવતીકાલે, જે કોઈ



ભાજપને દૂર કરવાનો નિર્ણય લેશે તેના નામ પસંદગીપૂર્વક કાઢી નાખવામાં આવશે.

રાહુલે આગળ લખ્યું કે જેનું નામ કાઢી નાખવામાં આવે છે, તેનો મત કાઢી નાખવામાં આવે છે, અને જેનો મત કાઢી નાખવામાં આવે છે, તેના અધિકારો ગુમાવવામાં આવે છે. અને થોડી જ વારમાં, તમે હાઈજેક કરેલા લોકશાહીના અદ્રશ્ય નાગરિક બની જશો - જ્યાં લોકો સરકારને ચૂંટશે નહીં, પરંતુ સરકાર તેના લોકોને ચૂંટશે. આજે, પંચાયતી રાજ યોજનાઓ. કાલે, રાશન? પેન્શન? મનરેગા? આવાસ? શિખ્યવૃત્તિ? અનામત? આ ચૂંટણી જીતવા માટેનું રાજકારણ નથી, પરંતુ ચૂંટણી ચોરી કરવા અને સત્તામાં રહેવા માટેનું એક તંત્ર છે. વિપક્ષના નેતાના મતે, મતદાન એ તમારો અધિકાર છે, શરત નથી. ગરીબ વ્યક્તિનું પેન્શન તેમના મતદાર કાર્ડ પર નિર્ભર રહી શકતું નથી. આ ફક્ત મત ચોરી નથી - તે અધિકારોની ચોરી છે. અમે આવું થવા દઈશું નહીં. કેન્દ્રીય મંત્રી લલ્લન સિંહે એક પંચાયતી રાજ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે લાભાર્થીઓને હવે ફક્ત તેમના મતદાર કાર્ડના ઊઈઈઈ નંબરના આધારે યોજનાઓનો લાભ મળશે. તેમણે ઉમેર્યું કે આધાર સિસ્ટમ સમાપ્ત થવા જઈ રહી છે. લલ્લન સિંહનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે વિપક્ષ જેઈછ પર સરકાર પર હુમલો કરી રહ્યો છે. લલ્લન સિંહના નિવેદન પર સરકાર તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી.

નારાજ ધારાસભ્યો રાજીનામું આપે તો ઓમર અબ્દુલ્લા સરકાર પડી જશે?

જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં આંકડાઓનો ખેલ અજબ-ગજબનો

નવીદિલ્હી, તા. ૬

જમ્મુ અને કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સમાં ઉદભવેલી રાજકીય ઉથલપાથલ શાંત થવાના કોઈ સંકેત દેખાતા નથી. મંત્રીમંડળના વિસ્તરણ બાદ, નારાજ ધારાસભ્યો વધુને વધુ ઉશ્કેરાઈ રહ્યા છે. ચાર રાઉન્ડની બેઠકો થઈ ચૂકી છે, પરંતુ કોઈ નક્કર ઉકેલ નીકળતો દેખાતો નથી. આ રાજકીય ઉથલપાથલ વચ્ચે, આશરે ૧૮ નારાજ ધારાસભ્યો આજે પાર્ટી પ્રમુખ ફારુક અબ્દુલ્લા અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાને મળે તેવી અપેક્ષા છે. આ બેઠક સવારે ૧૦ વાગ્યે શ્રીનગરના ગુપકર સ્થિત ફારુક અબ્દુલ્લાના નિવાસસ્થાને યોજાવાની છે. મંત્રીમંડળના વિસ્તરણ પછીના દિવસે, નારાજ ધારાસભ્યો સૌપ્રથમ ધારાસભ્ય કેસર લોનના હુમહામા સ્થિત નિવાસસ્થાને મળ્યા હતા. ત્યારબાદ નઝીર ગુરેઝીના નિવાસસ્થાને બેઠક યોજાઈ હતી. ત્યારબાદ નારાજ ધારાસભ્યોએ ફારૂક શાહ અને ભૂતપૂર્વ સાંસદ અને ધારાસભ્ય હસનૈન મસૂદીના નિવાસસ્થાને આ બાબતે ચર્ચા કરી હતી. નારાજ ધારાસભ્યોનું કહેવું છે કે તેઓ પીછેહઠ કરવા તૈયાર નથી.

ફારુક અબ્દુલ્લા અને ઓમર અબ્દુલ્લા વાતચીત દ્વારા આ અસંતોષનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરશે. જોકે, આ બેઠકમાં ઓમર સરકારને ટેકો આપનારા અને પોતે પણ નારાજ હોવાનું કહેવાય છે તેવા સ્વતંત્ર ધારાસભ્યોનો સમાવેશ થયો ન હતો. આ ધારાસભ્યો સહિત, નારાજ ધારાસભ્યોની સંખ્યા



લગભગ ૨૫ હોવાનો અંદાજ છે. તેથી, આજની બેઠક મહત્વપૂર્ણ માનવામાં આવે છે. પ્રશ્ન એ છે કે શું ફારુક અને ઓમર અબ્દુલ્લા નારાજ ધારાસભ્યોને શાંત કરી શકશે કે પછી નેશનલ કોન્ફરન્સમાં રાજકીય સંકટ વધુ ઘેરું બનશે? નેશનલ કોન્ફરન્સમાં અસંતોષનું કારણ ૨૭ ઓક્ટોબરે થયેલ કેબિનેટ વિસ્તરણ છે. આ વિસ્તરણમાં ચાર નવા મંત્રીઓનો સમાવેશ શામેલ હતો. આનાથી મંત્રી પરિષદમાં મંત્રીઓની સંખ્યા નવ થઈ ગઈ, જે મહત્તમ મર્યાદા છે. જોકે, કેટલાક વરિષ્ઠ પક્ષના ધારાસભ્યો કેબિનેટમાં સમાવેશ ન થવાથી નાખુશ હોવાનું કહેવાય છે. છ વખતના ધારાસભ્ય મુબારક ગુલ પણ નારાજ ધારાસભ્યોમાંના એક તરીકે ઉભરી આવ્યા છે. નારાજ ધારાસભ્યોની માંગણીઓ ફક્ત મંત્રી નિમણૂકો સુધી મર્યાદિત નથી; તેઓ કેબિનેટમાં ફેરફાર ઇચ્છે છે. તેઓ બે વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરી ચૂકેલા મંત્રીઓને હટાવવાની માંગ કરી રહ્યા છે. વધુમાં, મુખ્યમંત્રીના સલાહકાર નાસિર અસલમ વાનીને હટાવવાની માંગ પણ છે. કેટલાક ધારાસભ્યોએ પાર્ટી સંગઠનમાં ફેરફાર અને પદાધિકારીઓને દૂર કરવાની પણ માંગ કરી છે. ધારાસભ્યોનો તર્ક છે કે પાર્ટીમાં પરિવર્તન જરૂરી છે.

જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં સંખ્યાબંધ મતભેદો પર. જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં કુલ ૯૦ ચૂંટાયેલી બેઠકો છે. કોઈપણ સરકારને બહુમતી સાબિત કરવા માટે ૪૬ ધારાસભ્યોના સમર્થનની જરૂર હોય છે. હાલમાં, નેશનલ કોન્ફરન્સ પાસે ૪૧ ધારાસભ્યો છે. કોંગ્રેસ પાસે છ ધારાસભ્યો છે. વધુમાં, સરકાર પાસે છ અપક્ષ અને એક સીપીઆઈ(એમ) ધારાસભ્યનો ટેકો છે. આમ, ઓમર અબ્દુલ્લા સરકાર પાસે કુલ ૫૪ ધારાસભ્યો છે. વિપક્ષની વાત કરીએ તો, ભાજપ પાસે ૨૯ ધારાસભ્યો, પીડીપી પાસે ચાર, જમ્મુ અને કાશ્મીર પીપલ્સ કોન્ફરન્સ પાસે એક, આમ આદમી પાર્ટીનો એક અને એક સ્વતંત્ર ધારાસભ્ય છે. આનો અર્થ એ છે કે વર્તમાન સંખ્યાબંધ મતભેદોમાં, ઓમર સરકાર બહુમતીથી ઉપર છે. જો કે, જો નેશનલ કોન્ફરન્સમાં અસંતોષ રાજીનામા સુધી વધે છે, તો વિધાનસભાનું ગણિત બદલાઈ શકે છે.

ચીનના શસ્ત્રો, પાકિસ્તાનની તાલીમ

બાંગ્લાદેશની સહાયથી ભારતનો તણાવ કેવી રીતે વધ્યો? : J-શ્રેણીના ફાઇટર જેટ પહોંચાડવાની પેરવી

નવીદિલ્હી, તા. ૬

ચીન અને બાંગ્લાદેશ વચ્ચે લશ્કરી સહયોગ સતત વધી રહ્યો છે. ચીન આવતા વર્ષે બાંગ્લાદેશને આશરે ૨૨,૦૦૦ કરોડના J-શ્રેણીના ફાઇટર જેટ પહોંચાડવાની તૈયારી કરી રહ્યું છે. નોંધપાત્ર વાત એ છે કે, પાકિસ્તાન વાયુસેના બાંગ્લાદેશી પાઇલટ્સને આ ફાઇટર જેટ ઉડાવવા માટે તાલીમ આપશે. પાકિસ્તાની ટ્રેનર્સ ભારતીય સરહદથી માત્ર ૪૦ કિલોમીટર દૂર બાંગ્લાદેશના જેસોર એરબેઝ પર તૈનાત રહેવાની અપેક્ષા છે. પાકિસ્તાન વાયુસેના ૨૦૨૨ થી ચીની બનાવટના ઉ-શ્રેણીના ફાઇટર જેટ ઉડાવી રહી છે. ચીન પછી પાકિસ્તાન પાસે આ વિમાનોનો સૌથી મોટો કાફલો છે. પરિણામે, ચીન અને પાકિસ્તાન સંયુક્ત રીતે બાંગ્લાદેશી પાઇલટ્સને આ વિમાન ઉડાડવા માટે તાલીમ આપવાની તૈયારી કરી રહ્યા છે. આ લશ્કરી સહયોગને આગળ વધારવા માટે, ડિસેમ્બરમાં ઢાકામાં ચીની, પાકિસ્તાની અને બાંગ્લાદેશી વાયુસેનાના અધિકારીઓની એક બેઠક યોજાવાની અપેક્ષા છે. સંયુક્ત વિનિમય કાર્યક્રમ હેઠળ, પાકિસ્તાની વાયુસેના બાંગ્લાદેશી પાઇલટ્સને ફાઇટર જેટ ઉડાવવા માટે તાલીમ આપશે. રડાર ઓપરેટરોને દુશ્મન વિમાનોને ઓળખવા અને ટ્રેક



કરવા માટે પણ તાલીમ આપવામાં આવશે.

ગ્રાઉન્ડ સ્ટાફ માટે અલગ તાલીમ કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાનના એર વાઇસ માર્શલ ઔરંગઝેબ અહેમદની આગેવાની હેઠળ પાંચ સભ્યોની ટીમ ઢાકા પહોંચી છે. ટીમે એરબેઝ અને અન્ય લશ્કરી સુવિધાઓનું નિરીક્ષણ કર્યું છે. ટેકનિકલ તાલીમ અને ફ્લાઇટ સિમ્યુલેટર માટેની વ્યવસ્થાઓ પર પણ ચર્ચા કરવામાં આવી છે. ભારતની ચિંતાઓ ફક્ત ફાઇટર જેટની તૈનાતી અંગે જ નહીં, પરંતુ ચીનની ટેકનોલોજી અને લશ્કરી નેટવર્ક અંગે પણ છે. એવી આશંકા છે કે જો ભવિષ્યમાં ભારત અને ચીન વચ્ચે ક્રઈ પર તણાવ વધશે, તો બાંગ્લાદેશના રડાર નેટવર્કમાંથી માહિતી ચીનના લશ્કરી નેટવર્ક સુધી પહોંચી શકે છે.

હકીકતમાં, ચીન ટેક્ટિકલ ડેટા લિંક (ઝઉક) ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. આ ટેકનોલોજી ફાઇટર જેટ, ડ્રોન અને ગ્રાઉન્ડ-બેઝ્ડ લશ્કરી કમાન્ડને માહિતી શેર કરવાની મંજૂરી આપે છે, જેનાથી દુશ્મન વિમાનો અને તેમની ગતિવિધિઓ પર નજર રાખવી સરળ બને છે. ચીને ઝજ-૩ નામની હાઇ-બેન્ડવિડ્થ ડેટા લિંક સિસ્ટમ પણ વિકસાવી છે. આ સિસ્ટમ ફાઇટર જેટ, બોમ્બર્સ અને ડ્રોનને એક જ નેટવર્કમાં જોડી શકે છે. એવી આશંકા છે કે પાકિસ્તાન પછી, બાંગ્લાદેશ પણ આ ટેકનોલોજીનો ઉપયોગ કરી શકે છે. ચીન અને બાંગ્લાદેશ વચ્ચેના આ લશ્કરી સહયોગથી ભારતની સૌથી મોટી ચિંતા સિલિગુડી કોરિડોરની સુરક્ષા છે. ચિકન નેક તરીકે પણ ઓળખાતો, સિલિગુડી કોરિડોર એક સાંકડો, આશરે ૨૦-૨૨ કિલોમીટર પહોળો પટ છે જે ભારતના ઉત્તરપૂર્વીય રાજ્યોને દેશના બાકીના ભાગ સાથે જોડે છે. અહેવાલો અનુસાર, લાલમોનિરહાટ અને કુર્મિટોલા જેવા બાંગ્લાદેશના એરબેઝ પર લાંબા અંતરના ફાઇટર જેટ તૈનાત કરવાથી ભારતના આ વ્યૂહાત્મક ક્ષેત્રમાં તેમની પહોંચ વધી શકે છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

પ્રાસંગિક

તંત્ર વિદ્યાનો પ્રયોગ માનવીને માનવતા વીહિન બનાવે છે, એ આ તહેવારનું મહાત્મ્ય છે



તહેવારોની બરાબરની રંગત જામી છે, અને છેલ્લે છેલ્લે બોણી બોનસ મળતા બજાર પણ ઉભરાવા લાગી છે. સામાન્ય રીતે દીવાળી ના તહેવારો ચડતા ક્રમમાં છે, એટલે ધન તેરસ એ ધન પ્રાપ્તિની પૂજા સંપન્ન કરી, હવે સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે આ રાત્રી બહુ મહત્વની છે. દીવાળી સિવાય પણ આજકાલ માનવી ધન ધાન્ય સમૃદ્ધિ પામવાં કેટલાંય હત્કંડા કરતો હોય છે,પણ સૌથી વધુ ખતરનાક આ સિદ્ધિનાં ખેલ છે જે માનવીને માનવતા વીહિન બનાવે છે. આમ તો કાળી ચૌદસ નામ પડે, એટલે સૌને તંત્ર સાધના યાદ આવે અને આધુનિક વિજ્ઞાનનાં યુગમાં પણ અંધશ્રદ્ધા અને મેલી વિદ્યાનાં પ્રયોગો પણ એટલા જ જોરશોરથી થતાં દેખાય છે, એ જોઈને આશ્ચર્ય પણ થાય. લોકો પોતાનું મન વાંછિત ફળ મેળવવા માટે મંત્રનો પ્રયોગ કરે, એ તો હજી સમજાય. પરંતુ તંત્ર વિદ્યાથી કોઈને હેરાન કરીને સિદ્ધિ મેળવવી, એ થોડું અજીબ લાગે, પણ મૂળ પરંપરાનું મહાત્મ્ય શું છે? એ જોઈએ. કાળનો કાળો કકળાટ આપણે કાઢીશું, એટલે કે તન મન ધન બધું જ પવિત્ર કરવાની એક નિખાલસ કોશિશ કરી આ તહેવાર ઉજવીશું, અને જે કોઈ સાધના કરીએ એ વિશ્વ શાંતિ અર્થે અર્પણ કરીશું.

કાળી ચૌદશ એટલે દિવાળીની આગલી રાત. ધન તેરસ પછીનાં દિવસને કાળી ચૌદશ તરિકે ઉજવવામાં આવે છે. આજનાં દિવસે ખીર અને વડા બનાવવાનો રિવાજ છે, અને ખાસ કરીને તળેલી વસ્તુઓ બનાવીને ખાવામાં આવે છે, એમ માનવામાં આવે છે કે જેટલું તેલ બળે તેટલો કકળાટ ટળે. સાંજે ગૃહિણીઓ કાણા વાળા વડા અને પુરી, ઘર નજીકનાં ચાર રસ્તે મુકીને ઉતાર કાઢે છે. માનવી પણ અજબ ગજબની પ્રકૃતિ ધરાવે છે, કકળાટ કાઢવો એમ કહીને પોતે જ કબૂલ કરે છે કે અમારા ઘરમાં કકળાટ છે, અને કાઢવાથી કોઈ દિવસ કકળાટ નીકળતો હોય તો, કોઈના ઘરમાં પછીથી કકળાટ થાય જ નહીં. છતાં આ પરંપરા આજ સુધી અમુક ઘરોમાં જોવા મળે છે, અને આશ્ચર્યની વાત તો ત્યાં છે, કે અમુક અમુક ઘરમાં આજની પેઢી પણ આવું બધું માને છે. આ ઉપરાંત હનુમાન મંદિરે હનુમાનજીને તેલ ચઢાવીને તેલનાં દીવાની મેંશ પાડવામાં આવે છે, જે આંખોમાં આંજવાથી આંખો સારી રહે તેમ ઘરડાઓનું માનવું હતું, પરંતુ હાલમાં થયેલાં તબીબી સંશોધનો પરથી, ડોક્ટરો આવી મેંશ આંખમાં આંજવાનો વિરોધ કરે છે, અને ખાસ કરીને બાળકોને મેંશ ન આંજવી તેવી સલાહ આપે છે.

કાળી ચૌદશનું બીજું નામ નરક ચતુર્દશી પણ છે,તો ઘણા લોકો કાળી ચૌદશને રૂપચૌદશ પણ કહે છે, અને સૂર્યોદય પહેલા સ્નાન કરી લે, તેમનું રૂપ યથાવત રહે છે, જ્યારે અન્યનું રુપ કાગડો તાણી જાય, એવી પણ અમારા નાનપણમાં કહેવત હતી. મૂળ તો તહેવાર નિમિત્તે બાળકો તથા યુવાનો પણ ઘરમાં વહેલાં ઊઠી જાય, એ હિસાબે કદાચ આવી પ્રથા પડી હશે. આ દિવસે ભગવાન કૃષ્ણએ નરકાસુર નામનાં અસુરનો વધ કરીને પ્રજાજનોને તેનાં ત્રાસમાંથી ઉગાર્યા હતાં, જેથી કરીને તેનું નામ નરક ચતુર્દશી પડેલું છે. કાળી ચૌદશએ મેલી વિદ્યાનાં સાધકોનો પ્રિય દિવસ છે, અને તેઓ એમ માને છે કે આજનાં દિવસે સ્મશાનમાં સાધના કરવાથી તેમની બધી વિધિઓ પૂર્ણ થાય છે, અને મૂલ્યવાન સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

હિન્દુ સંસ્કૃતિમાં કાલરાત્રિ, મહારાત્રિ, અને મોહ રાત્રિ, એમ ત્રણ રાત્રીનું વિશિષ્ટ મહત્વ દર્શાવાયું છે. કાલ રાત્રી એટલે કે કાળીચૌદસની રાત્રિને મહાકાલીની સાધનાના દિવસ તરીકે કાલરાત્રિ તરીકે મનાવવામાં આવે છે, અને આ દિવસે માત્ર તાંત્રિક નહીં, પરંતુ મંત્ર વિદ્યાનો સાત્વિક પ્રયોગ પણ એટલો જ અસરકારક છે. બીજી મહારાત્રિ, મહારાત્રિ એટલે મહાશિવરાત્રીનો દિવસ ,અને એ દિવસે પણ ભગવાન શંકર અને હનુમાનની આરાધના કરવામાં આવે છે, તેમજ હનુમાન ચાલીસાના પાઠનું અનુષ્ઠાન પણ રાત્રી દરમિયાન કરવામાં આવે છે. મોહ રાત્રિ એટલે જન્માષ્ટમીની રાત્રી, ભગવાન શ્રીકૃષ્ણ પરમ અવતાર તરીકે અવતર્યા હોવાથી એમણે દ્વાપર યુગનાં મોહ નામનાં શસ્ત્રથી સૌને મોહિત કર્યા હતાં, તેમનું રૂપ સૌને મોહિત કરનારું હતું, અને તેમની એક એક અદા ઉપર વૈષ્ણવો આજે પણ કુરબાન છે.

મૂળમાં હિન્દુ સંસ્કૃતિમાં બે પ્રકારની સાધના કરીને, ઈશ્વરત્વને પ્રાપ્ત કરવામાં આવે છે, અથવા તો જાણવામાં આવે છે. મંત્ર સાધના અને બીજી તંત્ર સાધના. આમાં તંત્ર નામની સાધનાનો પ્રયોગ આજની આ કાળી ચૌદશની રાત્રે તાંત્રિકો કરતા હોય છે.ઉપરાંત હનુમાનજીની સાધના માટે પણ કાળી ચૌદસને વિશેષ દિવસ તરીકે ગણાય છે. કાળીચૌદસે હનુમાનજીના મંત્ર પ્રયોગો કરવાથી બધા શત્રુઓ નાશ પામે છે. કાળી ચૌદસની રાત્રીને સિદ્ધરાત્રી પણ ગણવામાં આવે છે. વર્ષના ત્રણ મહાન પર્વોમાં કાળીચૌદસનું પણ વિશેષ મહત્વ છે. જેને શનિગ્રહ,કે શનિની પનોતી હોય, કે શનિ નડતો હોય, તેઓ પણ કાળી ચૌદસે તેના નિવારણ હેતુ દાન પુણ્ય કરીને કે શનિમંત્રજાપ કરીને પણ પીડાનું નિવારણ કરી શકે છે. કાળી ચૌદસે મહાકાળી, દશ મહા વિદ્યા, હનુમાનજી, શનિદેવ, કાળભૈરવ, બટુક ભૈરવ, ઘંટાકર્ણ મહાવીર તથા અન્ય ઉગ્રદેવતાઓની સાધના ઉપાસના કરવાનો અનેરો મહિમા ધરાવે છે. કાળી ચૌદસના પર્વે મંત્ર અને તંત્ર અનુષ્ઠાન દ્વારા પણ દેવી દેવતાઓને રીઝવવા સાધના કરાય છે.કાળી ચૌદસની સાધનાનું ફળ સહસ્ત્ર ગણુ હોય છે. મહાકાળીની પૂજામાં ક્લીં બીજ મંત્રનો ઉપયોગ કરી મંત્રજાપ કરતા આદિવ્યાધિ ઉપાધી તથા શત્રુબાધા ટળે છે. જ્યોતિષાચાર્ય જણાવ્યાનુસાર, શાસ્ત્રોમાં તંત્ર-મંત્ર અને યંત્ર ઉપયોગથી સ્વકલ્યાણ કે લોકકલ્યાણનાં શુભ ઉપાયો પણ દર્શાવાયા છે. જે ઉપાયો અનુસાર કાળીચૌદસે સાધના કે આરાધના કરતા તેના ફળ સ્વરૂપે સંકટ સામે રક્ષણ મળે છે.આ બધી વાત કોઈ વિશેષ સિદ્ધિ જોઈતી હોય તેની માટેની છે, આપણે તો સીધુ સાદુ નામ સ્મરણ જ પર્યાપ્ત છે, જે ભવભવના જન્મ મુક્તિનાં બંધનમાંથી જીવને છોડાવે છે, અને આ જન્મને સફળ બનાવે છે. સિદ્ધિ પ્રસિદ્ધિથી જીવન ક્યારેય પ્રસન્ન થતું નથી, એ વાત હંમેશા યાદ રાખવી. સત્ય પ્રેમ અને કરુણા સામાન્ય માં સામાન્ય માણસ પણ સ્મરણથી પ્રાપ્ત કરી શકે છે, અને એ જ તો જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ છે. આમ પણ આ અંધારાંમાં રહી ભીતરના અંધારાને ઓગાળવાનો તહેવાર છે. એટલે કે તમસ રૂપે જે અંધકાર માનસમાં છવાયો છે, એને કાલરાત્રીએ ઓગાળીને સાત્વિકતાનાં અજવાળા કરવાનાં છે. રામરાજ્ય અભિષેકના આગલા દિવસે તમામ પ્રકારના સંશય તેમજ મલિનતા દૂર કરીને સ્વચ્છ મનથી રામરાજ્યની માનસિકતાને સ્વીકારીને અંદરો અંદર સમાધાન સ્થાપવાનો આ સુવર્ણ અવસર છે. આપ સૌના જીવનમાં દિવાળીનાં દરેક તહેવારે મન વાંછિત ફળ પ્રાપ્ત થાય,અને અન્ય મેલી મુરાદ કે ઘાત હોય એ સઘળું ટળે,અને સૌ કોઈ ખુશખુશાલ જીંદગી જીવી શકે, એ જ તહેવારનું મહાત્મ્ય છે. જય શ્રી રામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

વાડ જ ચીભડા ગળતી હોવાના અનેક કિસ્સાઓ વચ્ચે વધુ એક ઘટના આવી સામે

ખેડૂતની લોન ભરાઈ ગયા પછી પણ બેંકમાંથી ઉઘરાણીનો ફોન!

મવડીના ખેડૂતે લોન ભરવા આપેલા નાણા મેટોડાની બેંકનો લોન વિભાગનો કર્મચારી બારોબાર ખાઈ ગયોઃ તાલુકા પોલીસે દાખલ કરી એફઆઈઆર

રાજકોટ, તા. ૬

ઘણીવાર વાડ જ ચીભડા ગળી જતી હોવાના ઘાટ ઘડાતાં હોય છે. આવી જ વધુ એક ઠગાઈ થઈ હતી. જેમાં એક ખેડૂતે જે બેંક કર્મચારી પર ભરોસો કરી પોતે લીધેલી લાખોની લોનની રકમ ભરપાઈ કરવા માટે આ કર્મચારીને આપી હતી એ રકમ તેણે બેંકમાં જમા કરાવવાને બદલે પોતે જ પોતાની પત્નિના ખાતામાં મેળવી લઈ બારોબાર ખાઈ ગયો હતો. ખેડુતો લોન પુરી થઈગયાનું સમજીને ખુશ હતાં. પણ પછી જ્યારે બેંકમાંથી લોનનું વ્યાજ ભરી જવાનો ફોન આવ્યો ત્યારે તપાસ કરતાં ખબર પડીહતી કે તેણે લોન ભરપાઇ પેટે ચુકવેલા એકવીસ લાખ બેંકનો કર્મચારી બેંકમાં જમા કરાવવાને બદલે પોતે ગપચાવી ગયો હતો!

વિગતો પર નજર કરીએ તો શહેરના મવડી વિસ્તારમાં રહેતાં ખેડુતને ઘરના રિનોવેશન માટે એગ્રીકલ્ચર લોન લેવી હોઇ મેટોડાની એક્સિસ બેંકમાં તપાસ કરતાં ત્યાંના લોન વિભાગના કર્મચારીએ તેમનો સંપર્ક કરી લોન પાસ કરાવી દીધી હતી. ખેડુતે બાદમાં રૂપિયાની વ્યવસ્થા થઇ જતાં આ કર્મચારી મારફત લોન ભરપાઇ કરવા નાણા આપી દીધા હતાં. પરંતુ બાદમાં બેંક તરફથી લોન ભરપાઇ થઇ નહિ હોવાનો કોલ આવતાં તપાસ કરતાં બેંક કર્મીએ બારોબાર ૨૧ લાખ કટકટાવી ગયાનું ખુલ્યું હતું. આ બનાવમાં તાલુકા પોલીસે મવડી ૧૫૦ ફુટ રીંગ રોડ પર અલય વાટીકા બ્લોક નં. ૫૦ ખાતે રહેતાં ત્રેપન વર્ષિય ખેડુત અજયસિંહ મહેન્દ્રસિંહ જાડેજા ની ફરિયાદ પરથી રાજકોટ રહેતાં મેટોડા જીઆઇડીસી સ્થિત એક્સિસ બેંકના લોન વિભાગના કર્મચારી ભાવીન રમેશભાઇ વરસાણી વિરૂધ્ધ રૂા. ૨૧ લાખની ઠગાઈનો ગુનો દાખલ કરી તેની સામે કાર્યવાહી હાથી ધરી હતી.



વધુ માહિતી અનુસાર અજયસિંહ જાડેજા પોતાના પરિવારમાં પત્નિ, દીકરો તેમજ અન્ય સભ્યો સાથે રહીને ઢાંઢણી ગામે ખેતી કરે છે. તેમને પોતાના મકાનના રીનોવેશન કામ માટે પૈસાની જરૂરિયાત ભી થતાં, તેઓએ પોતાની ખેતીની જમીન ઉપર એગ્રીકલ્ચર લોન લેવાનું નક્કી કર્યું હતુ. લોન લેવા માટે પ્રોસીઝર ચાલુ કરી હતી અને મેટોડા એક્સિસ બેંકમાં આ લોન માટે તપાસ કરતાં લોન વિભાગમાં કામ કરતાં ભાવિન રમેશભાઈ વરસાણી અને તેની સાથે કામ કરતા તુષારે તેમનો સંપર્ક કર્યો હતો. આ બંને કર્મચારીઓ અજયસિંહના ઘરે આવ્યા હતા અને જરૂરી દસ્તાવેજો મેળવીને એપ્રિલ ૨૦૨૫માં એક્સિસ બેંકની બ્રાન્ચમાંથી રૂ. ૨૩,૬૦,૦૦૦ની લોન મંજૂર કરાવી આપી હતી. આ દરમિયાન ભાવિને અરજદાર સાથે સારા સંબંધો બાંધીને તેમનો વિશ્વાસ જીતી લીધો હતો.

સમય જતાં નાણાંની સગવડ થતાં અજયસિંહે ભાવિનને વાત કરી હતી કે તેઓ ધીમે-ધીમે લોનની રકમ ભરીને પૂરતી કરી દેશે. આ માટે અજયસિંહનું ગ્રામીણ બેંક મવડી શાખામાં ખાતું હોવાથી, તે ખાતામાંથી નાણાં સીધા એક્સિસ બેંકના ખાતામાં ટ્રાન્સફર કરવાનું નક્કી થયું હતું. નક્કી થયા મુજબ તા. ૨૫/૦૬/૨૦૨૫ના રોજ ગ્રામીણ બેંકના ખાતામાંથી આર.ટી.જી.એસ. દ્વારા રૂ. ૧૦,૦૦,૦૦૦ એક્સિસ બેંકના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ ટ્રાન્સફર થયા બાદ તે જ દિવસે બપોરે ભાવિન અરજદારના ઘરે આવ્યો હતો અને લોન ખાતામાં નાણાં જમા કરાવવાના બહાને તેમનો ફોન થોડીવાર માટે લઈને પરત આપતા કહ્યું હતું કે લોન અકાઉન્ટમાં નાણાં જમા થઈ ગયા છે.

ત્યારબાદ તા. ૦૬/૧૦/૨૦૨૫ના રોજ પણ નીટ દ્વારા ગ્રામીણ બેંકમાંથી વધુ રૂ. ૮,૦૦,૦૦૦ એક્સિસ બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા અને તે જ દિવસે લોન ભરવા માટે રૂ. ૨,૦૦,૦૦૦ રોકડા પણ આપવામાં આવ્યા હતા. આ સમયે પણ ભાવિને તમામ નાણાં લોન અકાઉન્ટમાં જમા થઈ ગયા હોવાનો વિશ્વાસ અપાવ્યો હતો. અજયસિંહ જોડેજાએ ભાવિન પર આંખ બંધ કરીને વિશ્વાસ મૂક્યો હોવાથી તેઓએ બેંકમાં રૂબરૂ જઈને તપાસ કરી ન હતી. પરંતુ વર્ષ ૨૦૨૬ના મે મહિનામાં બેંકમાંથી ફોન આવ્યો કે લોનનું વ્યાજ ભરવાનો સમય થઈ ગયો છે. જ્યારે અજયસિંહે ભાવિનનો સંપર્ક કર્યો ત્યારે તેણે નોર્મલ રૂ. ૧,૩૨૦નો ચાર્જ ભરવાનો હોવાનું જણાવી તે ભરાવ્યા બાદ રૂ. ૧,૩૨,૦૦૦ જેટલું લોનનું વ્યાજ ભરી દીધેલ હોવાનું ધ્યાને આવ્યું હતું.

આ બાબતે શંકા જતા જ્યારે અરજદાર તા. ૧૫/૦૬/૨૦૨૬ના રોજ એક્સિસ બેંકની મેટોડા બ્રાન્ચના લોન વિભાગમાં રૂબરૂ તપાસ કરવા ગયા, ત્યારે ખબર પડી હતી કે બેંકમાં લોન પેટે એક પણ રૂપિયો જમા થયો ન હતો. બેંકમાં તપાસ કરતા બહાર આવ્યું કે અરજદારે એક્સિસ બેંકના ખાતામાં જમા કરાવવા માટે મોકલેલા રૂ. ૧૮ લાખ અને રોકડા આપેલા રૂ. ૨ લાખ સહિત કુલ રૂ. ૨૧ લાખ જેટલી માતબર રકમ ભાવિન વરસાણીએ લોન ખાતામાં જમા કરવાના બદલે પોતાની પત્નિ વૈશાલીબેનના ખાતામાં ટ્રાન્સફર કરી લીધી હતી અને રોકડા રૂ. ૨ લાખ પણ પોતાની પાસે રાખી લીધા હતા. ભાવિનનું આ કૌભાંડ બહાર આવ્યા બાદ જ્યારે અજયસિંહે ભાવિનનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તેનો ફોન સતત બંધ આવતો હતો.

આ અંગે જ્યારે તેના પિતાને જાણ કરવામાં આવી ત્યારે તેમણે જણાવ્યુ હતું કે ભાવિન હાલ ગૂમ થઈ ગયો છે અને તે પરત આવશે ત્યારે તમારા નાણાં પરત આપી દેશે. પરંતુ લાંબા સમય સુધી ભાવિન પરત ન આવતા અને પોતાની સાથે રૂ. ૨૧,૦૦,૦૦૦ની મોટી ઠગાઈ થઈ હોવાનું સ્પષ્ટ થતાં અંત અજયસિંહે તાલુકા પોલીસમાં જાણ કરતાં પીઆઈ એસ. આર. મેઘાણીના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. ભોજભાઇ મોભે ગુનો દાખલ કરતાં પીએસઆઇ ડી. જે. જોખીએ વધુ તપાસ હાથ ધરી હતી. આ પ્રકારના કિસ્સા અગાઉ પણ પોલીસ ચોપડે ચડ્યા હતાં. જેમાં બેંકના કર્મચારીએ જ બેંકને લાખોના ડામ દઇ દીધાનું ખુલ્યું હતું.

રાજકોટ રેલ્વે પોલીસે ગેરકાયદે ધાતુના પાર્સલની હેરફેરનો પકડ્યો જથ્થો

અગાઉ જેણે પાર્સલ મંગાવ્યા હતાં એ જ કારગો કંપની ફરી શંકાના ઘેરામાં



રાજકોટ તા. ૬

રેલવે પોલીસે વધુ એક વખત રેલ્વે પાર્સલમાં મોકલવામાં આવેલી કિંમતી ધાતુની હેરફેર પકડી પાડી હતી. ત્રણ દિવસ પહેલા સામા કાંઠાના ઉદય કાર્ગોના ૧૪.૫૩ લાખની કિંમતનો કોપરનો શંકાસ્પદ જથ્થો ઝડપી લીધો હતો. ત્યાં વધુ એક વખત આ જ કાર્ગો કંપનીનો આવો રૂા. ૬,૧૫,૩૪૦નો ૫૯.૪૦૦ કિલોગ્રામ ધાતુનો જથ્થો ઝડપી લેવાયો છે. આ જથ્થો રેલ્વે સ્ટેશનના પાર્સલ વિભાગમાંથી ટ્રક મારતફ શાપર તરફ લઇ જવામાં આવતો હતો. આ માલ પણ ઉદય કાર્ગોનો હોવાનું ખુલ્યું હતું. પશ્ચિમ રેલવેના અધિક મહાન નિર્દેશક કે.એન.ડામોર, પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયાના માર્ગદર્શન હેઠળ ઇન્ચાર્જ ડીવાયએસપી એચ.એમ. રાણાની રાહબરીમાં પીએસઆઇ બલભદ્રસિંહ જે.જાડેજા, કે.યુ.વાળા તથા ટીમ આગામી દિવાળીના તહેવારોને લઇ ટ્રેન મારફત દારૂ કે માદક પદાર્થનો જથ્થો તથા શંકાસ્પદ વસ્તુની હેરાફેરી ન થાય તે માટે તપાસમાં હતો.

આ દરમિયાન કોન્સ્ટેબલ દેવેન્દ્રભાઈ અને સાગરભાઇને એવી હકીકત મળી હતી કે, રેલવેમાં પાર્સલ વિભાગમાં આવેલા શંકાસ્પદ ધાતુના પાર્સલ આઇશર ટ્રક જીજે૦૩એટી-૩૯૪૮માં ભરી લેવામાં આવ્યા છે. આ માહિતી પરથી પોલીસે ટ્રક આંતરી તલાશી લેતાં રૂા. ૬,૧૫,૩૪૦ની કિંમતી ધાતુ મળી આવી હતી. બીલ વગરનો આ માલ જીએસટી ચોરીના ઇરાદે આ રીતે પાર્સલથી મંગાવાયો હતો.

પ્રાથમિક તપાસમાં આ પાર્સલ પણ રેલ્વે સાથે લીઝ ધરાવતાં ઉદય કાર્ગોના હોવાનું અને આ પાર્સલ શાપર તરફ જતાં હોવાનું ખુલ્યું હતુ. પોલીસે ધાતુ અને ટ્રક મળી રૂા. ૧૧,૧૫,૩૪૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ઇન્ચાર્જ ડીવાયએસપી એચ.એમ.રાણા, પીએસઆઇ બી. જે. જાડેજા, પીએસઆઇ કે. યુ. વાળા , હેડકોન્સ. મનસુખભાઇ , સાગરભાઇ, મેહુલભાઇ, શક્તિસિંહ, જયવીરસિંહ, વનરાજભાઇ, વિપુલભાઇ, યશપાલસિંહ, કોન્સ. દિવ્યરાજસિંહ, સાગરભાઇ સહિતે આ કામગીરી કરી હતી. તપાસ બાદ લીઝ કોન્ટ્રાક્ટ બાબતે કાર્યવાહીની શક્યતા છે.

ટ્રકના ચોરખાનામાં દારૂ છુપાવી હેરફેર

કાઈમ બ્રાંચે સોખડા પાસે ટ્રક પકડ્યો

દારૂના અન્ય દરોડાઓમાં છુટક જથ્થાબંધ ચપલા બોટલો સાથે ચાર પકડાયા

રાજકોટ તા. ૬

દિવાળીના દિવસોમા વધુ એક વખત દારૂની હેરાફેરી અટકાવાઇ છે. હેરાફેરી માટે ટ્રકમાં ચોરખાનુ બનાવી તેમાં જથ્થો છુપાવાયો હતો. પરંતુ પોલીસથી આ કારીગીરી છુપી રહી શકી નહોતી. શહેરમાં બેડીચોકડીથી સોખડા ચોકડી તરફ જતા રસ્તે આવેલા એચ.પી.પેટ્રોલ પંપ પાસે ટ્રક પાર્કિંગમાં બાતમીના આધારે કાઇમબ્રાંચે દરોડો પાડી મીનીટ્રકની બોડીની પાછળ માલવાહક જગ્યામાં બનાવેલ ચોરખાનામાં છુપાવેલ રૂા. ૮૨ હજારના દારૂના જથ્થા સાથે મોરબી રોડ પર રહેતા શખ્સને ઝડપી લઇ પૂછતાછ આદરી હતી. અન્ય ચાર દરોડામાં પણ છુટક ચપલા બોટલો પકડવામાં આવ્યા હતાં.

વિગતો પર જર કરીએ તો કાઇમબ્રાંચનો એએસઆઇ સંજયભાઇ દાફડા, વિજયરાજસિંહ જાડેજા, હેડ કોન્સ. તુલશીભાઇ ચુડાસમા, ભાનુભાઇ ધાંધલા, ધર્મેન્દ્રભાઇ કુંચાલા, કોન્સ. સંજયભાઇ ખાખરીયા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે બેડીચોકડી પાસે પહોંચતા સ્ટાફને બાતમી મળી હતી કે, બેડી ચોકડીથી સોખડા ચોકડી વચ્ચે આવેલી હોટલની પાસે આવેલ એચ.પી.ના પેટ્રોલપંપ પાસે ટ્રક પાર્કિંગમાં આઇસર પાર્ક કરેલુ છે. તેની બોડીની પાછળ માલવાહક જગ્યામાં ચોરખાનુ બનાવી વિદેશી દારૂનો જથ્થો છુપાવાયો છે.



જે બાતમીના આધારે સ્ટાફે ત્યાં દરોડા પાડી ત્યાં પાર્ક કરેલા આઇસર ટ્રકમાં સુતેલા શખ્સની પુછતાછ કરતા પોતાનુ નામ દિપેશ ઉર્ફે ભોલુ ગીરીશભાઇ ઓડીચ (રહે તિરૂપતિપાર્ક ભાડે થી પુનમહોલ પાસે, ગ્રીનલેન્ડ ચોકડી નજીક મોરબી રોડ) હોવાનું જણાવ્યું હતું. પોલીસ ટ્રકમાં તપાસ કરતા બોડીની પાછળ માલવાહક જગ્યામાં એક ચોરખાનુ દેખાપુ હતું. જે પોલીસને જોતા તેમાંથી મહારાષ્ટ્રના માર્કાવાળી બે લીટરની અલગ-અલગ બ્રાંડની વ્હીસ્કીની રૂા. ૮૨ હજારની બાવન બોટલ મળી આવતા દારૂ ઉપરાંત ટ્રક મળી કુલ રૂા.૮.૮૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તેની પુછતાછ શરૂ કરી છે.

બીજા દરોડામાં થોરાળા પોલીસના હેડ કો. હિતેશભાઇ પરમાર, વિક્રમભાઇ લોખીલ સહિતના સ્ટાફે ચુનારાવાડ ચોક નજીકથી રૂા. ૫૧૦૦ ના ચંદીગઢના માર્કાવાળા દારૂના ૩૦ ચપલા કબ્જે કરી ફરાર અજાણ્યા શખ્સની શોધખોળ શરૂ કરી હતી. ત્રીજાં દરોડામાં આજી ડેમ પોલીસનાં હેડ કોન્સ. કે. વી. જાડેજા, કો. મનસુખભાઇ ધોરીયા સહિતે લાપાસરી ચોકડી પાસે લાપાસરી ગામ જવાના રસ્તે નવા રીંગ રોડ પરથી વિનોદ અરજણભાઇ હાંડા (ઉ.૪૬) અને અજય હસમુખભાઇ સરવૈયા (ઉ.૧૮ રહે. બને નવાગામ આણંદપર) ને પકડી રૂા. ૩ હજારની ચંદીગઢ માર્કાવાળી વ્હીસ્કીની ૬ બોટલ કબ્જે કરી હતી

ત્રીજા દરોડામાં બી-ડીવીઝન પોલીસના હેડ કોન્સ. વાય.એન. મકવાણા, કોન્સ. કિશનભાઇ સોલંકી, કિરીટભાઇ પરમાર, અજયભાઇ ચૌહાણ સહિતના સ્ટાફે કુવાડવા રોડ જુની પોલીસ ચોકી પાસે એકટીવામાં ચંદીગઢ માર્કાવાળી રૂા. ૪૭૬૦ ની કિંમતની વ્હીસ્કીની ૩૧ બોટલ લઇને નિકળેલા રોહિત જેન્તીભાઇ મજેઠીયા (ઉ.વ. ૨૧ રહે. નાથદ્વાર પાર્ક શેરી નં. ૩, ભગવતી હોલ પાછળ, રેલનગર) ને ઝડપી કુલ રૂા. ૨૪૬૭૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ચોથા દરોડામાં ક્રાઇમ બ્રાંચનાં હેડ કો. પુષ્પરાજસિંહ ગોહીલ, કો. અરવિંદભાઇ ફતેપરા સહિતના સ્ટાફે થોરાળાના ૮૦ ફુટ રોડ પર ન્યુ સર્વોદય સોસાયટીમાં રહેતાં રાજેશ મોહનભાઇ મકવાણા (ઉ.૩૬) ને તેના ઘર નજીકથી રૂા. ૪ હજારની કિંમતની ચંદીગઢના માર્કાવાળી વ્હીસ્કીની ૪ બોટલ સાથે પકડી લીધો હતો.

એક તરફ બાર મહિનાનો મોટો તહેવાર, બીજી તરફ સ્વજનોની વસમી વિદાય

અકસ્માતમાં ઘાયલ વૃધ્ધનું બે વર્ષ બાદ મૃત્યુ

હૃદય ધબકારા ચુકી જવાને કારણે એક યુવાન અને અકે મહિલાની જિંદગી ખતમઃ એક પ્રૌઢ બેભાન થયા બાદ જીવ ગયો



રાજકોટ, તા.૬

અપમૃત્યુના વધુ ચાર બનાવો બનતાં અલગ અલગ પરિવારના તહેવારની ખુશી શોકમાં પલ્ટાઇ ગઇ હતી. જેમાં એક બનાવમાં બે વર્ષ પહેલા અકસ્માતમાં મૃત્યુ પામનારા વૃધ્ધનું બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયુ હતું. બીજી ઘટનામાં હૃદય રોગના હુમલાથી એક યુવાનનું, ત્રીજા બનાવમાં એક મહિલાનું મૃત્યુ થયું હતું. ચોથા બનાવમાં એક પ્રૌઢે બેભાન હાલતમાં અંતિમ શ્વાસ લઇ લીધા હતાં.

પ્રથમ ઘટનાની વિગતો જોઇએ તો પુનિતનગરમાં રહેતાં વૃધ્ધને બે વર્ષ પહેલા વાવડી નજીક કારને અકસ્માત નડતાં ગંભીર ઇજા થઇ હોઇ ત્યારથી તેઓ પથારીવશ હતાં. આજે સવારે બેભાન થઇ જતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ અહિ નિષ્પ્રાણ જાહેર કરવામાં આવતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. જે તે વખતે અકસ્માતમાં આ વૃધ્ધના વેવાઇનું અવસાન થયું હતુ અને તેમના જમાઇ તથા પ્લમ્બરને ઇજાઓ થઇ હતી. જમીનની સાઇટ જોવા જતી વખતે આ બનાવ બન્યો હતો. પુનિતનગર ૮૦ ફુટ રોડ પર ગુરૂદેવ પાર્ક-૩માં રહેતાં કેશવજીભાઇ ડોસાભાઇ બબરીયા નામના ઓગણસિત્તેર વર્ષના વૃધ્ધ આજે સવારે પાંચેક વાગ્યે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને કરતાં પોલીસે મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. સગાના કહેવા મુજબ મૃત્યુ પામનાર કેશવજીભાઇ બબરીયા ત્રણ ભાઇ અને ત્રણ બહેનમાં નાના હતાં અને ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. આજથી બે વર્ષ પહેલા કેશવજીભાઇ, તેમના વેવાઇ ખોડાભાઇ પીપળીયા, જમાઇ તેમજ એક પ્લમ્બર મળી ચાર લોકો પડવલા ગામે જમીનની સાઇટ જોવા જતાં હતાં ત્યારે વાવડીના પેટ્રોલ પંપ પાસે કાર સાથે અકસ્માત સર્જાયો હતો. જે તે વખતે તેમના વેવાઇનું અવસાન થયું હતું. કેશવજીભાઇ બે વર્ષથી સતત પથારીવશ હતાં. આજે બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

બીજી ઘટના જોઇએ તો હૃદય બંધ પડી જવાથી એક યુવાન અને એક મહિલાના મૃત્યુ થયા છે. જ્યારે એક પ્રૌઢનું બેભાન હાલતમાં મૃત્યુ થયું હતું. તહેવારના દિવસોમાં સ્વજનોના મૃત્યુથી પરિવારોમાં શોક છવાઇ ગયો હતો. ગોંડલ રોડ પર એસટી વર્કશોપ પાછળ આંબેડકરનગર-૧૦માં રહેતાં કપિલભાઇ જેઠાભાઇ સોંદરવા નામના પાંત્રીસ વર્ષના યુવાન સવારે ઘરે હતાં ત્યારે છાતીમાં દુ:ખાવો ઉપડતાં બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. કપિલભાઇ બે બહેનના એકના એક મોટા ભાઇ હતાં અને પરિણીત હતાં. તે ઓફિસમાં નોકરી કરતાં હતાં. હૃદય રોગનો હુમલો આવી ગયાનું સગાએ જણાવ્યું હતું.

જ્યારે ત્રીજી ઘટનામાં ગાંધીગ્રામ સોમેશ્વર મહાદેવ મંદિર પાસે વિતરાગ સોસાયટીમાં રહેતાં ચોપન વર્ષના અનિતાબેન ભગવાનદાસ તેદલાણી સવારે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેમને સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. હૃદય રોગનો હુમલો આવી ગયાનું બહાર આવ્યું હતું. ચોથા બનાવમાં કોઠારીયા વેલનાથ પાર્ક-૨માં રહેતાં પંચાવન સુરેશભાઇ દેવજીભાઇ જીંજુવાડીયા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. મૃતકને ટીબીની બિમારી હોવાનું જણાવાયું હતું. ત્રણેય બનાવમાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે માલવીયાનગર, ગાંધીગ્રામ, આજીડેમ પોલીસને જાણ કરી હતી.

રોકાણ કરવાથી મોટો નફો તો મળશે જ, વિદેશ પ્રવાસે પણ મોકલવામાં આવશે એ સહિતની દીધી હતી લાલચ

માર્કેટીંગના નામે ટોળકીએ ખંખેર્યા ૪ કરોડ

અનેક રોકાણકારોએ અલગ અલગ રકમ આપી દીધી હતીઃ આઠ શખ્સોએ સાથે મળી આચરેલુ કારસ્તાન ઉઘાડુ પડતાં અંતે પોલીસ ફરિયાદ

બીજા કિસ્સામાં ફાયનાન્સ પેઢી સાથેની બાર લાખની ગઠીયાગીરીમાં ગઠીયો પાંચ જ કલાકમાં પકડાયોઃ પોલીસે મહિલા કર્મીની નોકરી જતી બચાવી

રાજકોટ, તા. ૬

લાખો કરોડોની ઠગાઇના બનાવો રોજીંદા બની રહ્યા છે. રોજેરોજ કોઇને કોઇ ભોગ બની રહ્યું છે. આ વચ્ચે વધુ એક મોટી ઠગાઇ થઇ હતી. જેમાં મલ્ટીલેવલ માર્કેટીંગમાં રોકાણના નામે રોકાણકારોના ચાર કરોડ ડુબી ગયા હતાં. આઠ ગઠીયાઓએ સાથે મળી આ સમગ્ર કારસ્તાનને અંજામ આપ્યો હતો. કરોડો ગુમાવનારા રોકાણકારોએ પોલીસ પાસે દોડી જઇ ગઠીયાગીરી મામલે એફઆઇઆર દાખલ કરાવી હતી.

વિગતો પર નજર કરીએ તો સુરત શહેરમાં મલ્ટીલેવલ માર્કેટિંગ અને આકર્ષક સ્કીમોના નામે નાગરિકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવાનું મોટું કૌભાંડ સામે આવ્યું હત. ચોક્કસ વર્ષોમાં રોકાણની રકમ બમણી કરી આપવાની, દર મહિને ચું નિશ્ચિત વ્યાજ ચૂકવવાની તેમજ મોટું રોકાણ કરાવવા બદલ વિદેશ પ્રવાસની લાલચ આપી શહેરીજનો સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો હતો. આ મામલે યુનિક મર્કેન્ટાઇલ ઇન્ડિયા લિમિટેડ અને યુનિક સ્વયમ મલ્ટી પર્પઝ કો-ઓપરેટિવ સોસાયટીના સંચાલકો સહિત આઠ શખ્સો સામે સુરત આર્થિક ગુના નિવારણ શાખામાં રૂપિયા ૩.૫૫ કરોડની છેતરપિંડીની ફરિયાદ દાખલ થતાં તપાસ શરૂ થઇ હતી.અડાજણ હનીપાર્ક રોડ સ્થિત ભગવતી પાર્ક સોસાયટીમાં રહેતા સડસઠ વર્ષીય નિવૃત્ત મુકેશકુમાર રામકૃષ્ણભાઈ દવેએ આ ઠ ગાઈ અંગે ફરિયાદ નોંધાવી હતી.

વધુ માહિતી અનુસાર આરોપીઓએ અલગ-અલગ સ્થળોએ રોકાણકારો સાથે બેઠકો યોજીને સ્કીમોનું માર્કેટિંગ કર્યું હતું. મુકેશભાઈ અને તેમના પરિવારે ટુકડે-ટુકડે ૨૩.૮૩ લાખનું રોકાણ કર્યું હતું. પાકતી મુદતે વ્યાજ સહિત ૩૧.૪૫ લાખ ચૂકવવાના થતા હોવા છતાં કંપની દ્વારા નાણાં પરત ન કરીને હાથ ચા કરી દેવાયા હતા.તપાસમાં બહાર આવ્યું છે કે મુકેશ દવે ઉપરાંત શહેરના અન્ય રોકાણકારો પાસેથી પણ ૨,૧૫,૩૨,૩૦૦નું અધધ રોકાણ મેળવવામાં આવ્યું હતું. તમામ રોકાણકારોને પાકતી મુદતે વ્યાજ સાથે કુલ ૩,૩૧,૬૮,૨૬૫ ચૂકવવાના થતા હતા, પરંતુ સંચાલકોએ કોઈ પણ રકમ પરત કરી નહોતી. આમ, તમામ રોકાણકારોના કુલ ત્રણ કરોડ પંચાવન લાખ એકાવન હજારની રકમનું ચૂકવણું અટકાવી દેવામાં આવ્યું હતું.

આ રીતે ભેજાબાજ આરોપીઓએ લોકોના પરસેવાની કમાણી પોતાના અંગત સ્વાર્થ અને આર્થિક લાભ માટે વાપરી નાખી ગુનાહિત કાવતરું રચ્યું હતું. ઠગાઈનો ભોગ બનેલા મુકેશભાઈ દવેની ફરિયાદના આધારે પોલીસે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર રાજકુમાર કૈલાશ રાય, ટ્રસ્ટી



અરવિંદ કૈલાશ રાય, ડિરેક્ટર રાહુલ રાજકુમાર રાય, ઉત્કર્ષ રાજકુમાર રાય, ઉષા રાજકુમાર રાય, જનરલ મેનેજર હસમુખભાઈ દોડિયા, જીએમ તથા ટ્રસ્ટી ઘનશ્યામભાઈ પટેલ અને સિનિયર લીડર ધીરુભાઈ નાનજીભાઈ ખોખર સામે ગુનો દાખલ કર્યો હતો. આ મામલે સુરત ક્રાઇમ બ્રાન્ચ દ્વારા વધુ ડાણપૂર્વકની તપાસ હાથ ધરવામાં આવી હતી. આ પ્રકારના કિસ્સા અવાર-નવાર પોલીસ ચોપડે ચડતા રહે છે. પરંતુ આરોપીઓ પકડાયા પછી પણ છેતરાયેલા હોય તેમને આવા કિસ્સામાં પુરેપુરી રકમો પાછી મળી હોય તેવા દાખલા સાવ નહિવત જ હશે.

બીજી એક ઘટના જોઇએ તો એક કિસ્સામાં એક શખ્સ ફાયનાન્સ કંપનીની લોન ભરપાઇ કરવાના નામે લાખોની ઠગાઇ કરી ભાગી ગયો હતો. આ બનાવમાં જે તે કર્મચારી યુવતિની નોકરી પર જોખમ આવી ગયું હતું. પોલીસે આ ગઠીયાને કલાકોમાં પકડી લીધો હતો. પોલીસ પાસે આવી એક યુવતિએ કહ્યું હતું કે સાહેબ મારી મદદ કરો, નહીતર મારે મરવાનો વારો આવશે' આ આક્રંદ હતું ગોલ્ડ ફાઇનાન્સમાં નોકરી કરતી અઠ્ઠાવીસ વર્ષીય મહિલાકર્મીનું હતું. ફાઈનાન્સ કંપની તરફથી ૧૧.૯૭ લાખ ભરપાઈ કરવાનું દબાણ અને બીજી તરફ છેતરપિંડી આચરીને ભાગી છૂટેલા લેબર કોન્ટ્રાક્ટરના કારણે ભાંગી પડેલી આ મહિલા કર્મચારી આપઘાત કરવા વિચારી રહી હતી.

પણ , પોડેસરા પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને માત્ર પાંચ કલાકમાં જ યુવકને શોધી કાઢી પૂરેપૂરી રકમ પરત અપાવી મહિલા કર્મીની નોકરીની સાથે એક રીતે તેનો જીવ પણ બચાવ્યો હતો. ભેસ્તાનમાં રહેતી મહિલા પોડેસરા પિયુષ પોઇન્ટ નજીક ગોલ્ડ ફાઇનાન્સ કંપનીમાં નોકરી કરે છે. ડિંડોલીના આડત્રીસ વર્ષીય એક લેબર કોન્ટ્રાક્ટરે પોતાની જૂની ગોલ્ડ લોન અન્ય કંપનીમાંથી છોડાવી ઓછા વ્યાજે અહીં ટ્રાન્સફર કરાવવા અરજી કરી હતી. નિયમ મુજબ ડોક્યુમેન્ટ્સ લઈને પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ મહિલાકર્મીએ લેબર કોન્ટ્રાક્ટરના ખાતામાં ૧૧.૯૭ લાખ ટ્રાન્સફર કર્યા હતા. જૂની ગોલ્ડ લોન ચાલતી હતી તે કંપનીમાંથી સોનું છોડાવવા મહિલાકર્મીએ બેંકના બે કર્મચારીને કોન્ટ્રાક્ટર સાથે મોકલ્યા હતા.

બંને કર્મચારી બેંકની બહાર જ ભા રહ્યા હતા અને લેબર કોન્ટ્રાક્ટર બેંકમાં ગયો હતો. લેબર કોન્ટ્રાક્ટરે સોનું છોડાવવા ૧૧.૯૭ લાખ ટ્રાન્સફર કર્યા હતા, પરંતુ ત્યાં પણ તેને વ્યાજદર ઘટાડી આપવાનું કહેતાં લોન ચાલુ રાખી હતી અને ટ્રાન્સફર કરેલી રકમ ખાતામાં પરત મેળવી લીધી હતી. ત્યારબાદ બહાર આવીને તેણે બંને કર્મચારીને કહ્યું કે સાઇટ પર લેબરનો પ્રોબ્લેમ થયો છે. વીસ મિનિટમાં આવું છું કહીને તે છટકી ગયો હતો અને ફોન પણ બંધ કરી દીધો હતો. મહિલાએ તપાસ કરી તો આરોપી ઘરે મળ્યો નહોતો અને ચેકમાં સહી પણ ખોટી હતી. ૨૪ કલાક ભૂખી-તરસી ભટકેલી આ મહિલાએ આપઘાત કરવાનું પણ વિચાર્યું હતું.

પણ બાદમાં તેણે ડીસીપી રાજેશ પરમારને મળી આપવીતી કહી હતી. ડીસીપીના આદેશથી પોડેસરા પીઆઇ જાડેજા, પીએસાઇ બારોટ અને પીએસઆઇ વસાવાએ તપાસ શરૂ કરી હતી. આરોપી ફોન પર ભાવનગર હોવાનું કહેતો હતો, પરંતુ લોકેશન ડિંડોલી ટ્રેસ થતું હતું. ખાતું સીઝ થવાની અને કાર્યવાહીની બીકે તે સામેથી પોલીસ સ્ટેશને દોડી આવ્યો હતો. પોલીસે ૧૧.૯૭ લાખની પૂરી રકમ પરત અપાવી મહિલાને હસતા મુખે રવાના કરી હતી. આમ પોલીસ પ્રજાનો મિત્ર ઉક્તિ ખરાઅર્થમાં સાચી ઠરી હતી.

ટાયરો-વ્હીલ પ્લેટ ચોરીમાં સામેલ બે મિત્રો પાસામાં

આજીડેમ પોલીસે વોરન્ટ બજવણી કરી મંછાનગરના બંને શખ્સન વડોદરા, અમદાવાદ જેલમાં ધકેલ્યા

રાજકોટ તા. ૬

ગુનેગારો સામે આકરી કાર્યવાહી અંતર્ગત પોલીસ કમિશનર બ્રજેશકમુાર ઝાએ વધુ બે શખ્સોને પાસામાં ધકેલ્યા હતાં. બે વર્ષમાં સત્તર જેટલી બોલેરોમાંથી વ્હીલ અને ટાયરોની ચોરીઓ કરવાના ગુનામાં પકડાયેલા મંછાગનરના બે મિત્રોને પાસા તળે જેલમાં ધકેલી દેવાયા હતાં.

વિગતો મુજબ જુના માર્કેટ યાર્ડ પાછળ મંછાનગર શેરી નં. ૪માં રહેતાં રાહુલ બાઘાભાઇ ચિરોડીયા અને આ વિસ્તારમાં જ મંછાનગર-૮માં રહેતાં લાલજી કરસનભાઇ મેઘાણીને અગાઉ આજીડેમ પોલીસે બોલેરો ગાડીઓના વ્હીલ-ટાયરોની ચોરીઓના અલગ અલગ ગુનાઓમાં પકડી લીધા હતાં. આ બંનેએ બે વર્ષના ગાળામાં સત્તર જેટલી બોલેરો ગાડીઓમાંથી વ્હીલ-ટાયરોની ચોરીઓ કરી હોવાનું જે તે વખતે તપાસમાં ખુલ્યું હતું. બંને પોતે પણ બોલેરોનું ડ્રાઇવીંગ કરતાં હોઇ જ્યારે પણ ટાયરોની જરૂર પડે ત્યારે કાર લઇને નીકળી જતાં અને રેઢા પાર્ક કરાયેલા બોલેરોમાંથી વ્હીલ-ટાયરો કાઢી લેતાં હતાં. આ ટાયરોનો પોતે ઉપયોગ કરતાં અને મિત્રો પરિચીતોને પણ આપતાં હોવાનું બહાર આવ્યું હતું.

બંને શખ્સને પાસામાં ધકેલીવાની દરખાસ્ત જેસીપી ચૈતન્ય મંડલિક, ડીસીપી હેતલ પટેલ, એસીપી બી. વી. જાધવની રાહબરીમાં આજીડેમ પોલીસે તૈયાર કરી હતી. પાસાની આ દરખાસ્તને પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ મંજુર કરી હતી. લાલજીને અમદાવાદ જેલમાં અને રાહુલને વડોદરા જેલમાં ધકેલી દેવા હુકમ કર્યો હતો. જેના આધારે આજીડેમ પોલીસ સ્ટેશનના પીઆઇ એચ. એન. પટેલ, પીએસઆઇ વી. જી. ડોડીયા, એએસઆઇ સાગરભાઇ પ્રધાન, હેડકોનસ. લક્ષ્મણભાઇ મકવાણા, પિયુષભાઇ, ભરતભાઇ, દેવાંગભાઇ, હરપાલસિંહ, સંજયભાઇ હિતેષભાઇ, અજયભાઇ, મેહુલભાઇ, મનિષભાઇ, હરેશભાઇ, વિપુલભાઇ સહિતે વોરન્ટ બજવણી કરી હતી.

કબ્રસ્તાનમાંથી ધડ અને ટ્રેનના પાટેથી મળ્યું હતું માથુંઃ મર્ડર મિસ્ટ્રી ઉકેલાઇ

મિત્રએ રૂા.૧૬૫ માટે મિત્રને પતાવ્યો

ખળભળાટ મચાવતી હત્યાની ઘટનામાં પોલીસે ભેદ ઉકેલી હત્યારાને શોધી કાઢ્યો

રાજકોટ તા. ૬

પૈસા માટે થઇને આજના યુગનો માણસ પોતાની માણસાઇ અને ઘણીવાર મિત્રતા કે લોહીના સંબંધો પણ ભુલી જતો હોય છે. રૂપિયા માટે થઇને મારામારી અને ક્યારેક હત્યા સુધીની ઘટનાઓ બની જાય છે. તાજેતરમાં રાજકોટમાં સાંઠ હજાર રૂપરડી માટે ત્રણ ભાણેજે સગા મામાનો જીવ લઇ લીધો હતો. બીજી તરફ આવી જ એક ઘટના સામે આવી હતી. જેમાં પંદર વર્ષની દોસ્તી માત્ર એકસો સાંઠ રૂપિયાને કારણે તૂટી ગઇ હતી અને એક મિત્રએ બીજા મિત્રની અતિ ક્રુર હત્યા કરી ધડ માથુ નોખા કરી નાંખ્યા હતાં. લાશ કબ્રસ્તામાં ફેંકી દીધી હતી અને માથું ફેક્યું હતું રેલ્વે ટ્રેક પર. પોલીસે આ મર્ડર મિસ્ટ્રી ઉકેલી હત્યારા ભાઇબંધને પકડી લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો સુરતના કતારગામ વસ્તા દેવડી રોડ સ્થિત સીએનાઇ ખ્રિસ્તી કબ્રસ્તાનમાંથી મળેલા માથા વગરના મૃતદેહનો ભેદ પોલીસે ઉકેલી આરોપી ચોપન વર્ષીય સચિત્ર નરેન્દ્ર બાલની ધરપકડ કરી છે. આરોપી અને મૃતક સંજય કતારગામ જીઆઇડીસીના કારખાનામાં સાત મહિનાથી સાથે નોકરી કરતા હતા. આરોપીને શંકા



હતી કે સંજય તેના પગારમાંથી રોજ એકસો સાંઇઠ રૂપિયા ઓછા આપી રહ્યો હતો. તેના પગલે તેણે સંજયની હત્યા કરી લાશ કબ્રસ્તાનમાં ફેંકી દીધી હતી. બીજા દિવસે રાત્રે માથુ કાપીને તેને રેલવે ટ્રેક પાસે ફેંક્યું હતું. કબ્રસ્તાનની દીવાલ પાસે ૩૫ વર્ષીય યુવકનું માથા વગરનું ધડ મળ્યું હતું. પોલીસે ફૂટેજ અને બાતમીના આધારે રેલ રાહત કોલોનીમાંથી સચિત્ર બાલને પકડી પાડ્યો હતો.

વધુ માહિતી અનુસાર સંજય કારખાનામાં બાઈન્ડિંગ અને કારીગરોનો હિસાબ રાખતો હતો હતો, જ્યારે આરોપી મશીન ટેસ્ટિંગ કરતો હતો. રોજિંદા વેતનમાંથી એકસો સાંઇઠ રૂપિયા કપાઈ રહ્યાની આશંકા અદાવતમાં આરોપીએ ૧ નવેમ્બરે દાતરડા વડે સંજયનું ગળું કાપી રાત્રે લાશને કોથળામાં ભરી કબ્રસ્તાનમાં ફેંકી દીધી હતી. ૩ નવેમ્બરે ફરી કબ્રસ્તાન જઈ માથું કાપીને અલકાપુરી બ્રિજ નીચે રેલવે ટ્રેક પાસે ફેંકી દીધું હતું. પોલીસે માથું પણ કબજે કર્યું હતું. આરોપી સચિત્રકુમાર અને મૃતક સંજય વચ્ચે પંદર વર્ષ જૂની મિત્રતા હતી. સંજયે જ સાત મહિના પહેલાં તેને કારખાનામાં નોકરી અપાવી હતી. કારખાનેથી સંજય ચા પીવા નીકળ્યો ત્યારે આરોપી તેને હિસાબ પતાવવાના બહાને ઘરે લઈ ગયો હતો અને બાદે હત્યા કરી નાખી હતી.

ત્યારબાદ મોડી રાત્રે લાકડાની સીડીના સહારે ઘરથી પચાસ મીટર દૂર કબ્રસ્તાનમાં મૃતદેહ ફેંકી દીધો હતો. બીજા દિવસે રાત્રે માથું કાપી એક કિમી દૂર રેલવે ટ્રેક પાસે ફેંક્યું હતું. કબ્રસ્તાનમાં પાંચ ફૂટ ચું ઘાસ હોવાથી મૃતદેહ છુપાયેલો રહ્યો હતો. પોલીસને મૃતદેહ મળ્યો ત્યારે તેની ચામડી ઉખડવા લાગી હતી. વીસ પોલીસકર્મીઓની ટીમે ડોગ સ્કવોડની મદદથી રેલવે ટ્રેક પાસેથી માથું શોધી કાઢ્યું હતું.

હોસ્પિટલના ફોરેન્સિક નિષ્ણાત ડો. સંદીપ રલોતીના જણાવ્યા મુજબ, આરોપીએ ગળા પર એક જ ઘા ઝીંકી હત્યા કરી હતી. શરીર પર ઈજાના નિશાન નહોતા. પકડાઈ જવાના ડરે માથું કાપી અલગ કર્યું હતું. મૃતદેહ ત્ર દિવસનો હોવાથી બગડવા લાગ્યો હતો. આમ માત્ર એકસો સાંઇઠ રૂપરડીના ડખ્ખામાં વર્ષો જુની દોસ્તી હત્યા સુધી પહોંચી ગઇ હતી અને એક દોસ્તે બીજાની એવી ક્રુર હત્યા કરી હતી કે જેના દ્રશ્યો જોઇ લોકો ખળભળી ગયા હતાં. પૈસા માટે આ પ્રકારના બનાવો અનેક વખત અગાઉ પણ બની ચુક્યા હતાં. જેમાં આ વધુ એક ખળભળાટ મચાવતી ઘટના સામેલ થઇ હતી.

વૃધ્ધના ખાતામાંથી પોણા પાંચ લાખ છૂ

રીટર્ન ભરાવવા માટે ગયા ત્યારે પાસબૂકને આધારે સ્ટેટમેન્ટ ચેક કરાવતાં ફ્રોડની ખબર પડી

રાજકોટ તા. ૬

ઠગાઇની વધુ એક ઘટના સામે આવી હતી. જેમાં એક વૃધ્ધના ખાતામાંથી ગઠીયાગીરીથી નાણા ઉસેડી લેવાયા હતાં. ઉપલેટાના ઢાંકની ગારી વૃંદાવન સોસાયટીમાં રહેતા ખેડુત રસીકભાઇ ભોવાનભાઇ ભલાણી નામના એકોતેર વર્ષના વૃધ્ધાના બેંક ખાતામાંથી અજાણ્યા શખ્સોએ ગઇ તા. ૨૯ થી ૩૦ દરમીયાન અલગ-અલગ ટ્રાન્ઝેકશન દ્વારા રૂા. ૪.૭૮ લાખ જાણ બહાર ટ્રાન્સફર કરી લઇ ઠગાઇ કર્યાની ઉપલેટા પોલીસ મથકમાં ફરીયાદ દાખલ થઇ હતી.

વધુ માહિતી અનુસાર રસીકભાઇએ પોલીસને જણાવ્યું કે, તેને સંતાનમાં બે પુત્રો અને એક પુત્રી છે. ગઇ તા. ૨ નાં તે ઉપલેટામાં વકિલ પાસે રીટર્ન ભરાવવા માટે ગયા હતા આ સમયે વકિલે તેને કહ્યું કે, બેન્ક પાસબુક અને બેંક સ્ટેટમેન્ટ લેતા આવજો. જેથી તે ચીખલીયા બેંક ઓફ બરોડા શાખાના પોતાનું એકાઉન્ટ હોવાથી સ્ટેટમેન્ટ કઢાવવા માટે ગયા હતા. આ સમયે તેને જાણ થઇ હતી કે, ગઇ તા. ૨૯/૫ થી ૩૦/૫ દરમિયાન તેના ખાતામાંથી જાણ બહાર અલગ-અલગ ટ્રાન્ઝેકશનથી રૂા. ૪.૭૮ લાખ બીજા અન્ય ખાતામાં ટ્રાન્સફર થઇ ગયા છે. જેથી તેવો આ મામલે બેંક મેનેજરને ફ્રોડ થયાની જાણ કર્યા બાદ પુત્ર રવિને જાણ કરી સાયબર હેલ્પ લાઇન નંબર પર ફ્રોડ થયાની જાણ કરી હતી. તેણે વધુમાં જણાવ્યું કે, ગઇ તા. ૨૮/૫ના તેના ફોનમાં એપ્લીકેશન ઇન્સ્ટોલ હોય જે બે અલગ અલગ એપીકે ફાઇલ ઇન્સ્ટોલ થયેલી હોવાથી તેના કારણે ફ્રોડ થયાની શંકા છે. હાલ પોલ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

ઠગાઇ કરનારાઓને ગમે ત્યાંથી છેતરવાના રસ્તા મળી જ જતાં હોયઃ એક નવતર ફ્રોડ

બસ્સો ગુણી લોટ મંગાવી વેપારીને ૪૦ લાખનો ચૂનો

જસદણના વેપારી પાસેથી જેતપુર યાર્ડના બે વેપારીએ ઉધારીમાં લોટનો જથ્થો મેળવી લીધા બાદ નાણા ચુકવ્યા જ નહિઃ જસદણ પોલીસે દાખલ કરી એફઆઇઆર

રાજકોટ, તા. ૬

ગઠીયાઓ ગમે ત્યાં ગમે તે રીતે નુસ્ખાઓનો ઉપયોગ કરી ઠગાઇ કરી લેતાં હોય છે. વધુ એક આવી ઠગાઇ સામે આવી હતી જેમાં જસદણના આટકોટ રોડ પર લોર મીલ ધરાવતા વેપારી સાથે જેતપુરની બે પેઢીના સંચાલકોએ લોટના ઓર્ડરના નામે રૂ.૪.૩૦ લાખની છેતરપિંડી આચરી હતી. જેતપુર યાર્ડમાં અક્ષર ટ્રેડિંગ અને શ્રી ક્રિષ્ના ટ્રેડિંગ નામે પેઢી ધરાવતા શખ્સોએ વેપારી પાસેથી લોટની બેગ મંગાવી પૈસા નહિ ચૂકવી ઠગાઈ આચરતા વેપારીએ જસદણ પોલીસ મથકે પહોંચી ગુનો દાખલ કરાવ્યો હતો. કુલ ચાર જણા સામે એફઆઇઆર દાખલ કરી પોલીસે તપાસ શરૂ કરી હતી.

ફ્રોડની આ ઘટનાની વિગતો જોઇએ તો જસદણના ચિતલિયા કુવા રોડ પર ગજાનંદ એપાર્ટમેન્ટમાં રહેતા ૩૫ વર્ષીય યુવાન વેપારી હિતેષભાઈ નારણભાઇ ભુવાએ ફરીયાદ નોંધાવતા આરોપી તરીકે કપિલ વી નથવાણી (અક્ષર ટ્રેડિંગ, જેતપુર), દેવ ઉમેશ ગણાત્રા (અક્ષર ટ્રેડિંગ, જેતપુર), ધવલકુમાર ચીમનલાલ ધોળકિયા (શ્રી ક્રિષ્ના ટ્રેડિંગ જેતપુર) અને અજાણ્યા શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ જસદણ-આટકોટ રોડ પર સ્વરા એક્સપોર્ટ લોરમીલ ધરાવી વેપાર કરે છે.

વર્ષ ૨૦૨૧માં આટકોટ-જસદણ રોડ ઉપર તેઓ અને તેમના ભાગીદાર સુરેશભાઈ ટાઢાણીએ સ્વરા એક્ષપોર્ટ ફલોરમીલ નામની પેઢી બનાવેલ હતી. તેઓનો પેઢી ખાતે તા.૦૧/૦૭/૨૦૨૬ ના રોજ કપીલ નથવાણી અને દેવ ગણાત્રા આવેલ અને તેમણે જણાવેલ કે, અમારી અક્ષર ટ્રેડીંગ નામની જેતપુર ખાતે પેઢી આવેલ છે, અમારે ઘંઉના લોટની જરૂરીયાત છે. જેથી તેઓ વેપારી પાસેથી ૭૦ બેગ માલ જેની કિમત રૂ. ૬૪ હજાર ચૂકવી લઇ ગયેલ હતા. બાદ તા.૨૩ /૦૭ ના રોજ ૭૦ બેગ માલ મોકલેલ જેની કિમત રૂ. ૬૨૮૦૦ રૂપીયા તા.૦૨/૦૮ ના રોજ રોકડમાં ચુકવેલ હતા.

ત્યારબાદ તા.૦૨/૦૮ ના રોજ ૧૦૦ બેગ



માલ મોકલેલ હતો જેની કિમત રૂ.૯૨૯૫૦ રૂપીયા બાકી રાખેલ હતા. જેમાં તા.૧૨/૦૮ રોજ રૂ.૭૫ હજાર અને તા.૧૮/૦૮ ના રોજ રૂ. ૧૭૯૫૦ ચુકવેલ હતા. જેથી મણે કપિલ નથવાણી અને દેવ ગણાત્રા પર વિશ્વાસ આવી ગયેલ હતો. આ પછી તા. ૧૨/૮ ના ૧૨૦ બેગ માલના રૂ.૧,૧૨,૯૦૦ બાકી રાખેલ હતા. બાદ તા.૨૧/૦૮/૨૦૨૬ ના રોજ ૧૩૦ બેગ માલ કિમત રૂ.૧,૨૬,૬૦૦ બાકી રાખેલ હતા. જેથી બંને શખ્સો પાસેથી રૂ. ૨,૩૯,૫૦૦ લેવાના નીકળતા હતા. બાદ બંને શખ્સોએ મોબાઈલ સ્વીચ ઓફ કરી નાખેલ હતો. વોટ્સઅપ મારફતે પૈસાની ઉઘરાણી કરતા બન્ને કહેતા કે, તમારા પૈસા મારે ખોટા કરવા નથી, એક અઠવાડીયામાં તમારા પૈસા પુરા પાડી દઇશ.

આ પ્રકારના વાયદાઓ આપેલ હતા. ત્યારબાદ જેતપુર ખાતે અક્ષર ટ્રેડીંગની મુલાકાત લેતા જાણ થયેલ કે દુકાન બંધ છે અને બોર્ડ પણ ઉતારી લીધેલ છે. આજુબાજુમાં પુછપરછ કરતા મને જાણવા મળેલ કે, આ લોકોએ ભાડે દુકાન રાખી ફલોરનું વેચાણ કરતા હતા અને છેલ્લા એક પખવાડીયાથી દિવસથી દુકાન બંધ કરી જતા રહ્યા છે. બાદ જેતપુર ખાતે આવેલ શ્રી ક્રિષ્ના ટ્રેડીંગ નામની પેઢી ધરાવતા ધવલકુમાર ધોળકિયા અને એક અજાણ્યો શખ્સ તારીખ પંદર ઓગષ્ટના તેઓની પેઢી ખાતે આવી ઘઉંના લોટના વેપાર બાબતે વાત કરેલ હતી. ત્યારબાદ તેની સાથે વેપાર શરૂ કરતા પ્રથમ બે ઓર્ડરના પૈસા સમયસર ચૂકવી દીધેલ હતા.

જેથી ધવલકુમાર ધોળકીયા પર વિશ્વાસ આવી ગયેલ હતો. બાદ ૧૦/૯ના ૨૦૦ બેગ લોટ જેની કિંમતી રૂ.૧,૯૦,૫૦૦નો માલ મંગાવી પૈસા બાકી રાખેલ હતા. જે પૈસા આજે દીન સુધી ઉઘરાણી કરવા છતાં ચુકવેલ નથી. જેથી બંને પેઢીના માલિકોએ વેપારીનો વિશ્વાસ સંપાદન કરી લોટનો માલ મંગાવી કુલ રૂ.૪.૩૦ લાખ નહિ ચૂકવી ઠગાઈ આચરી હતી જેથી વેપારીએ જસદણ પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આમ લોકોને છેતરપીંડી કરવી હોય તો કોઇપણ રીતે કરી લેતાં હોય છે તેનો આ ઘટના પુરાવો આપી રહી છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેરબજારમાં મોટા નફાની લાલચ આપતી જાહેરાતો મુકી શિકાર કરતાં

ચારસો ડમી સીમકાર્ડથી તેત્રીસ કરોડનું ફ્રોડ

ચંડાળચોકડીએ સાથે મળી શેર બજાર, ફોરેક્સ ટ્રેડીંગમાં નફો આપવાની લાલચ દઇ સત્યાસી ગુના આચર્યાઃ રોકાણકારોને વિશ્વાસ અપાવવા એસીપીના નામે પણ ફોન કરી વાત કરતા!

રાજકોટ તા. ૬

રોકાણ પર નફાની લાલચ આપી અનેક લોકોના લાખો કરોડો રૂપિયા ગઠીયાઓ ઉસેડી લેતાં હોય છે. દેશભરમાં આ પ્રકારની સત્યાસી ઠગાઇ કરનારા ગઠીયાઓને પોલીસે દબોચ્યા છે. આ ચંડાળ ચોકડીએ ફ્રોડ આચરવા માટે ચારસોથી વધુ ડમી સીમ કાર્ડનો ઉપયોગ કરી વ્હોટ્સએપથી એક્ટીવ કરી તેના મારફત અધધધ તેત્રીસ કરોડથી વધુની ઠગાઇ કરી લીધી હતી. હવે આ ગઠીયાઓ હાથમાં આવતાં ફ્રોડના મોટા કારસ્તાનનો પર્દાફાશ થયો છે. શેરબજાર, ફોરેક્સ ટ્રેડીંગમાં ટુંકા દિવસોમાં મોટા નફાની લાલચ આપી આ ગઠીયાઓ ખેલ ફાડતાં હતાં.

વિગતો પર નજર કરીએ તો વડોદરા શહેર સાયબર ક્રાઇમ પોલીસે શેરબજાર અને ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરીને વધુ નફો કમાવવાની લાલચ આપી નાગરિકો સાથે ઓનલાઇન છેતરપિંડી આચરતા નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો. ચારસોથી વધુ ડમી સીમકાર્ડ નંબરોના આધારે ઇન્ટરનેશનલ ખાતાઓમાંથી વૉટ્સએપ એકાઉન્ટ એક્ટિવેટ કરીને ભારતીય નાગરિકોને નિશાન બનાવવામાં આવતા હતા. આ મામલે વડોદરા સાયબર ક્રાઇમ પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. તપાસમાં આરોપીઓ દ્વારા સીમકાર્ડ મેળવી તેના આધારે વોટ્સએપ એક્ટિવેશન માટે બ્લ્ભ પૂરા પાડવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. વધુમાં આરોપીઓ વિરુદ્ધ દેશનાં અલગ-અલગ રાજ્યોમાં એનસીઆરપી પોર્ટલ પર કુલ સત્યાસી ફરિયાદો નોંધાયેલી હોવાનું ખુલ્યું હતું.

આ તમામ ફરિયાદોની મળી કુલં રૂ.૩૩,૦૪,૮૩,૧૭૭ની છેતરપિંડી કરવામાં આવી હતી. આરોપીઓએ પૂર્વઆયોજિત કાવતરું રચીન ઓનલાઇન રોકાણના નામે લોકોને સાયબર ક્રાઇમના નિશાન બનાવ્યા હતા. સેબી રજિસ્ટર્ડ માર્ક સિક્યોરિટીઝ લિમિટેડના નામે ખોટા સ્ક્રીનશોટ મોકલી તેને અસલી હોવાનું જણાવી લોકોનો વિશ્વાસ જીતવામાં આવતો હતો. ત્યારબાદ વોલ સ્ટ્રીટ ધર્મા ડી-નાઇન અને શાર્ક ક્લબ ડી-નાઇન નામનાં વોટ્સએપ ગ્રૂપમાં લોકોને જોડવામાં આવતા હતા. ગ્રૂપમાં ડો. રાજીવ સિંઘ, ખુશી ગોયલ અને અન્ય એડમિનનાં નામે અલગ-અલગ મોબાઇલ નંબરોનો ઉપયોગ થતો હતો.



એટલું જ નહીં, પોલીસ અધિકારી એસીપી ગોડસે તરીકે ઓળખ આપીને પણ ભોગ બનનારનો વિશ્વાસ જીતવાનો પ્રયાસ કરવામાં આવતો હતો. આરોપીઓ દ્વારા શેરબજારમાં ટ્રેડિંગ અને ત્યારબાદ ત્ભ્બમાં રોકાણ કરવાના બહાને લોકોને વધુ નફાની લાલચ આપવામાં આવતી હતી. ટ્રેડિંગ એકાઉન્ટ ખોલાવવા માટે બનાવટી લિંક મોકલવામાં આવતી હતી અને એપ્લિકેશનમાં મોટો નફો થતો હોવાનું દર્શાવી ભોગ બનનારને વધુ નાણાં રોકવા પ્રેરિત કરવામાં આવતા હતા. આ રીતે અલગ-અલગ બેંક ખાતાઓમાં ઓનલાઇન નાણાં ટ્રાન્સફર કરાવી પરત નહીં આપી છેતરપિંડી કરવામાં આવતી હતી. પોલીસ ફરિયાદમાં રૂ.૧.૫૭ કરોડની રકમ અલગ-અલગ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરાવી હતી.

મસમોટા ફ્રોડના આ ગુખામાં પોલીસે સુબોધ ઉર્ફે રાજુ ગિરીરાજપ્રસાદ શર્મા, કરણ રામભાઈ કનૈયાલાલ ભાષાણી, આર્યનકુમાર અરવિંદભાઈ પંચાલ અને સર્વેશ ઉર્ફે ગનુ શરદ બાબુલાલ પાટીલની ધરપકડ કરી છે. ચારેયનો ગુનાહિત ઇતિહાસ રહ્યો છે. આરોપીઓની ભૂમિકા તપાસતાં સુબોધ અન્ય આરોપીઓને સીમકાર્ડ સપ્લાય કરતો હતો. કરણ ટેલિગ્રામ ગ્રૂપમાં જોડાઈ વોટ્સએપ એક્ટિવેશન માટેના ઓટીપી મેળવતો હતો. આર્યન ફાયનાન્સના ટ્રસ્ટ વોલેટ મારફતે શ્લ્ઝવ્માં નાણાં મેળવી અન્ય સાગરીતોને આપતો હતો અને તેના બદલામાં કમિશન મેળવતો હતો. જ્યારે સર્વેશ ર્ષ્ઠીદ્દખ્ષ્ટષ્ટ એક્ટિવેશનના ઓટીપી અન્ય સાગરીતોને પહોંચાડવાનું કામ કરતો હતો.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, તમામ આરોપીઓએ મળીને આશરે ૩૫૯ સીમકાર્ડનો ઉપયોગ કરીને વોટ્સએપ એકાઉન્ટ એક્ટિવેટ કરવા માટે ઓટીપી પૂરા પાડ્યા હતા. આ રીતે વિવિધ ઇન્ટરનેશનલ ખાતાઓ અને ડમી નંબરોના માધ્યમથી સાયબર છેતરપિંડીનું નેટવર્ક ચલાવવામાં આવતું હોવાની વિગતો સામે આવી છે. આરોપીઓ વિરુદ્ધ દેશનાં અલગ-અલગ રાજ્યોમાં નોંધાયેલી ૮૭ ફરિયાદોમાં રૂપિયા ૩૩.૦૪ કરોડથી વધુની છેતરપિંડીની રકમ દર્શાવવામાં આવી છે. પોલીસે આ નેટવર્ક સાથે સંકળાયેલા અન્ય લોકો અને નાણાકીય વ્યવહારો અંગે વધુ તપાસ હાથ ધરી હતી. સાયબર ઠગો ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, વોટ્સએપ, ટેલિગ્રામ અને યુટ્યુબ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેરબજારમાં મોટા નફાની લાલચ આપતી જાહેરાતો મૂકતા હતા. આવી જાહેરાતો પર ક્લિક કરનાર લોકોને શેરબજારની ટિપ્સ આપતા વોટ્સએપ અને ટેલિગ્રામ ગ્રૂપમાં જોડવામાં આવતા હતા. ત્યારબાદ મોબાઇલ એપ્લિકેશન અને લિંક મારફતે ટ્રેડિંગ એકાઉન્ટમાં નફો થતો હોવાનું દર્શાવી તેમનો વિશ્વાસ જીતવામાં આવતો હતો.

આ રીતે વિશ્વાસ સંપાદિત થયા બાદ ભોગ બનનારને બનાવટી એપ્લિકેશન ડાઉનલોડ કરાવવામાં આવતી હતી અને તેમના વતી રોકાણ કરવાના બહાને અલગ-અલગ ખાતાઓમાં નાણાં પડાવવામાં આવતા હતા. એપ્લિકેશનમાં લાખો રૂપિયાનો નફો થયો હોવાનું દર્શાવી વધુ રોકાણ કરવા ેરિત કરવામાં આવતા હતા. જોકે, જ્યારે ભોગ બનનાર નફાની રકમ કે રોકાણ કરેલા નાણાં પરત મેળવવા માટે સંપર્ક કરતા ત્યારે આરોપીઓ જવાબ આપવાનું બંધ કરી દેતા હતા અને ત્યાં સુધીમાં મોટી રકમની છેતરપિંડી થઈ ચૂકી હોતી હતી. પોલીસે નાગરિકોને ટેલિગ્રામ અને વોટ્સએપ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર રોકાણ કરીને મોટો નફો કમાવવાની લાલચ આપતા મેસેજ કે ફોન કોલથી સાવચેત રહેવા અપીલ કરી છે. શેરબજાર અંગે ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ પર આવતી લોભામણી જાહેરાતોની ખરાઈ કર્યા બાદ જ કોઈ નાણાકીય વ્યવહાર કરવો જોઈએ. આધારકાર્ડ, ભ્ખ્ફ કાર્ડ અને ફોટોગ્રાફ જેવા વ્યક્તિગત દસ્તાવેજો પૂરતી ચકાસણી વિના કોઈને આપવા નહીં. આ ઉપરાંત પોતાનું બેંક ખાતું કે સીમકાર્ડ કોઈપણ વ્યક્તિને લાલચમાં આવીને વાપરવા આપવું નહીં, કારણ કે તેના ગેરકાયદેસર ઉપયોગ બદલ ખાતાધારક કે સીમકાર્ડ ધારક પણ કાયદાકીય મુશ્કેલીમાં મુકાઈ શકે છે. જો કોઈ વ્યક્તિ સાયબર છેતરપિંડીનો ભોગ બને તો તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશન અથવા સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરવા પોલીસે જણાવ્યું હતું.

LOVE ફાઈલ ઈન્સ્ટોલ કરી ને સાડા નવ લાખ ગ્યા

બીજી ઘટનામાં રિક્ષાચાલકનો ફોન હેક કરી બારોબાર રૂપિયા ગાયબ કરી લેવાયા



રાજકોટ તા. ૬

સાયબર ગઠીયાઓ અલગ અલગ પ્રકારે એપીકે ફાઇલ જે તે મોબાઇલ ધારકોને મોકલી તેમનો ફોન હેક કરી બેંક ખાતા ખાલી કરી રહ્યા છે. આરટીઓ ઇ-ચલણના નામે અને આમંત્રણ પત્રિકાના નામે આવી ફાઇલો મોકલવામાં આવે છે. તો ઘણીવાર બેંક કર્મચારીના નામે ફોન કરી કેવાયસી અપડેટ, ક્રેડી કાર્ટની સ્કીમના નામે પણ એપીકે ફાઇલ મોકલી આવી ઠગાઇ થતી રહે છે. ગેસ બીલના નામે પણ ગઠીયાઓ ખેલ પાડી દેતાં થયા છે. આ દરમિયાન એક યુવાનને લવચાટ એપીકે ફાઇલ મોકલી ફોન હેક કરી સાડા નવ લાખ ઉસેડી લેવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ રાણીપમાં રહેતા અને મોબાઈલ સ્ટોરમાં કામ કરતા યુવકના મોબાઈલમાં સાયબર ગઠિયાઓએ લવચાટ.એપીકે ફાઇલ મોકલી લાખો રૂપિયા ઉપાડી લીધા છે. ખ્ભ્દ ફાઈલ ઇન્સ્ટોલ કરાવીને ફોનનો એક્સેસ લઈને રૂપિયા ૯.૪૮ લાખ બીજા ખાતામાં ટ્રાન્સફર કરીને સાયબર ફ્રોડ આચર્યું હતું. ગઠિયાએ બેંકની માહિતી ચોરીને ર્ભેક્કશ ગેટવે મારફતે લાખો રૂપિયા અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લેતાં ભોગ બનનાર યુવકે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. રાણીપ વિસ્તારમાં રહેતા અને મોબાઈલ સ્ટોરમાં નોકરી કરતા ઓગણત્રીસ વર્ષીય યુવકને અજાણ્યા શખ્સે મોબાઈલ નંબર પર એક ટેક્સ્ટ મેસેજ મોકલ્યો હતો.

જેમાં લવચાટ.એપીકે નામની એક ફાઈલ ઇન્સ્ટોલ કરાવી હતી. આ ફાઈલથી ગઠિયાએ યુવકના મોબાઈલનો એક્સેસ લઈ લીધો હતો અને તેમના બેંક એકાઉન્ટ તથા પાસવર્ડની માહિતી લીધી હતી. ત્યારબાદ હેકર પે યુ પેમેન્ટ ગેટવે દ્વારા અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરીને તેમના બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૯.૪૮,૪૯૩ અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધા હતા. આ અંગે જાણ યુવકને ૧ નવેમ્બરે થઈ જ્યારે તેમણે પોતાની મોબાઈલ બેન્કિંગ એપ્લિકેશન ખોલવાનો પ્રયાસ કર્યો. એપ્લિકેશન ના ખુલતા તેમણે નવો પાસવર્ડ સેટ કરીને લોગીન કર્યું ત્યારે ખાતામાંથી રકમ કપાઈ ગયાનું ધ્યાને આવ્યું હતું. તપાસ કરતા જાણવા મળ્યું કે તેના ફોન પર આધાર ઓટીપીનો મેસેજ પણ આવ્યો હતો. આ ફ્રોડ અંગે યુવકે ૧૯૩૦ હેલ્પલાઇન પર ફરિયાદ નોંધાવી હતી. જે બાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે જઈને પોતાનો મોબાઈલ ચેક કરાવતા તેમાંથી ટેકનિકલ એક્સપર્ટન લવચાટ.એપીકે નામની વાયરસ ફાઇલ મળી આવી હતી.

બીજી ઘટનામાં રિક્ષાચાલક સાયબર ફ્રોડનો ભોગ બન્યો હતો. વાઘોડિયાના લીમડા ગામે રિક્ષાચાલક રાહુલ ઓંડે સાયબર છેતરપિંડીનો ભોગ બન્યા છે. ગઠિયાઓએ તેમનો ગુગલ પે હેક કરીને એસબીઆઇના બંને ખાતામાંથી કુલ સત્યોતેરરૂપિયા બારોબાર સેરવી લીધા. કોઈ ઓટીપી કે મેસેજ વગર જ પૈસા કપાઈ જતા રાહુલભાઈએ વાઘોડિયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. વાઘોડિયા તાલુકાના લીમડા ગામે રિક્ષા ડ્રાઇવિંગ કરતા યુવાનના મોબાઇલમાં ગુગલ પે એપ્લિકેશન હેક કરી સાયબર ગઠિયાઓએ બારોબાર રકમ સેરવી લીધી હતી.

વધુ વિગત મુજબ વાઘોડિયામાં ઉંડા ફળિયામાં રહેતા રાહુલ ગણપતભાઇ ઓંડે વાઘોડિયા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે હું રિક્ષા ડ્રાઇવિંગ કરું છું. તેમજ મારા અને મારી પત્નીના એસબીઆઇ એકાઉન્ટ સાથે જોડેલ ગુગલ પે એપ્લિકેશનનો ઉપયોગ કરું છું. બપોરે હું ગુગલ પે એપ્લિકેશન ખોલી બેલેન્સ ચેક કરતા મારા એકાઉન્ટમાં માત્ર રૂપિયા.૫૪ અને પત્નીના એકાઉન્ટમાં રૂપિયા૧૧૫૦ બેલેન્સ બતાવતું હતું. બંને એકાઉન્ટોમાંથી કોઇ રકમ ટ્રાન્સફર મેં કરી નહી હોવાથી બેન્કમાં જઇ તપાસ કરાવતા યુપીઆઇ આઇડીથી બંને એકાઉન્ટોમાંથી બારોબાર કુલ સત્યોતેર હજાર ડેબિટ થઇને અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર થઇ ગયા હોવાનું જણાયું હતું. નાણાંકિય વ્યવહાર માટે મને કોઇ મેસેજ કે કોલ પણ આવ્યો ન હતો અને બારોબાર પૈસા કપાઇ ગયા હતાં. ઉપરોક્ત વિગતોની ફરિયાદના પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રેમના નામે ખેલ ખેલનારા શેરીએ ગલીએ હોય છે, તેને ઓળખીને તેનાથી બચવું જરૂરી

સોશિયલ મિડીયાથી યુવતિને ડોકરટના નામે ફસાવી લીધી!

લાંબો સમય શોષણ થયા બાદ યુવતિએ સંબંધ પુરો કરતાં ન્યુડ ફોટા વાયરલ કરવાની ધમકી દઈ મળવા બોલાવી કારમાં ધરાર અડપલા કરી બેફામ માર પણ માર્યોઃ અંતે યુવતિએ લીધી પોલીસની મદદ

રાજકોટ તા. ૬

આજના સમયમાં પ્રેમના નામે ખેલ ખેલનારા અનેક લેભાગુઓ કોઇને કોઇ સગીરાઓ, યુવતિઓ કે પરિણીતાઓની જિંદગી દોજખ બનાવી દેતાં હોય છે. તાજેતરમાં જ રાજકોટમાં એક યુવતિને પ્રેમીએ દગો દેતાં તેણે મોતનો રસ્તો અપનાવવા મજબૂર થવું પડ્યું હતું. પ્રેમી પાછળ તેણીએ સર્વસ્વ લૂંટાવી દીધુ હતુ પણ પ્રેમી બીજી સાથે લફરા કરતો હોવાનું ખુલ્યું હતું. વધુ એક ઘટના જોઇએ તો પ્રેમસંબંધનો અંત આવ્યા પછી એક લેભાગુએ ન્યુડ ફોટા વાયરલ કરવાની ધમકી દઇ પ્રેમિકાની બેફામ ધોલધપાટ કરી નાંખી હતી. હદ તો ત્યાં થઇ કે આ લેભાગુઓ પોતે ડોક્ટર છે તેવી ખોટી ઓળખ આપી યુવતિને મોહજાળમાં ફસાવી હતી.

પાટનગર ગાંધીનગરની છે. વિગતો જોઇએ તો ગાંધીનગરના સ્વાગત હોલીડે મોલ પાસે સોશિયલ મીડિયાના માધ્યમથી પરિચયમાં આવેલા પ્રેમીએ યુવતીને ન્યૂડ ફોટા વાઇરલ કરવાની ધમકી આપી બળજબરીથી ગલીમાં ખેંચી જઈ બાહુપાશમાં જકડીને માર માર્યાની અને મારી નાખવાની ધમકી આપ્યાની ઘટના સામે આવી આવતાં આ મામલે ઇન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે અને તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે અમદાવાદમાં વયોવૃદ્ધ માતા-પિતા રહેતી પાંત્રીસ વર્ષીય યુવતીના લગ્ન થયા હતા. પરંતુ પતિ સાથે મનમેળ ન હોવાના કારણે તે છૂટાછેડા માટેનો કેસ અમદાવાદ કોર્ટમાં લડી રહી છે. આ દરમિયાન સોશિયલ મીડિયાના માધ્યમથી મનન પાંડે નામના શખ્સ સાથે તેનો સંપર્ક થયો હતો.



એ વખતે મનને પોતે ઓઢવ અમદાવાદમાં રહેતો હોવાનું અને આયુર્વેદિક ડૉક્ટર હોવાનું જણાવ્યું હતું. આમ બન્ને વચ્ચે પરિચય વધ્યા પછી પ્રેમ પાંગર્યો હતો અને બંનેએ પોતાની મરજીથી શારીરિક સંબંધ બાંધ્યા હતા. છ મહિના સુધી સંબંધો સારા રહ્યા બાદ એક દિવસ યુવતીએ મળવાની ના પાડતા પ્રમી મનન પાંડેએ તેના ન્યૂડ ફોટા અને વીડિયો બનાવી લીધા હોવાનું જણાવી વાઇરલ કરવાની ધમકી આપી હતી. આ ન્યૂડ ફોટા વીડિયો વાઇરલ થવાની દહેશત ઉભી કરી આરોપી છેલ્લા એક વર્ષથી યુવતીને અવારનવાર માનસિક ત્રાસ આપતો હતો તથા પોતાની માગણી મુજબ ફરીથી ન્યૂડ ફોટા મંગાવતો રહેતો હતો. આ મામલે અગાઉ અમદાવાદ શહેર મહિલા પોલીસ સ્ટેશનમાં અરજી કર્યા બાદ આરોપીએ માફી માગી વીડિયો ડિલિટ કરવાની બાહેધરી આપતા સમાધાન થયું હતું.

પરંતુ થોડા સમય બાદ તેણે ફરીથી હેરાનગતિ શરૂ કરી હતી. બાદમાં હાલમાં તાજેતરમોં મનને ફોન કરીને ફક્ત એક જ વખત રૂબરૂ મળી લે તો ક્યારેય હેરાન નહીં કરે તેવી વાત કરી ગાંધીનગર સરગાસણ ખાતે આવેલા સ્વાગત હોલીડે મોલ પાસે બોલાવી હતી. જેથી યુવતી તેની અન્ય મિત્રો સાથે પોતાની કિયા કાર લઈને સાંજના પાંચેક વાગ્યાના અરસામાં ત્યાં પહોંચી હતી. તે સમયે મનન હોન્ડા સિટી ગાડી લઈને પહોંચ્યો હતો અને વાતચીત કરવાના બહાને યુવતીને મોલ નજીક એક ગલીમાં લઈ ગયો હતો. જ્યાં જઈને મનને તે મારી સાથે સંબંધો કેમ તોડી નાખ્યા છે? કહી બળજબરીથી યુવતીને બાહુપાશમાં જકડી લઈ ઝપાઝપી કરી બિભત્સ ગાળો બોલી હતી.

તેમજ મોઢા પર બે ત્રણ લાફા મારી દીધા હતા. આ ઉપરાંત યુવતીને રોડ પર પાડીને પેટના ભાગે બે-ત્રણ પાટા મારી ઇજા પહોંચાડી હતી. યુવતીની કારની ચાવી પણ ઝુંટવી લીધી હતી. જે આજદિન સુધી પરત આપી નથી.આ ઘટનાથી ડરી ગયેલી યુવતીએ બૂમાબૂમ કરતા તેની મિત્રોએ દરમિયાનગીરી કરી તેને વધુ મારમાંથી છોડાવી હતી. તે સમયે મનને જો પોલીસ કેસ કરવામાં આવશે કે સંબંધ નહીં રાખવામાં આવે તો જાનથી મારી નાખવાની અને પોલીસમાં મોટી ઓળખાણ હોવાની ધમકી આપી હતી. એ વખતે તેની ધમકીઓથી ડરી જઈને યુવતીએ તે સમયે ફરિયાદ નોંધાવી ન હતી. જોકે ત્યારબાદ પણ રાત્રે પણ મનને અજાણ્યા નંબરોથી ફોન કરીને હેરાન કરતો હોઈ યુવતીએ હિંમત કરી પોતાના માતા-પિતાને આ અંગેની તમામ હકીકત જણાવી હતી. આખરે યુવતીએ સમગ્ર મામલે ઇન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સોશિયલ મિડીયાથી કે પછી બીજી કોઇપણ રીતે કોઇની પણ સાથે આ રીતે મિત્રતા કે પ્રેમમાં આગળ વધતા પહેલા પુરેપુરી તપાસ કરવી જરૂરી છે. હાલના સમયમાં પ્રેમના નામે ખેલ ખેલનારા લેભાગુઓ શેરીએ ગલીએ હાજર હોય છે. આવા લેભાગુઓથી બચવું જરૂરી છે. આ માટે ખુદ સગીરાઓ, યુવતિઓ, પરિણીતાઓએ જાગૃત રહેવું ખુબ જરૂરી બની ગયું છે.

માત્ર મંજૂરી નહીં, પદાધિકારીઓએ પ્રોજેક્ટ્સની ડિટેઇલ રિપોર્ટ સાથે ખર્ચ અને કરકસરનો હિસાબ માંગ્યો

વિકાસના ૯૮ કામો પડ્યા ઘોંચમાં

સ્ટેન્ડિંગ કમિટીએ કમિશનરની દરખાસ્ત પરત મોકલી; દિવાળી પછી તબક્કાવાર સમીક્ષા બાદ લેવાશે નિર્ણય

રાજકોટ, તા. ૬

રાજકોટ મહાનગરપાલિકામાં ભાજપના નવા શાસકોએ પદ સંભાળ્યા બાદ આર્થિક કરકસરના ભાગરૂપે પાંચ મહિના પૂર્વે જે ૯૮ જેટલા વિકાસકામો પર બ્રેક મારી દીધી હતી, તે તમામ પ્રોજેક્ટ્સનું ભવિષ્ય હજુ પણ ધૂમ્રસરો અને અંધારામાં ઘેરાયેલું રહ્યું છે. આજ મળેલી સ્ટેન્ડિંગ કમિટીની મહત્વપૂર્ણ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર દ્વારા આ અટવાયેલા કામોને ફરી ધમધમતા કરવા માટે મંજૂરી માંગતી ખાસ દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી, પરંતુ શાસકોએ એકસામટી મંજૂરી આપવાના બદલે તમામ ફાઇલો પર લાલબત્તી ધરી દીધી છે અને ડિટેઇલ અહેવાલ માંગતા કમિશનરને દરખાસ્ત પરત મોકલી આપી છે.

આગામી તહેવારો અને દિવાળી નજીક હોવા છતાં આ તમામ જરૂરી અને બિનજરૂરી ગણાતા વિકાસકામો શરૂ થવાનો માર્ગ હાલ પૂરતો તો સાફ થયો નથી. મે મહિનામાં નવા શાસકોની સત્તા આવ્યા બાદ એવો નીતિગત નિર્ણય લેવાયો હતો કે જે પ્રોજેક્ટ્સની સ્થળ પરની પ્રગતિ વીસ ટકાથી ઓછી થઈ હોય તેવા તમામ કામોને તાત્કાલિક અસરથી સ્થગિત કરી દેવા. આ આદેશના પગલે શહેરમાં ચાલી રહેલા અંદાજે રૂા. ૮૪૬.૪૯ કરોડના મંજૂર થયેલા ૯૮ જેટલા વિવિધ વિકાસકામો અધવચ્ચે જ રોકી દેવામાં આવ્યા હતા. લાંબા સમયના વિરામ બાદ વહીવટી તંત્ર દ્વારા આ તમામ પ્રોજેક્ટ્સને ફરીથી વેગ આપવા માટે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત મૂકવામાં આવી હતી, જેથી કામો આગળ ધપાવી શકાય.

જોકે, આજની બેઠક બાદ ચેરમેન પરેશ પીપળીયાએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે માત્ર પ્રોજેક્ટ શરૂ કરવા માટેની મંજૂરી માંગવાથી કામ નહીં ચાલે, કારણ કે વહીવટી તંત્ર દ્વારા તમામ ૯૮ કામોની એકસાથે દરખાસ્ત મોકલી દેવાઈ હતી જેને સ્વીકારવામાં આવી નથી. શાસક પક્ષ દ્વારા એવું કડક વલણ અપનાવવામાં આવ્યું છે કે કયો પ્રોજેક્ટ નાગરિકો માટે કેટલો અનિવાર્ય અને અતિ આવશ્યક છે, અત્યાર સુધી તેની કેટલી કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે અને તે પાછળ કેટલો ખર્ચ ચૂકવાઈ ચૂક્યો છે તેની સંપૂર્ણ વિગતો હોવી જોઈએ. આ ઉપરાંત કોન્ટ્રાક્ટરો સાથેની વાટાઘાટો દરમિયાન ભાવઘટાડો કેટલો મેળવી શકાયો છે અને આ સમગ્ર પ્રક્રિયામાં મહાપાલિકાની તિજોરી પર ભારણ ન પડે તે માટે કેટલી કરકસર થઈ શકે તેમ છે તેની ઝીણવટભરી છાનબીન કરવામાં આવી રહી છે.



શાસકો સતત એ વાતની ચકાસણી કરી રહ્યા છે કે પાલિકાના નાણાંનો વ્યય ન થાય અને મહત્તમ બચત થઈ શકે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને તમામ કામોની ફરીથી સંપૂર્ણ અને વિસ્તૃત વિગતો સાથેનો રિપોર્ટ રજૂ કરવા માટે વહીવટી તંત્રને સૂચના આપવામાં આવી છે. હવે કમિશનર દ્વારા કયા પ્રકારની નવી દરખાસ્ત રજૂ કરવામાં આવે છે તેના પર મીટ માંડવામાં આવી છે. આશરે સાડા આઠસો કરોડ રૂપિયાના આ માતબર ખર્ચવાળા વિકાસકામોને લઈને શાસક પક્ષ હવે દિવાળી પછી તબક્કાવાર રીતે સમીક્ષા કરશે અને જે કામો અત્યંત જરૂરી હશે તેને જ જરૂરિયાત મુજબ ક્રમશઃ મંજૂરી આપતા જશે તેવી જાહેરાત કરવામાં આવી છે. આ લાંબી પ્રક્રિયાના કારણે શહેરીજનો દ્વારા રાહ જોવાયેલા આ પ્રોજેક્ટ્સ જમીન પર ક્યારે સાકાર થશે અને ક્યારે વાસ્તવિક રૂપ ધારણ કરશે તે અંગે આજે પણ ભારે અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે.

નાણાકીય અંકુશ અને બિનજરૂરી ખર્ચ સામે લાલબત્તી

ધનતેરસે મનપાની ૨૦૪ કરોડની ભેટ

લાભપાંચમથી ૧૭૦ કરોડના ડામરકામ ધમધમશે : મિસ્ટ કેનન અને વધુ પડતા ખર્ચવાળા બાથરૂમની દરખાસ્ત ફગાવી શાસકોએ કડક નાણાકીય શિસ્તના આપ્યા સંકેત : મંડપ ડેકોરેશનમાં એજન્સીઓના ભાવ ૪૫ ટકા ગગડ્યા, દિવાળી ઉત્સવના ખર્ચમાં પણ મોટો કાપ મૂકાયો

રાજકોટ, તા. ૬

રાજકોટ મહાનગરપાલિકાની ધનતેરસના પવિત્ર દિવસે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં શહેરીજનો માટે વિકાસની મોટી ભેટોની વણઝાર જોવા મળી છે. મેયર ડો. નેહલ શુકલ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયા દ્વારા સંકલન સાધીને લેવાયેલા નિર્ણયો મુજબ, શહેરમાં આગામી લાભપાંચમથી જ ૧૭૦ કરોડ રૂપિયાના ખર્ચે નવા ડામર રોડ બનાવવાની કામગીરીનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવશે. છેલ્લા કેટલાક સમયથી ડામરના વધેલા ભાવના કારણે રસ્તાના કામોમાં જે અવરોધો ઊભા થયા હતા, તેને દૂર કરવા રાજ્ય સરકારની માર્ગદર્શિકા મુજબ કોન્ટ્રાક્ટરોને ભાવ તફાવત ચૂકવવાનો મહત્ત્વનો નિર્ણય લેવાયો છે.

શહેરના તમામ ૧૮ વોર્ડમાં ખાસ કરીને રહેણાંક વિસ્તારો, સોસાયટીઓ અને આંતરિક માર્ગોને અગ્રતા આપીને કુલ ૧૩૭ કિલોમીટર લંબાઈના રસ્તાઓ ડામરથી મઢવામાં આવશે. જેમાં ઈસ્ટ ઝોનમાં ૬૮.૧૮ કરોડના ખર્ચે ૫૫ કિ.મી., સેન્ટ્રલ ઝોનમાં ૬૬.૪૩ કરોડના ખર્ચે ૬૪ કિ.મી. અને વેસ્ટ ઝોનમાં ૩૬.૧૯ કરોડના ખર્ચે ૧૫ કિ.મી.ના રોડ સુધારણા કાર્યો સામેલ છે. સિમેન્ટ કોંક્રિટ રોડ બાબતે હાલ કોઈ નવી નીતિ અમલમાં ન મૂકતા મહાનગરપાલિકાનું સંપલ૦ખ× ધ્યાન ડામર રોડ અને પેચવર્ક પર જ કેન્દ્રિત રહેશે તેવી સ્પષ્ટતા ચેરમેન દ્વારા કરવામાં આવી છે.

વોર્ડ નં. ૪માં ઓમપાર્ક મેઈન રોડ પર બ્રિજ માટે ૨.૮૩ કરોડ અને વોર્ડ નં. ૧૮માં રણુજા મંદિર પાસે બ્રિજ



બનાવવા માટે ૧૭.૫૦ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. વોર્ડ નં. ૩માં ગટર ફરિયાદ નિકાલ માટે ૪૬.૭૬ લાખ, વોર્ડ નં. ૧૬માં આંગણવાડી બનાવવા માટે ૨૪.૮૫ લાખ, લાઈબ્રેરી હાઉસકીપિંગ અને સેન્ટ્રલ ઝોનમાં બગીચા તથા લાઈટીંગ જાળવણીના કરોડોના કોન્ટ્રાક્ટ્સ પાસ કરાયા છે. સખી મંડળો અને મિત્ર મંડળોની ગ્રાન્ટ પ્રતિદિન ૧૮૦ રૂપિયામાંથી વધારીને ૨૫૦ રૂપિયા કરાઈ છે, જ્યારે જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશનની ગ્રાન્ટ ૧૦ લાખથી વધારીને ૧૫ લાખ કરાઈ છે.

આજની આ બેઠકમાં એજન્ડા પર રહેલી કુલ ૪૪ દરખાસ્તોમાંથી ૧૯ દરખાસ્તો પેન્ડીંગ રાખવામાં આવી છે, જ્યારે ૨ દરખાસ્તો સીધી નામંજૂર કરીને શાસકોએ કડક નાણાકીય શિસ્તના સ્પષ્ટ સંકેતો આપ્યા છે. હવાનું પ્રદૂષણ ઘટાડવાના નામે પાંચ કરોડ ૯૯ લાખના ખર્ચે ત્રણ મિસ્ટ કેનન વાન ખરીદવાની દરખાસ્ત એ કારણસર ફગાવાઈ હતી કે ડેમો દરમિયાન પાણીનો વધુ બગાડ થતો હતો અને રાજકોટ એર પોલ્યુશનમાં દેશમાં પહેલેથી જ સાતમા ક્રમે છે. આ ઉપરાંત, વોર્ડ નં. ૧૫માં ગંજીવાડા પીટીસી રોડ પર માઠા પ્રસંગ માટે બનનારા બાથરૂમનો પ્રતિકૂળ ફૂટદીઠ ત્રણ હજારનો ઊંચો ખર્ચ અને અગાઉથી જ પૂરતી સુવિધા હોવાના કારણે તે દરખાસ્ત પણ રદ કરવામાં આવી છે.

વિવાદાસ્પદ મંડપ સર્વિસના ટેન્ડરમાં જુની જ એજન્સી 'ઉમિયાજી મંડપ ડેકોરેશને' એસઓઆર કરતાં ૪૫ ટકા નીચા ભાવ દર્શાવતા બે વર્ષનો ૯ કરોડનો કોન્ટ્રાક્ટ મંજૂર કરાયો છે. આ વર્ષના દિવાળી ઉત્સવ, રોશની અને સાંસ્કૃતિક કાર્યક્રમો પાછળ ગત વર્ષની સરખામણીએ ખર્ચમાં મોટો કાપ મૂકવામાં આવ્યો છે. રીંગ રોડ પર જગ્યા મર્યાદિત કરી ટેબ્લો કાર્નિવલ અને ફૂડ ફેસ્ટિવલ જેવા નવા આયોજનો ઉમેરાયા છે. આ બેઠકમાં તિથિ અનુસાર કમિશનર તુષાર સુમેરાનો જન્મદિન હોવાથી મેયર સહિતના પદાધિકારીઓએ તેમને પુષ્પગુચ્છ આપીને શુભેચ્છા પાઠવી હતી. તંત્ર અને પદાધિકારીઓના આ સંકલિત અભિગમથી રાજકોટમાં આગામી દિવસોમાં વિકાસના કાર્યો વધુ વેગવંતા બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે.

એકાણું ગ્રામ પંચાયતોમાં સરપંચ પદનું 'રોસ્ટર' જાહેર

તાલુકામાં ચૂંટણી પૂર્વે રાજકીય ચિંગારી : ગ્રામ્ય રાજકારણમાં ભારે ગરમાવો , ગામડાઓમાં સમીકરણો બદલાયા



રાજકોટ, તા. ૬

રાજકોટ જિલ્લાની ગ્રામ પંચાયતોની આગામી ડિસેમ્બર ૨૦૨૬માં યોજાનારી ચૂંટણીને લઈને વહીવટી તંત્ર દ્વારા જોરશોરથી તૈયારીઓ આરંભી દેવામાં આવી છે, જેના ભાગરૂપે રાજકોટ તાલુકાની ૯૧ ગ્રામ પંચાયતોમાં સરપંચની અનામત બેઠકોનું માળખું જાહેર કરી દેવામાં આવ્યું છે. તાલુકા પંચાયતના કાર્યક્ષેત્ર હેઠળ આવતી આ તમામ ૯૧ ગ્રામ પંચાયતો માટે સરપંચ પદની કેટેગરીવાર અનામત બેઠકોની ફાળવણી દર્શાવતું રોસ્ટર રજિસ્ટર એટલે કે 'નમૂનો-૭' જાહેર થતા જ ગ્રામ્ય વિસ્તારોમાં ભારે રાજકીય ગરમાવો આવી જવા પામેલ છે.

આ જાહેર કરાયેલા રોસ્ટરમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તેમજ સામાન્ય વર્ગ માટે બેઠકોનું ચોક્કસ અને સ્પષ્ટ વર્ગીકરણ કરવામાં આવ્યું છે. સાથે જ મહિલા પ્રતિનિધિત્વને ધ્યાનમાં રાખીને દરેક કેટેગરીમાં મહિલા અનામત બેઠકોની પણ ફાળવણી કરવામાં આવી છે, જેથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં નારી શક્તિની ભાગીદારી સુનિશ્ચિત થઈ શકે. વહીવટી તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર રોસ્ટર મુજબ, રાજકોટ તાલુકાની કુલ ૯૧ ગ્રામ પંચાયતોમાં અનુસૂચિત જાતિ (SC) વર્ગ માટે સરપંચ પદની કુલ ૮ બેઠકો અનામત રાખવામાં આવી છે. આ ૮ બેઠકોમાંથી ૪ બેઠકો અનુસૂચિત જાતિની મહિલા ઉમેદવારો માટે અને બાકીની ૪ બેઠકો સામાન્ય ઉમેદવારો માટે નિર્ધારિત કરવામાં આવી છે. જ્યારે બીજી તરફ, અનુસૂચિત આદિજાતિ (ST) વર્ગ માટે સરપંચ પદની માત્ર એક જ બેઠક ફાળવવામાં આવી છે, જે સંપૂર્ણપણે મહિલા અનામત હેઠળ રાખવામાં આવી છે. આના કારણે આ કેટેગરીમાં માત્ર મહિલા ઉમેદવારને જ સરપંચ બનવાની સત્તાવાર તક મળશે.

આ ઉપરાંત, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC/OBC) માટે કુલ ૨૫ બેઠકોનું અનામત માળખું નક્કી કરવામાં આવ્યું છે. આ ૨૫ બેઠકોમાંથી ૧૩ બેઠકો મહિલા ઉમેદવારો માટે અનામત રાખવામાં આવી છે, જ્યારે ૧૨ બેઠકો સામાન્ય ઉમેદવારો માટે ફાળવવામાં આવી છે. આ તમામ વર્ગો ઉપરાંત બિનઅનામત એટલે કે સામાન્ય વર્ગ માટે સૌથી વધુ ૫૭ બેઠકો ફાળવવામાં આવી છે. આ ૫૭ બેઠકોમાંથી ૨૮ બેઠકો સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો માટે અને ૨૯ બેઠકો સામાન્ય વર્ગના અન્ય ઉમેદવારો માટે ખુલ્લી રાખવામાં આવી છે.

નમૂનો-૭ જાહેર થવાની સાથે જ રાજકોટ તાલુકાના ગામડાઓમાં ચૂંટણીનો માહોલ જામી ગયો છે અને રાજકીય ગરમાવો પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. જે બેઠકો અનામત કે મહિલા અનામત જાહેર થઈ છે ત્યાં અગાઉથી તૈયારી કરી રહેલા દાવેદારોના સમીકરણો બદલાઈ ગયા છે અને હવે નવા ચહેરાઓ તથા ઉમેદવારોની શોધખોળ શરૂ થઈ ચૂકી છે. ગામડાઓના ચોરા અને ઓસરીઓ પર હવે માત્ર આગામી ચૂંટણી અને સરપંચપદની દાવેદારીની જ ચર્ચાઓ ગુંજી રહી છે.

ધનતેરસે રાજકોટ શહેરમાં આગતાંડવ

પાર્કિંગમાં પડેલી ૫ ગાડીમાં આગ

એક ગાડીમાં અચાનક ઉપડેલો અગ્નિનો લપકારો જોતજોતામાં વિકરાળ બન્યો ફાયર બ્રિગેડે સમયસર દોડી જઈ હોનારત અટકાવી, લાખોનું આર્થિક નુકસાન

રાજકોટ, તા. ૬

સૌરાષ્ટ્રના પાટનગર સમાન રાજકોટ શહેરના પોશ વિસ્તાર ગણાતા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલ પુનિત નગર પાછળના માધવ પાર્કમાંથી એક અત્યંત ચોંકાવનારા અને કાળજું કંપાવનારા સમાચાર સામે આવ્યા છે. માધવ પાર્કના કોમન પાર્કિંગમાં પાર્ક કરેલી એક કારમાં અચાનક કોઈ અગમ્ય કારણોસર આકસ્મિક આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં આ અગ્નિજ્વાળાઓએ એવો વિકરાળ રૂપ ધારણ કર્યો કે આજુબાજુમાં લાઈનસર ઊભેલી અન્ય ચાર ગાડીઓને પણ પોતાની ભયાનક લપેટમાં લઈ લીધી હતી. આંખના પલકારામાં જ એક પછી એક એમ કુલ પાંચ ગાડીઓ આગના ગોળામાં ફેરવાઈ ગઈ હતી અને બળીને રાખનો ઢગલો થઈ ગઈ હતી.

ઘટનાની વિગતો મુજબ, પાર્કિંગ સ્પેસમાં ગાડીઓ એકબીજાની અત્યંત નજીક પાર્ક કરેલી હોવાથી અગ્નિએ પવન વેગે ફેલાઈને બાજુની કારોને ખૂબ જ ઝડપથી પોતાની ચપેટમાં લઈ લીધી હતી. આગ એટલી ભયાનક હતી કે તેના કાળા ડિબંગ ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી આકાશમાં છવાઈ ગયા હતા. ઘટનાને પગલે આસપાસની સોસાયટીઓ અને રહીશોમાં ભારે અફરાતફરી અને દોડધામ મચી ગઈ હતી. સવારના કે સાંજની શાંતિ વચ્ચે અચાનક ફાટી નીકળેલી આ આગને કારણે લોકો જીવ બચાવવા રસ્તા પર દોડી આવ્યા હતા અને અન્ય વાહનમાલિકો પણ પોતાની ગાડીઓ સુરક્ષિત જગ્યાએ ખસેડવા માટે ભારે ચિંતામાં મુકાઈ ગયા હતા. આગની જ્વાળાઓ એટલી તેજ હતી કે તેની ગરમી આસપાસના મકાનો સુધી અનુભવાતી હતી, જેના કારણે લોકોમાં ભયનો માહોલ વધુ ઘેરો બન્યો હતો.

આ ગંભીર સ્થિતિની જાણ થતાં જ



સ્થાનિકો દ્વારા તુરંત જ ફાયર બ્રિગેડના કંટ્રોલ રૂમનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. માહિતી મળતાની સાથે જ ફાયર ફાઈટરોનો કાફલો સાયરન વગાડતો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર ટીમે તાત્કાલિક મોરચો સંભાળીને પાણીનો મારો ચલાવવાનું શરૂ કર્યું હતું. ભારે જહેમત અને કસરત બાદ ફાયર જવાનોએ અગ્નિની વિકરાળ જ્વાળાઓ પર કાબૂ મેળવવામાં સફળતા મેળવી હતી. ફાયર બ્રિગેડની સમયસર અને સરાહનીય કામગીરીના કારણે આજુબાજુની અન્ય મિલકતો, મકાનો કે વધુ વાહનો સુધી આગ ફેલાતી અટકી શકી હતી, જેનાથી એક બહુ મોટી જાનહાનિ ટળી હતી.

આ સમગ્ર ભયાનક અગ્નિકાંડમાં સૌથી મોટી રાહતરૂપ અને આશ્વાસનરૂપ બાબત એ રહી કે આટલી મોટી દુર્ઘટના સર્જાવા છતાં કોઈ માનવ જાનહાનિ કે ઈજા થયાના અહેવાલ નથી. જોકે, માત્ર ગણતરીની મિનિટોમાં જ પાંચ-પાંચ લક્ઝરી કાર સંપૂર્ણપણે ખાખ થઈ જતાં સંબંધિત વાહનમાલિકોને લાખો રૂપિયાનું માતબર આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. એકસાથે ગાડીઓ ભસ્મીભૂત થઈ જતાં માલિકોના ચહેરા પર નિરાશા અને આઘાત છવાઈ ગયો હતો.

બીજી બાજુ, રહેણાંક સોસાયટીઓના કોમન પાર્કિંગમાં આ પ્રકારે અચાનક આગ લાગવાની અને એકસાથે અનેક વાહનો સળગી જવાની આ ઘટનાએ શહેરી વિસ્તારોમાં વાહનોની સુરક્ષા, ઇલેક્ટ્રિફિકેશન, શોર્ટ સરકિટ અને આગ સામેની સાવચેતી અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે. પ્રથમ કારમાં આગ કયા ટેકનિકલ કારણોસર, શોર્ટ સર્કિટથી કે અન્ય કોઈ અગમ્ય વજૂહતથી લાગી તે અંગે હાલ પોલીસ અને ફાયર વિભાગ દ્વારા સઘન તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે, જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન અટકાવી શકાય.

વગર મંજૂરીએ ધમધમતી અંબિકા વિદ્યાલયની બ્રાન્ચ સીલ, DEOનો સપાટો

શિક્ષણ માફિયાઓ બેફામ : અંબિકા સ્કૂલને ૨ લાખનો દંડ

૮૦ ફૂટ રોડની સ્કૂલના સંચાલકોએ કેરાલા પાર્કમાં ચલાવવાનું શરૂ કર્યું હતું 'ભૂતીયું' ધોરણ ૧ થી ૮ નું યુનિટ; તંત્રે ફટકાર્યો ૨ લાખનો દંડ અને ૧૦ દિવસમાં યુનિટ બંધ કરવા આદેશ

રાજકોટ, તા. ૬

રાજકોટના શિક્ષણ જગતમાં વ્યાપેલા ગેરકાયદે કૌભાંડો અને મનસ્વી વહીવટ સામે જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) તંત્ર દ્વારા લેવાયેલા કડક અટકાયતી પગલાંથી સંચાલકોમાં ભારે સન્નાટો વ્યાપી ગયો છે. શહેરના ૮૦ ફુટ રોડ પર આવેલા ભક્તિનગર સર્કલ નજીક ધમધમતી અંબિકા વિદ્યાલયને માત્ર તેના મૂળ સરનામા પૂરતી જ ધોરણ ૧ થી ૮ ગુજરાતી માધ્યમના શિક્ષણ માટેની સરકારી મંજૂરી આપવામાં આવી હતી. પરંતુ, આ શાળાના સંચાલકોએ શૈક્ષણિક નિયમો અને કાયદાકીય જોગવાઈઓને સાવ કોરે મૂકીને શિક્ષણ વિભાગની કોઈ પણ પ્રકારની સ્થળ ફેરફાર કે નવી શાખા શરૂ કરવાની પરવાનગી લીધા વિના જ યુનિવર્સિટી રોડ પર આવેલા કેરાલા પાર્ક ખાતે ધોરણ ૧ થી ૮નું આખું અલગ યુનિટ ઊભું કરી દીધું હતું. શિક્ષણના નામે ચાલતી આ ગેરકાયદેસર દુકાનનો ખુલાસો ત્યારે થયો જ્યારે આ જ સ્કૂલના ધોરણ ૮ના એક વિદ્યાર્થીને કેરાલા પાર્કના સરનામે આવેલી કથિત પ્રીમિયમ સ્કૂલના નામવાળું લિવિંગ સર્ટિફિકેટ (LC) આપી દેવામાં આવ્યું હતું. આ ગંભીર બાબતે આધાર-પુરાવા સાથે લેખિત રજૂઆત કરવામાં આવતા જાગેલા જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા એક ખાસ તપાસ કમિટીની રચના કરવામાં આવી હતી. કમિટીની તપાસ અને તંત્ર દ્વારા યોજાયેલી સત્તાવાર હિયરિંગ સુનાવણી દરમિયાન અંબિકા વિદ્યાલયના સંચાલકે પોતાની આ ઘોર બેદરકારી અને નિયમભંગની ભૂલ કબૂલી લીધી હતી, જેના પરિણામે તપાસના અંતે શિક્ષણ વિભાગે રૂ. ૨ લાખનો માતબર દંડ ફટકારી આકરી કાર્યવાહી કરી છે.

તંત્ર દ્વારા કરવામાં આવેલી આ દંડનાત્મક કાર્યવાહીમાં બે મુખ્ય કારણો દર્શાવવામાં આવ્યા છે. જેમાં ૮૦ ફુટ રોડ પરની મૂળ અંબિકા વિદ્યાલયના માન્ય નામનો ગેરકાયદેસર રીતે કેરાલા પાર્ક ખાતે દુરુપયોગ કરવા બદલ રૂ. ૧ લાખ અને શિક્ષણ વિભાગની મંજૂરી વગર કેરાલા પાર્કના બિલ્ડિંગમાં માસૂમ વિદ્યાર્થીઓને બેસાડી



ભણાવવા બદલ રૂ. ૧ લાખ એમ મળીને કુલ રૂ. ૨ લાખનો કડક દંડ ફટકારવામાં આવ્યો છે. આ સાથે જ ઉઊઘ કચેરીએ આદેશ કર્યો છે કે જો શાળા સંચાલકો દ્વારા આગામી ૧૦ દિવસની અંદર આ દંડની રકમ સરકારી તિજોરીમાં જમા નહીં કરાવવામાં આવે તો ત્યાર પછીથી દૈનિક ધોરણે વધારાના રૂ. ૨૦,૦૦૦નો દંડ વસૂલ કરવામાં આવશે. એટલું જ નહીં, કેરાલા પાર્ક ખાતે વગર મંજૂરીએ ધમધમતા ધોરણ ૧ થી ૮ના આ ગેરકાયદેસર યુનિટને તાત્કાલિક અસરથી કાયમ માટે બંધ કરવાનો હુકમ પણ છોડવામાં આવ્યો છે અને ત્યાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ બગડે નહીં તે માટે તેઓને તાત્કાલિક અન્ય માન્યતાપ્રાપ્ત શાળાઓમાં પ્રવેશ મેળવી લેવા સૂચના આપવામાં આવી છે.

બીજી તરફ, શિક્ષણ ક્ષેત્રે જાગૃત નાગરિકો અને દીક્ષિત પટેલ દ્વારા કરવામાં આવેલા આક્ષેપો મુજબ, રાજકોટ શહેરમાં શિક્ષણ પ્રશાસનની ઘોર નિષ્ક્રિયતા અને મિલીભગતને કારણે આવી અનેક ડમી અને ભૂતિયા શાળાઓ બેરોકટોક ચાલી રહી છે. અગાઉ પણ 'ન્યુ ફ્લોરા' સ્કૂલ સામે પુરાવા સાથે રજૂઆતો કરવામાં આવ્યા બાદ જ તેને બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રકરણમાં રજૂઆતકર્તાઓએ ગંભીર આરોપ લગાવ્યો છે કે આ ગેરકાયદે યુનિટ સામે કાયદેસરની રજૂઆત કરાયા બાદ પણ જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દ્વારા તુરંત પગલાં લેવાને બદલે પૂરા ૧૦૦ દિવસ સુધી આ મામલાને લટકાવી રાખવામાં આવ્યો હતો અને ઊંઘતું ઝડપાયેલું તંત્ર આટલા લાંબા સમય પછી જાગ્યું હતું. વધુમાં એવી પણ ચોંકાવનારી વિગતો સામે આવી રહી છે કે આ સમગ્ર પ્રકરણમાં ઉઊઘ કચેરીના જ એક મહિલા એજ્યુકેશન ઇન્સ્પેક્ટર દ્વારા મામલો રફેદફે કરવા અને આ ગેરકાયદે ખેલ ચાલુ રાખવા માટે રૂ. ૨૫ થી ૩૦ લાખનો મોટો 'તોડ' કરવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો થયા છે. શિક્ષણ જગતને શરમજનક સ્થિતિમાં મૂકતા આ ભ્રષ્ટાચાર અંગે આગામી દિવસોમાં ગાંધીનગર ખાતે રાજ્યના શિક્ષણ મંત્રીને રૂબરૂ રજૂઆત કરી રાજકોટમાં ધમધમતી આવી તમામ ડમી તેમજ ભૂતિયા શાળાઓના રેકેટનો પર્દાફાશ કરવાની ચીમકી આપવામાં આવી છે.